સુન્દરી સુબોધની ૨૩ મા વર્ષની ભેટ.

અનંગભસ્મ.

ભાષાન્તર કર્તા

સાકરલાલ અમૃતલાલ દવે.

બી. એ.

જ્ઞાનમન્દિર પ્રેસ અમદાવાદ.

સચિત્ર સુન્દરી સુબોધ

(કોઈ પણ નિર્દોષ બાલિકા અથવા યુવાનને પૂર્ણ ખાત્રીથી વાંચવા આપી શકાય એવું આ માસિકપત્ર છે.)

દરેક અંકમાં શું આવે છે.

૧. વિવિધ પ્રકારનાં સુન્દર ચિત્રો, મનોહર છબીઓ.

૨. સુબોધક, આનન્દન, રસીલી વાર્તાઓ-નવલકથાઓ.

૩. સમાજ, સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ખાસ વિષયો.

૪. વિદ્યા-કલા-વૈદક: પાકશાસ્ત્ર-ગૂંથણકલા.

૫. ગૃહ-ધર્મ વિષે અને એવાં અનેક ઉપયોગી લખાણ.

૬. હિન્દુસ્થાનમાં અને દુનિયામાં બનતા બનાવો.

૭. કાવ્યો, ગીતો, ગરબીઓ, ગરબાઓ.

૮. બાલકો માટે વાર્તાઓ કવિતા, ઉખાણા, રમુજ, વગેરે.

૯. જુદા જુદા દેશોમાં મુસાફરી, યાત્રાનાં વર્ણન.

૧૦. ગમ્મતનાં લખાણ, ઉત્તમ વિષયોના ઉતારા, ઉપયોગી પુસ્તકોનો સાર, ચાલુ ચર્ચા, અંગત સાંસારિક અનુભવોની નોંધ વગેરે.

દર વર્ષે ઉત્તમ લેખકોથી લખાયલો, અનેક સુન્દર ચિત્રોથી શણગારાયલો, મ્હોટો ખાસ અંક પ્રકટ કરવામાં આવે છે.

સચિત્ર સુન્દરી સુબોધ.

સ્ત્રીઓ, બાળકો અને કુટુમ્બીજન માટે પ્રકટ થતું:
સસ્તામાં સસ્તું-મ્હોટામાં મ્હોટું-લોકપ્રિય માસિક પત્ર.

બે કદમાં બ્હાર પડે છે.

૧૦૦ પાનાંનું સચિત્ર માસિક-લવાજમ સ્હાડા ત્રણ રૂપિયા.

૩૨ પાનાંનું સચિત્ર માસિક-લવાજમ-દોઢ રૂપિયો.

(હિન્દુસ્થાનની બ્હાર છ શીલિંગ અને ત્રણ શીલિંગ.)

દરેક કદના ગ્રાહકને ભેટનું પુસ્તક તથા ખાસ અંક મળે છે.

આ માસિકનું નવું વર્ષ જાન્યુઆરીથી શરૂ થાય છે.

નમૂનો મંગાવો:

નીચેને સરનામે લખો:—

સુન્દરી સુબોધ મન્દિર-અમદાવાદ.

અનંગભસ્મ.

પ્રોફેસર એફ. ડબ્લ્યુ. બેહનના

અંગ્રેજી પુસ્તક ઉપરથી-

અનુવાદ કરી પ્રસિદ્ધ કરનાર,

સાકરલાલ અમૃતલાલ દવે,

બી. એ.

(આસ્તોડિયા ચકલા પાસે-અમદાવાદ.)

गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।

પ્રથમ આવૃત્તિ : ૩૫૦૦ નકલો.

મૂલ્ય : રૂ. ૦-૯-૦.

અમદાવાદ : રીચીરોડ

ધિ ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં તેના માલિક શા. સોમાલાલ
મંગળદાસે છાપ્યું.

ઈ. સ. ૧૯૧૬.

પ્રસ્તાવના.

પૂનાની ડેક્કન કૉલેજના પ્રોફેસર એફ. ડબ્લ્યુ. બેઇને અંગ્રેજી ભાષામાં અતિમનોહર ૧૧ વાર્તાઓ લખી છે. આમાંની એક સુન્દર [૧]વાર્તા આપણા ગુજરાતના સાક્ષરકવિ રા. નરસિંહરાવ ભોળાનાથનાં સ્વ. પુત્રી સૌ. ઊર્મિલાએ આપણી સમક્ષ રજૂ કરી છે. એ પુસ્તકનું અવલોકન કરતી વખતે પ્રો. આનન્દશંકર ધ્રુવે લખ્યું હતું, કે [૨] "પ્રોફેસર બેઇને, પ્રાચીન સંસ્કૃત સાહિત્યનાં પોતાને અમુક હસ્તલિખિત પુસ્તકો મળ્યાં છે અને તેનું પોતે ભાષાન્તર કરે છે એમ આ વાર્તાઓ સંબન્ધે કલ્પના કરી છે—અને એ કલ્પના રસિક ભ્રાન્તિ ઊપજાવવામાં એવી તો સફળ થઇ છે કે કેટલાક વાચકો આ પ્રાચીનતાના આરોપને યથાર્થ માનીને પૂછે છે કે– 'પ્રોફેસર બેઇન આ હસ્તલિખિત પુસ્તકો કેમ છપાવતા નથી?'!" આ વાર્તાઓ પૈકી પ્રથમલિખિત [૩]વાર્તાની પ્રસ્તાવનામાં લેખકે લખ્યું છે, કે પૂનાના પ્રથમ પ્લેગ વખતે મેં એક દક્ષિણી બ્રાહ્મણને કંઇક મદદ કરી હતી તેના બદલામાં તેણે મરતી વખતે મને એક સંસ્કૃત હસ્તલિખિત ચોપડો ભેટ આપ્યો. એ કાવ્યનું નામ **संसारसागरमन्थनम्**. તેના ૧૬ ભાગ છે; અને એમ જણાય છે કે પ્રો. બેઇન બધી મળીને ૧૬ વાર્તાઓ લખશે. ચન્દ્રની ૧૬ કળાઓ ઉપરથી તેના ૧૬ ભાગ પાડેલા છે. એ બધી વાત વાંચતાં એ આખી રસિક કલ્પના જ છે એમ લાગે છે. છતાં કેટલાક વાચકોની ખાતરી થતી નથી. વળી, 'સુન્દરી સુબોધ'ના નવેંબર ૧૯૧૪–ના અંકથી શરૂ થએલી અંગ્રેજી નહિ જાણનાર એક લેખકે લખેલી 'કનક-મંજરી' નામની એક વાર્તા મિ. બેઇનની એક વાર્તાને તદન મળતી આવે છે એમ એક મિત્ર તરફથી સૂચવવામાં આવ્યું છે. છતાં, વિરુદ્ધ પ્રમાણ ન મળી આવે ત્યાંસુધી સંસ્કૃત વાઙ્મયમાં નિષ્ણાત આપણા વિદ્વાન પ્રોફેસરનો મત સ્વીકારવો એ જ કર્તવ્ય છે. પ્રકૃત[૪] ગ્રન્થના ભાષાન્તરની રજાને માટે મેં મિ. બેઇનને લખેલું ત્યારે આ વાતનો ઇશારો કર્યો હતો. પણ પોતાના ઉત્તરમાં તેઓ એ સંબન્ધે મૌન ધારણ કરે છે.

---

૧. ઉષાનન્દિની. ૨. વસન્ત, માઘ સં. ૧૯૭૧.

૩. A Digit of the Moon.

૪. The Ashes of a God.

આ વાર્તાઓનું સ્થૂળ મૂળ સંસ્કૃતમાં હો વા ન હો, પરંતુ તેઓ સૂક્ષ્મરૂપે તો આપણા સંસ્કૃત મધ્યકાલીન યુગની પૂર્વેની સ્થિતિનું આપણને ભાન કરાવે છે. આ કથાઓમાં અતિશય સાદાઈ અને અપૂર્વ રસિકતા છે. कादम्बरीમાં પરિપાક પામતી મધ્યયુગના લખાણની કૃત્રિમતા, નીરસ શ્લેષોની જમાવટ, કંટાળો આપનાર લાંબા લાંબા અનન્ત સમાસોની જાળ— આ સર્વથી આપણી આ કથાઓ વિમુક્ત છે. અને તેમાં જ એમની મનોહરતા રહેલી છે.

પ્રકૃત કથાના મુખ્ય મુદ્દા બે છે: (૧) સાચો સ્નેહ અને (૨) સાચો વૈરાગ્ય. સાચો સ્નેહ 'પ્રબળ પવનને પણ માથું નહિ નમાવનાર ખડક જેવો' હોવો જોઇએ એમ કહી, લેખક સ્પષ્ટ સમજાવે છે કે સાચા સ્નેહમાં શંકાને કે વહેમને બિલકુલ સ્થાન નથી. પોતાના પ્રેમપાત્ર પર વહેમની નજરે જોનાર પ્રેમીજન સાચો પ્રેમી નથી. શુદ્ધ સાત્ત્વિક પ્રેમીઓ ગંગાજળ જેવાં નિર્મળ હોઈ વગર વહેમે ને વગર શંકાએ પરસ્પર અનુરક્ત હોય છે. અંગ્રેજ લેખક ગોલ્ડસ્મિથે કહ્યું છે, કે જે સદાચારની પાછળ હમેશ ચોકી-પેરો મૂકવો પડે તે તે સદાચાર કહેવાય ?[1]

વળી, સાચો વૈરાગ્ય 'કેવળ પોતાના સ્વભાવને જ લીધે—દંભને લીધે નહિ—ઊંચે આકાશની અગમ્ય શાન્તતામાં ઊડતા ખગ સમાન' હોવો જોઇએ. સંસારમાં આપણું ધાર્યું ન થાય, અથવા કોઇ કારણસર ક્રોધ કે મોહનો આવેશ ચઢી આવે અને તે આવેશ શમે તે પહેલાં આપણે સંસારને અસાર માની તજી દેવાનો નિશ્ચય કરીએ, તો આપણો વૈરાગ્ય સાચો વૈરાગ્ય નથી, પણ એક ક્ષણિક પરપોટા સમાન હોઇ કોઇ કાળે ફૂટી જઇ આપણને પાછા સંસારમાં—ઘણીવાર પાપમાં—સપડાવશે. અને આવા ખોટા સંન્યાસીઓની આપણે ત્યાં ક્યાં ખોટ છે ?

મહાદેવે કામદેવને બાળી મૂકી અનંગ બનાવ્યો—એ કથા સર્વને સુવિદિત છે. પ્રો. બેઇન કહે છે, કે પતિના વિનાશને લીધે રતિએ જે વિલાપ કર્યો (અને જે કાળિદાસે છાનોમાનો [2]સાંભળી લીધો) તેની બિલકુલ જરૂર નહોતી. બિચારી રતિ કદાચ જાણતી નહોતી કે પોતાની ભસ્મમાંથી પાછા સજીવન થવાનું સામર્થ્ય કામદેવમાં રહેલું જ હતું.

---

૧. 'That virtue which requires to be ever guarded is scarce worth the sentinel.'

૨ कुमारसंभव, सर्ग ૪.

અનંગની ભસ્મ—એ અલૌકિક ભસ્મ છે. સામાન્ય ભસ્મની પેઠે તે સદા ભસ્મ જ રહેતી નથી; અનુકૂળ સંજોગ પ્રાપ્ત થતાં તે ભસ્મમાં રહી ગએલા તણખા પાછા અગ્નિસ્વરૂપે પોતાનું પોત પ્રકાશે છે. અને આ જ અર્થમાં સ્નેહ અમર છે.

માટે જ્યાંસુધી મનુષ્ય જિતાત્મા થઇ શકે નહિ અને સંસારની વાસનાનું [1]સ્મરણ ટાળી શકે નહિ, ત્યાંસુધી વૈરાગ્યનો વિચાર કરવો એ એક ખોટો વિચાર છે. સંસારમાં અસક્ત થઇ શકાય એટલે એની મેળે જ વૈરાગ્યની ભાવના—અને આ વખતે સાચી ભાવના—ઉત્પન્ન થશે. અને સાચા વૈરાગ્યને માટે સંસારનો બાહ્ય ત્યાગ પણ જરૂરનો નથી.

એ ઉપરાંત, વિષયાં પુરુષની કેવી દશા થાય છે એ આપણી કથામાં રુરુ રાજાના દૃષ્ટાંતથી સૂચવાયું છે; અને અબળા દેખાતી સ્ત્રીજાતિમાં પોતાનું શીયળ સાચવવાનું કેવું નૈસર્ગિક અદ્ભુત સામર્થ્ય રહેલું છે, એ આપણને વત્સતરી સચોટ શીખવે છે.

આ જાતની લઘુ વાર્તાઓ એકી બેઠકે વાંચવી ઇષ્ટ છે; કેમકે તેમ ન કરવાથી કથાની ગોઠવણનો ક્રમ લુપ્ત થાય છે અને તેથી વાર્તાનું સૌન્દર્ય કંઇક ઓછું ગ્રાહ્ય બને એવો સંભવ રહે છે.

છેવટે, પ્રો. બેઇનની રસિક વાર્તાઓ તરફ મારૂં લક્ષ દોરવા માટે સ્વ. સૌ. ઊર્મિલાનો હું આભારી છું: આ વાર્તાનું ભાષાન્તર કરવાની પરવાનગી સત્વર અને ઉદારભાવે આપવાને માટે પ્રો. બેઇનના આભારનો ભાર મારે માથે છે: અને 'સુન્દરી સુબોધ'ના તન્ત્રીએ મારી વિનંતી સ્વીકારી આ પુસ્તક ભેટ તરીકે છપાવવાનું કબૂલ્યું તે માટે તેમનો પણ ઉપકાર માનવાની અત્ર રજા લઉં છું.

અમદાવાદ. 30-3-૧૯૧૯. } સા. અ. દવે.

---

૧ સંસ્કૃતમાં 'કામ'નો એક પર્યાય શબ્દ 'સ્મર' છે.

સર્વે સુન્દરીઓને

સમર્પિત.

શુદ્ધિ.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૮	૧	પૂવ વત	પૂર્વવત
૨૨	૨૪	યોનિને।	યોનિને.
૨૫	૨૨	ક્ય જા ધ્રું	ક્યાં જાઉં છું
,,	૨૮	જાઉશ ?	જાઉશ.
૨૬	૧૯	તેવ	તેવી.
૪૦	૧૪	નથ	નથી.
૪૨	૩	તા	તારૂં
,,	૪	વરવો	વરવો જ
,,	૫	ર	વાર
૫૪	૨૭	પહેલો ખણ્ડ	ધારણમાં
૫૭	૨૧	તેના	તેની
૬૦	૨૪	સંભળાવ્યું.	સંભળાયું.
,,	છેલ્લી	ચારી	ચોરી
૬૨	૧૩	પૂવ વત	પૂર્વવત

અનુક્રમણિકા.

પુણ્યપુંજ.

સ્તુતિ.

હે કપાલવિભૂષિત દક્ષસંહારક મહેશ્વર, જે ચન્દ્રલેખાનું રૂપેરી તેજ તારા જટાજૂટના વનની છાયામાં થઇને કુલસ્ત્રીની પેઠે બ્હીતે બ્હીતે છાનુંમાનું બહાર સરી જાય છે, અને તારા ચરણે સાષ્ટાંગ પ્રણામ કરતી ત્રિલોકીની ઉચ્ચોચ્ચ પીઠ પર નીલ-નિસ્તેજ આશીર્વાદ રૂપે અન્તે પડે છે, તે તારા મુગટરૂપે રાજતી ચન્દ્રલેખાની કાન્તિની ભક્તિને વળગીને, કાલોદધિના મોજાંમાં ડૂબતાં ડૂબતાં, અમે ટકી રહીએ છીએ.

૧.

ઉત્તર દિશામાં ઘણે દૂર, હિમાલયની ખડબચડી બાજુઓમાં અર્ધ ઢંકાએલું એક નહાવાનું પવિત્ર સ્થાન આવેલું છે. તે મહાદેવનો અતિપ્રિય અવાસ છે. ત્યાં ગિરિવરના એક ખડકવાળા કોતરમાં થઇને ગંગા નીચે કૂદી પડે છે, અને બહાર મેદાનમાં ધસી જાય છે. જમના અને સાગર સાથેના ભાવી સંગમના વિચારે હસતી હોય તેમ ફીણને લીધે તે દેખાય છે. આ જગાએ ઘણા કાળ પૂર્વે એક દહાડો સાંજે એવું બન્યું, કે તે અતિપવિત્ર નદીના તટ પર બે બ્રાહ્મણો પોતાની વડાઇ કરતા કરતા ચડભડી પડયા, અને કજીઓ કરવા લાગ્યા. બન્ને જણે ઘણો વખત ફોગટ માથાં ફોડયાં: એક કહે કે હું વધારે કુલીન, ને બીજો કહે કે હું વધારે કુલીન. આખરે એક બોલ્યો: આ અક્કલ વગરની વાત જવા દો ! ખરે બપોરે સૂર્યપ્રકાશ વિષે આંધળા સિવાય બીજો કોણ તકરાર કરશે ? અથવા અગસ્ત્યગોત્રી મારા કુળ સાથે તારૂં કુળ બરાબરી કેમ કરી શકે ? એટલે બીજાએ તિરસ્કારથી કહ્યું: તું કહે છે તેની તું પોતે જ સાખ પૂરે છે; મારા ધારવા પ્રમાણે તારા જેવા ગઠ્ઠાના મૂળ પૂર્વજો બાલખિલ્યો[૧]જ હોવા જોઇએ. પહેલાએ ગુસ્સે થઇ જવાબ દીધો: તારા જેવા પશુના નિરુપયોગી મોટા પિંડમાં ભરાએલા ગઠ્ઠા જીવ કરતાં અગસ્ત્યનું ઠઠ્ઠું શરીર ઘણું સારૂં. એટલે એકદમ તેના સામાવાળાઓએ તેના ઉપર ધસી આવી તેને લાત મારી, અને મોટે સાદે બોલ્યો: હેં ! તું મને પશુ કહેનારો ? તો ચાખ મારી ખરીનો સવાદ. પણ તારા અગસ્ત્યની કિંમત તો ધૂળ બરાબર પણ નથી ! પશુપતિ[૨] પણ જોઇ રહે એવી અદ્ભુત તપશ્ચર્યા વડે હું મોક્ષ મેળવવાની તૈયારીમાં છું; તો પછી તારા અગસ્ત્યનો મારે શો હિસાબ ?

આ પ્રમાણે આ બે મૂર્ખાઓ લઢતા હતા તે વખતે દૈવજોગે એવું બન્યું, કે ચરાચર પ્રાણીઓના પતિ—સાક્ષાત પશુપતિ—તેમના માથા ઉપર થઇને ગૌરીસહિત આકાશમાર્ગે જતા હતા. પૃથ્વી પરના પોતાના નિવાસસ્થાન, ગગનચુંબી પ્રાસાદોવાળા ઉજ્જૈનથી તેઓ પોતાને ઘેર કૈલાસ તરફ સીધાવતા હતા. આ બખેડો જોઇ તે એકાન્ત સ્થળમાં પોતે ખડખડ હસી પડયા. અટ્ટહાસને વજ્રપાત ધારી પેલા બન્ને બેવકૂફો સામસામી દિશામાં અતિશય ત્વરાથી પલાયન કરી ગયા. તેમને નાસી જતા જોઇ પાર્વતીએ

૧. અંગૂઠા જેટલા નાના દેવી પુરુષો. અગસ્ત્ય ઘણા ઠીંગણા હતા.
૨. શિવ; સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ.

શિવને કહ્યું: પેલા મૂર્ખ બ્રાહ્મણોની અતિનિન્દ્ય વર્તણુકથી તમને હસવું આવે એ યોગ્ય જ છે. મહેશ્વર બોલ્યાઃ ના, હું તેથી હસ્યો નથી. આ હાસ્યપાત્ર મર્ત્ય લોકો ઘણુંખરૂં આવી જ રીતે લઢે છે. બુદ્ધિનો ઉપયોગ કરવાને બદલે દર્પ, અભિમાન, ને ક્રોધથી અન્ધ બનીને તેઓ ગાળાગાળી ને મારામારીનો પણ ઉપયોગ કરે છે. અને આવા પ્રત્યેક દૃષ્ટાન્તથી હું હસ્યા કરૂં, તો મારે રાતદિવસ હસ્યા જ કરવું પડે. કેમકે આવી દલીલોનો કદી અન્ત આવતો જ નથી. પછી પાર્વતીએ પૂછ્યું: ત્યારે તમે શું હસ્યા ? ચન્દ્રશેખર ધીમે રહીને બોલ્યાઃ પેલા શેખીખોર બ્રાહ્મણના અજ્ઞાનથી ચકિત થઇ હું તો હસ્યો. હમણાં જ એણે કહી એવી તપશ્ચર્યામાં તેના એક પૂર્વજન્મમાં તે તદન નિષ્ફળ નીવડયો હતો. આ વાત તે બિલકુલ ભૂલી ગયો છે, અને સ્વપ્નમાં પણ ધારતો નથી કે તે મોક્ષ તરફ નહિ પણ તેથી વિમુખ થઇ આથડે છે. કારણ કે હાલના જન્મોનાં તેનાં સર્વ કૃત્યો એક પછી એક પગથીઆ રૂપે થઇ તેને જન્મમરણના ખાડામાં ઉતારે છે; અને એ ખાડામાંથી ફરીને બહાર નીકળવું તેને ઘણું મુસ્કેલ થઇ પડશે. કોઇ જીવનો વિનિપાત થવા માંડે છે, ત્યારે તેને પાછો ઉન્નતિને માર્ગે ચઢાવવો, અગર તેને તે સ્થિતિમાં પણ રાખવો, ઘણું જ દુષ્કર કામ છે; કેમકે પ્રત્યેક નવી ભૂલ તેના બોજામાં ઉમેરો કરે છે અને તેની અધોગતિને ત્વરિત કરે છે. હવે જો તે જીવ આ વાત જાણે, તો પોતાની પાપી વૃત્તિઓને ફેરવવા માટે અનેક જન્મો ધારણ કરી, એક અનન્ત નિર્જળ રેતાળ મેદાન જેવા આ ભવમાં હજારો વર્ષો સુધી પોતાને રખડવું પડશે–એ વિચારથી તે આભો જ બની જશે. કર્મરૂપી મહાસાગરનાં મોજાં તેના માથા ઉપર ઉછળી રહ્યાં છે; અને પોતે જ ઉત્પન્ન કરેલા પાપરૂપી ચીકણા કાદવના અગાધ ખાડામાં નીચે ને નીચે ઉતરતા એક પથ્થર જેવી તેની સ્થિતિ થઇ રહી છે.

પાર્વતીએ પૂછ્યું: તેની શેખી સાથે વિરોધ ઉત્પન્ન કરનારી તે તપશ્ચર્યા કેવી હતી, કે જેના વિચારથી તમને આ પ્રમાણે હસવું આવ્યું ? મહાદેવે કહ્યું: એ કથા ઘણી લાંબી છે; હું હમણાં જ શરૂ કરૂં, તોપણ આ ગતિએ ચાલતાં આપણે કૈલાસ પહોંચીએ ત્યાર પછી ઘણી વારે પૂરી થાય. પણ મને લાગે છે કે મારે તને આખી વાત કહેવી જ જોઇએ; તેથી હું આપણી ગતિને એવી અનુકૂળ કરીશ કે આપણે કૈલાસ પહોંચીએ અને વાર્તા પૂરી થાય. વળી, ઉતાવળે ચાલવું એ પણ ઠીક નથી. મારા ચન્દ્રનું તેજ નિહાળવું મને ગમે છે. તે તારા પિતાની પ્રચંડ ખીણોની છાયાવાળી કરા-

ડામાં ચોરની પેઠે છાનુંમાનું ભરાઇ જાય છે, અને સૂર્યાસ્ત વખતે તેની બાજુઓમાં પથરાઇ રહેલી રંગબેરંગી સાડ્ડી ખસેડી નાંખી, તેને બદલે મૃત્યુના શીતળ વાતાવરણ જેવી પોતાની ઠંડી મ્લાન ફિક્કાશ .તેમના ઉપર પાથરે છે.

૨.

હે હિમસુતા, સાંભળ ત્યારે. ઘણા કાળ પૂર્વે તેના એક પૂર્વજન્મમાં આ શેખીખોર એક બ્રાહ્મણ હતો. તેનું નામ તૃષોદધિ હતું, અને તે વંશ-પરંપરાથી રુરુ નામના એક રાજાનો પ્રધાન હતો. અને વાત એમ હતી, કે આ રુરુ રાજા નાનપણમાં અતિશય લાડને લીધે બગડયો હતો. પોતે જુવાનીમાં હતો ત્યારે તેની રાણી તેને બદચાલની માલૂમ પડી. તેથી તેને સ્ત્રી માત્ર ઉપર તીવ્ર ધિક્કાર ઉપન્યો. પણ આશ્ચર્યની વાત છે, કે એ ધિક્કાર પ્રેમના રૂપમાં પલટાઇ ગયો. એક સ્ત્રીના દોષને લીધે આખી સ્ત્રી જાતિ ઉપર વેર લેવા ઇચ્છતો હોય તેમ, તેણે મત્ત મધુકરની પેઠે કામાન્ધ થઇને ફૂલે ફૂલે ભટકવા માંડયું; પોતાનું મન ચોંટે તે દરેક સ્ત્રીને પ્રેમ દર્શાવવા લાગ્યો, અને જેવી તે પોતાની થઇ કે તરત જ તેને લાત મારી હાંકી કાઢતો. તે રાજા હતો એટલા માટે જ નહિ, પણ અતીવ કાન્તિમાન પુરુષ હતો તેથી વિશેષ કરીને, તેના રાજ્યની ઘણીખરી સ્ત્રીઓ તેના ઉપર મોહિત થયા વગર રહી નહિ. આ પ્રમાણે તેણે એક ભયંકર પ્લેગની પેઠે પોતાના રાજ્યની સ્ત્રીઓને ધીમે ધીમે ખરાબ કરી. પોતાની પત્નીની કુચાલને લીધે તે રાજા એક સારો માણસ મટીને દુષ્ટ થઇ ગયો. રાજ્યના સર્વ પતિઓ અને પિતાઓને તેનો ભય રહેતો હતો; તેના પ્રધાન તૃષોદધિને સવિશેષ ભય રહેતો હતો. કારણ કે તૃષોદધિ થોડા જ સમય ઉપર વત્સતરી[1] નામે એક પોતાથી ઘણી નાની સ્ત્રીને પરણ્યો હતો. તે સ્ત્રીનું નામ સાર્થક હતું, કેમકે યૌવન અને લાવણ્યમાં તે બીજના ચન્દ્રની શિંગડીઓ જેવી હતી. બીજનો ચન્દ્ર અને પૂનમનો ચન્દ્ર—એ બે અવર્ણ્ય સ્થિતિઓ વચ્ચે જેમ ચન્દ્રમા મહાલે છે, તેમ તે સ્ત્રી મુગ્ધાવસ્થામાં મહાલતી હતી. છતાં, ચન્દ્રથી વિરુદ્ધ વર્તીને, તે પોતાના પતિ સિવાય કોઇને દૃશ્ય હતી નહિ. તેના અદ્‌ભુત લાવણ્યને લીધે તેમજ પોતાના પાકટ વયને લીધે, તૃષોદધિની સ્વાભાવિક ઇર્ષ્યામાં ઘણો વધારો થયો હતો. દુનિયાના બધા જ પુરુષોથી, અને પોતાના રાજાથી સવિશેષ, તે બ્હીતો; પત્ની રખે રાજાની નજરે ચઢે

૧. વહાલી; વાછરડી.

એવી ધાસ્તીમાં ને ધાસ્તીમાં તે નિરન્તર રહેતો. એક અણમોલ મોતીની પેઠે પત્નીને બીજા કોઇની આંખે ચઢવા દેતો નહિ. તેની પાછળ ઘેલો ઘેલો થઇ જતો હતો; છતાં નાછૂટકે ઘણી વાર એકલી મૂકી તેને જવું પડતું. કેમકે, કામાન્ધ અવસ્થામાં પૂરપાટ દોડતા રાજાએ સર્વ રાજકાર્ય છોડી દઇ પ્રધાનને શિર નાંખ્યું હતું, અને કામનો બોજો ઘણો વધી જવાથી પત્નીને માટે થોડો થોડો સમય જ તૃષોદધિને મળતો. છતાં, પોતે તેની પાસે ના હોય ત્યારે ઇર્ષ્યા ને ભયથી તેને અત્યન્ત દુઃખ થતું. તેવી દશામાં, પત્નીની અનેક છબીઓ તે કલ્પતો, પોતાની ગેરહાજરીમાં તેમની આસપાસ વીંટળાએલા અનેક જાર જોતો, અને વળી તે પ્રત્યેક જાર રુરુ રાજા જ હોય તેમ માની લેતો; જાણે કંસારાતિની[1] પેઠે રુરુ રાજા મરજીમાં આવે તેટલાં સ્વરૂપ ધારણ કરી શકતો ન હોય ! વત્સતરી, વસ્તુતઃ, અશ્રુબિન્દુ કરતાં પણ વધારે પવિત્ર હતી; તોપણ તેના પતિના મનમાં અનેક શંકાઓ રહેતી. આ શંકાઓ તેના વિહ્વળ આત્માના કર્ણમાં મધમાખીઓની પેઠે ગણગણાટ કર્યા કરતી, અને તે લોભી ને આગ્રહી માખીઓના ઝપાટામાંથી પોતાના મધુરસપૂર્ણ નીલ કમળને માળીની પેઠે બચાવવાના પ્રયત્નમાં ને પ્રયત્નમાં તે લગભગ ગાંડા જેવો થઇ ગયો. બને તેટલા નિર્ભય સ્થાનમાં તેને રાખવાના હેતુથી, એક કિલ્લા જેવા મકાનમાં ઊંચા કોટથી સુરક્ષિત બાગમાં તેને પૂરી રાખતો, અને જ્યારે જ્યારે તે તેને મળવા જતો ત્યારે ત્યારે તેનું હૃદય ચિન્તાથી કંપતું, કે રખે તેની હંમેશની ભીતિ ખરી ઠરે. અને ખરેખર એમ જ થયું. એક દિવસ રોજના નિયમ કરતાં ઘણો વહેલો કામ પરથી પરવારીને તે ઘેર આવ્યો, અને તેની શંકાઓ સાચી ઠેરવવાનું દૈવે નિર્ધાર્યું હોય તેમ, પોતાની પત્ની વિનોદને માટે હંમેશ ફરતી હતી તે બાગમાં પેઠો, અને જુએ છે તો તેને રાજાના ભુજયુગલમાં જ દીઠી.

આવું જોઇને, એક ક્ષણ ભર તે જોડા સામે ટકટક જોતો શાંત ઊભો રહ્યો. તેની આંખોમાં એકાએક અત્યન્ત આશ્ચર્ય, પછી અત્યન્ત દુઃખ, પછી અત્યન્ત ક્રોધ, ને છેવટે અત્યન્ત શીતળતા વ્યાપી રહી. પછી, ધીમે ધીમે મનમાં નીચે પ્રમાણે બોલતો બોલતો ત્યાંથી ચાલતો થયો : હે દુઃખી અજ્ઞો, મારે શામાટે આશ્ચર્યચકિત થવું, અથવા મારી જાતને શામાટે દયાપાત્ર લેખવી, અથવા તમારા પર પણ શા માટે ક્રોધ કરવો ? આમાં તમારો કાંઇ વાંક નથી; તમે તો તમારા લિંગભેદની અને તમારી મલિનતાની

---

૧. કૃષ્ણ.

સ્વાભાવિક નઠોર વૃત્તિઓને અનુસરો છો, અને તમારા બન્ને પર ઉપકારોનો વરસાદ વરસાવનારને શ્યામ કૃતઘ્નતાનો બદલો આપો છો. ખરો વાંક તો મારો જ છે; કેમકે આ દગલબાજ અસાર સંસારમાં મેં લેશ પણ વિશ્વાસ રાખ્યો. કામી અને કામિનીઓથી, સાપ અને વાઘથી, અને ફસાવનાર ને ફસાનારથી આ સંસાર ઊભરાઇ જાય છે; માટે આ જ ક્ષણથી હું તેનાથી વિમુખ થાઉં છું, અને કામ ને મોહથી અન્ધ થયો ન હત તો ક્યારનોએ વિમુખ થઇ ગયો હત. તે જે બોલ્યો, તે જ પળ્યો. ત્યાંથી જ, તે જ ક્ષણે, એકદમ ચાલી નીકળ્યો, ને ત્યાં ફરી પાછો આવ્યો નહિ. પત્ની, ગૃહ, રાજકાજ—સર્વને તૃણવત લેખી, સાપ કાંચળી ઊતારી નાંખે તેમ સર્વને તજી દઇ, તે સાધુ થઇ ગયો, અને વગર વિલંબે વિન્ધ્યાચળના જંગલ તરફ ચાલી નીકળ્યો.

જતાં જતાં તે અતીવ દુઃખી બ્રાહ્મણ આંખમાં આંસુ લાવી, ગુસ્સે થઇ, મનમાં કહેવા લાગ્યો: અરે! જ્યાં પાપીઓ પોસાય, સદ્‌ગુણીઓનું સત્યાનાશ વળે, અને અનુરાગ સેવા ને ભકિતના બદલામાં નીચ કૃતઘ્નતા ને કડવી નિરાશા મળે—એવા આ સંસારને ઉત્પન્ન કરવામાં કર્તાનો શો હેતુ હશે? ખરેખર, તેણે એક ગંભીર ભૂલ જ કરી છે. પણ, દુનિયાના નિયામક દેવતાઓ આ સ્થિતિ કેમ ચાલુ રહેવા દે છે? અને, પોતાના દુઃખનું કારણ પોતે ન હોય ને દુનિયાની સ્થિતિ હોય તેમ, એકાએક તેના આત્મામાં તીવ્ર ક્રોધનો આવેશ ચઢી આવ્યો. અત્યન્ત દુઃખી દશામાં તે બોલી ઊઠયોઃ અરે! વિશ્વામિત્રને જ્યારે આ દુનિયા જોઇએ તેવી ન લાગી, ત્યારે તેણે એક નવી જ દુનિયા નહોતી બનાવી? અને નવી દુનિયા ઊપજાવવાની ને એવા બીજા ચમત્કારો કરવાની શક્તિ તેનામાં શાથી આવી હતી? તપ અને યોગથી જ. સંપૂર્ણ યોગ આગળ કશું અશક્ય નથી, એમ તેણે પોતાના જ દૃષ્ટાન્તથી સિદ્ધ નથી કર્યું? અને એ જ ઉપાયોથી, પૂર્ણ અને અડગ નિશ્ચયથી, તેણે કર્યું તે શું બીજા ન કરી શકે? હવે હું પણ તેની હરિફાઇ કરીશ ને તેનાથી ચઢી જઇશ; અદ્‌ભુત તપશ્ચર્યાના બળે કરી દેવ સરખાને પણ વશ કરીશ, મારૂં કહ્યું કરવાની તેમને ફરજ પાડીશ, અને તેમની મરજી હશે કે નહિ હોય તોપણ આ દુનિયાની સિદ્ધ થઇ ચૂકેલી સ્થિતિ ફેરવાવીશ. અરે! મારો નિશ્ચય દૃઢ છે, વજ્રસમ છે, અને ફરે નહિ તેવો છે. આ જ ક્ષણે હું તપ આરંભું છું, અને મારે માટે એક મોટો પુણ્યનો ગંજ ઊભો કરીશ, જેના બળે કરીને સ્વર્ગના દેવતાઓનું એકત્રિત બળ છિન્નભિન્ન થઇ નામશેષ થઇ જશે.

નિરાશાની કઠવી વેદનામાં તેણે આવો આગ્રહ ધારણ કર્યો. જંગલમાં વરસાદના ઝાપટાથી ભરાએલા ખાબોચિયાની કાચ જેવી આરસીમાં પ્રતિબિંબિત થએલા અનન્ત પોલા આકાશને જોઇ, કોઇને તે ખાબોચિયું છાછરૂં નહિ પણ અત્યન્ત અગાધ લાગે; તેમ તેને પત્નીની કુચાલથી પડેલા ધ્રાને લીધે દુનિયા પર ચઢેલો ગુસ્સો સંપૂર્ણ જ્ઞાનથી ઉપજતા વૈરાગ્ય સમાન લાગ્યો. આ ગુસ્સાનો જુસ્સાદાર ઊભરો જ કહી આપતો હતો, કે જે ઇન્દ્રિયાર્થોને તે ધિક્કારવાનો ડોળ કરતો હતો તે તેને ઘણા પ્યારા હતા. છતાં, તપસ્વિપુંગવ વિશ્વામિત્રને પગલે ચાલી તેણે પોતાની શક્તિ ઉપરાંતના કાર્ય સાથે ઊતાવળે બાથ ભીડી. તેને સમજાણુ નહોતી, કે જેમનો આત્મા વિશુદ્ધ છે, અહંકારના ગન્ધથી વિનિર્મુક્ત છે, અને સંપૂર્ણ આત્મસંયમના પારદર્શક જળથી પરિપૂર્ણ કૂપ સમાન છે, તેઓ જ સાચા વૈરાગ્યનો અસહ્ય ભાર ઉઠાવવા સમર્થ હોય છે. છતાં, તેવી દશામાં પણ, તેણે આરંભકાળના શરત્વના જોમમાં ને જોમમાં પોતાનું કાર્ય આરંભ્યું, ને પહેલેથી જ વિજયની ખાતરી રાખી. પોતાની ધારણાઓ ઊંધી વાળે, પોતાને ખરાબ ખરાબ કરી દે, અને વિજયને કિનારે આવેલું વહાણ ડુબાડી દે એવો પોતાના આત્માનો ગુણ તેને સમજાયો નહિ. જંગલના દૂરતમ ભાગોમાં પેસીને, ઘણા કાળથી સ્મરણપથમાંથી ખસી ગએલા એક નિર્જન નગરને પાદરે એકાન્ત શ્મશાનભૂમિ તેણે શોધી કાઢી. તેમાં તે પેઠો, એક યોગ્ય સ્થાન પસંદ કર્યું, અને ત્યાં વૃક્ષની પેઠે અચળ સ્થિતિમાં નિવાસ કર્યો. તે ગ્લાનિકારક શ્મશાનમાં વાસો રહેતાં માંસાહારી જંગલી પશુઓ અને નિશાચર રાક્ષસો ને વેતાલોનાં ટોળાંએ, અગ્નિ ને કાળની સાહ્યથી, નિર્માંસ કીધેલી ઊઘાડી ખાલી ખોપરીઓ બળતી ચહેના અવશેષમાંથી એકઠી કરીને, મારા[1] જેવી તેમની એક માળા બનાવી જપ જપવા બેઠો. તે પ્રમાણે રાત-દહાડો જપ જપતો, સાપની પેઠે પવનનું ભક્ષણ કરતો, અડગ નિશ્ચયને બળે તે બેઠો રહ્યો. એમ કરતાં કરતાં સો વરસ વહી ગયાં.

આખરે તેના ખંતથી પ્રસન્ન થઇ, એક દિગંબર સાધુનો વેશ લઇ, હું એક દહાડો તેના સંમુખ પ્રગટ થયો અને બોલ્યો: માગ, માગ, માગે તે આપું. એટલે, તે અડગ તૃષોદસ્થિએ જવાબ દીધો; હે શંકર, મારે કાંઇ જ જોઇતું નથી, ફક્ત મને મારો જપ જપવા દો. જો મારે વરદાન માગવું જ જોઇએ એમ હોય, તો હું મારી મેળે આ જપ જપવો મૂકી દઉં

1. મહાદેવના જેવી.

ત્યાંસુધીનો સમય મને વરદાન રૂપે આપો. ઉદ્યોગથી પૂર્વવત જપતો તેને મૂકીને હું તો ચાલ્યો ગયો. તેનું ભાવી મને જણાયું હતું. જે ફળ કાળે કરી પરિપક્વ થવાનું હતું, તેનું બીજ તે વગર જાણે પોતાની સાથે લેતો જતો હતો. પોતાના ગજા ઉપરાંતનું કામ યોગ્ય વિચાર કર્યા વગર જેઓ માથે લે છે, તે સર્વને જે શિક્ષા થાય છે, તે એને માટે પણ નિર્માણ થએલી હતી. મેં તેને વર માગવાનું કહ્યું તે પ્રસંગ તેણે ખોયો, તે તક તેણે ગુમાવી. કારણ કે, જો તેને આત્મજ્ઞાન હોત તો ભૂતકાળ ભૂસી નાખીને તે તેને બચાવત. હે હૈમવતી,[1] આગળની વાત પરથી તને જણાશે, કે ભૂતકાળના સ્મરણે તેનો વિનાશ કર્યો.

દર્મિયાન, બીજા કશાની દરકાર કર્યા વિના તે તો અવિરત જપ જપે જ ગયો; એટલે સુધી કે, આખરે, પેલી ટેકરીને અન્ધકાર ગળી ન જાય એવી ઇચ્છાથી આથમતો સૂર્ય તેના શિખરને રાગના રંગથી રંગતો જાય છે, તે ટેકરી જેટલો મોટો તેનો એકઠો થએલો પુણ્યપુંજ બન્યો.

૩.

પછી એક દિવસ એવું બન્યું, કે ભૂલોકમાં ફરી આવીને માતલિ ઇન્દ્રના મહેલમાં આવી પહોંચ્યો. અને આવતાં વાર જ બોલી ઉઠયોઃ હે પાકશાસન[2], હે અન્ય દેવતાઓ, તમે બધા શું કરો છો? તમે ઊંઘો છો? કે તમારા આધિપત્ય વિષેની, અથવા વિશ્વની સ્થિતિ વિષેની, સર્વ ચિન્તાને તમે ખરેખર રજા આપી છે? નીચે ભૂલોકમાં વિન્ધ્ય પર્વતના જંગલમાં એકાન્ત શ્મશાનભૂમિમાં એક વૃદ્ધ બ્રાહ્મણ બેઠો છે. તેણે સેંકડો વર્ષ થયાં અવિરત જપથી પુણ્યનો એવડો મોટો પુંજ એકઠો કર્યો છે, કે કદાચ ત્રણે લોકનો તે નાશ કરી શકશે. જો તમે તેને એકદમ અટકાવીને તેનો પુણ્યરાશિ ઓછો કરશો નહિ, તો તેથી વિશ્વની સમતા ડગમગશે, સર્વ લોકની સ્થિતિ ઊંધી વળી જશે, ને તમે તમારી ગાદી ઉપરથી નીચે ગબડી પડશો એમાં જરા સંદેહ નથી.

એ સાંભળીને ઇન્દ્ર બોલ્યોઃ આથી કાંઇ ગભરાવાનું કારણ નથી. હું પોતે જ જાઉં છું, અને તેનું કાર્ય પડતું મૂકવાને તેને લલચાવું છું. પેલા બ્રાહ્મણને નિહાળી તેની તપાસ કરી તેનો ઉપાય શોધવાને માટે, ઇન્દ્ર પોતે પૃથ્વી ઉપર ઊતર્યો. થોડી વાર તેના તરફ માનની દૃષ્ટિથી જોઈ, તેની અદ્ભુત

૧. હિમવાનની પુત્રી, પાર્વતી. ૨. પાક નામના રાક્ષસને મારનાર, ઇન્દ્ર.

હઠથી આશ્ચર્ય પામી, તેને લલચાવવાનું કામ તેણે આરંભ્યું; જુદી જુદી જાતની લાલચો બતાવી પોતાનું કામ પડતું મૂકવા તેને સમજાવવાનો યત્ન કરવા માંડયો. સુવર્ણના ઢગલા, રત્નોના સાગર, અખંડિત જોબન, અને ઘણી જાતનાં જાદુઈ બળ તેણે તેને આપવા માંડયાં; અને આખરે, તે હઠીલા તૃષોદધિના વ્રતનો ભંગ કરે એવું કંઇક શોધી કાઢવાને ઈન્દ્રે ખૂબ મગજમારી કરી; પણ વ્યર્થ. કુતરાના ભસવા તરફ ચન્દ્ર જેમ લક્ષ દેતો નથી, તેમ તૃષોદધિએ ઈન્દ્ર ઉપર તેમજ તેનાં દાન ઉપર લક્ષ દીધું નહિ. ઈન્દ્ર બોલતો હતો તે બધો જ વખત, જાણે ત્યાં કોઇ ઇન્દ્ર છે જ નહિ તેમ, તે તો જપ જપે જ ગયો.

સર્વ પ્રયાસો નિષ્ફળ જતા જોઇ, થોડી વાર પછી, તે હારેલો અહલ્યાકામુક[1] સ્વર્ગે સીધાવ્યો. દેવતાઓને બોલાવી બધી હકીકત કહી, અને તેમની સલાહ પૂછી. દેવો વિચાર કરવા લાગ્યા: જબરજસ્ત યોગીઓનાં તપ આપણી મેનકા, તિલોત્તમા, વગેરેએ નથી ભાગ્યાં? તેમનું પુણ્ય બરફના ચોસલાની પેઠે કામાગ્નિમાં નથી ઓગળી ગયું? તેમનો આત્મસંયમ દાવાનળમાં તૃણની પેઠે નથી અદૃશ્ય થઇ ગયો? વળી, પોતાની આસપાસ પ્રદક્ષિણા કરતી તિલોત્તમાનું લાવણ્ય, માથું ફેરવવાનો વિલંબ કર્યા વગર, નિહાળવાની અસહ્ય તૃષ્ણા શમાવવાને બ્રહ્મા સરખાએ પણ ચાર મુખ ધારણ કરી 'ચતુર્મુખ' એવું ઉપનામ મેળવ્યું નહોતું? માટે, આ પ્રસંગે પણ સ્ત્રીજાતિની આકર્ષકતાનો અનિવાર્ય અમ્બર પોતાની શક્તિ દાખવશે, અને જે દૃઢ આગ્રહથી તે જપમાં જ નિમગ્ન રહે છે તેને, જોતાં વેંત, સૂતરના તારની માફક નષ્ટ કરી, આ તૃણ જેવા બ્રાહ્મણને ગમે તેમ ડગમગાવશે એ નિઃસંદેહ છે. આમ વિચાર કરી અન્યોન્યની સંમતિથી આખરે તેમણે નિશ્ચય કર્યો, કે એક અપ્સરા મોકલી તેને ફસાવવો.

તે ઉપરથી, તેમણે ઈન્દ્રની સ્વર્ગીય સભામાં નાચનારી મંડળીને પોતાની સંમુખ હારબંધ ઊભી રખાવી. ગોળ હાથ ને નાજુક ઘુંટીને લીધે અતિશય અનિવાર્ય થઇ પડે એવી એક અપ્સરાને તેમાંથી પસંદ કરી, અને પેલા બ્રાહ્મણને જપ કરતો સત્વર અટકાવવાને યોગ્ય સૂચનાઓ આપી તેને નીચે ભૂલોકમાં મોકલી. પણ, ત્યાં આવ્યા પછી તેને બહુ અચંબો લાગ્યો, કે પોતે ગમે તેમ કરે તોપણ પેલો બ્રાહ્મણ એક ક્ષણભર પણ તેના તરફ કટાક્ષ સરખો નાંખતો નથી. તેથી, થોડી વારમાં, તે ચીઢાઇને ત્યાંથી સ્વર્ગમાં

---

૧. ગૌતમ ઋષિની પત્ની અહલ્યા પર મોહ પામનાર, ઇન્દ્ર.

પાછી ઊડી ગઇ. તેને બદલે દેવોએ બીજીને મોકલી; તે પણ પહેલીની પેઠે નિષ્ફળ નીવડી, ને તરત જ પાછી સીધાવી. દેવોએ ફરી ફરીને યત્ન કર્યો, અને એક પછી એક ઇન્દ્રની આખી મંડળી ખલાસ કરી. પેલા વજ્રહૃદયના વૃદ્ધ તપસ્વી ઉપર દિવ્ય સ્ત્રીરૂપી પુષ્પોનો વરસાદ વરસાવ્યો, પણ ધાર્યા કરતાં ઉલટું જ પરિણામ આવ્યું. કારણ કે, તેણે પોતાના જપમાં એક પળનો પણ વિચ્છેદ થવા દીધો નહિ, તેથી પ્રલોભનથી પુણ્યપુંજ ઓછો કરવાના દેવોના પ્રયત્નોથી ઊલટો તેમાં ઉમેરો થયો, અને તે પુણ્યનો પર્વત પહેલાં કરતાં વધારે દુર્લંઘ બન્યો.

અન્તે, નિરાશ થઈ ઇન્દ્ર ઊંચે સ્વરે બોલ્યો: આ દુરાગ્રહના અવતાર રૂપ તપસ્વીએ આપણને હરાવ્યા છે. એ ખડક ઉપર સૌન્દર્યના આ સાગરે વૃથા ઊછાળા માર્યા. હવે, અનંગહરના[1] ચરણકમળ સિવાય ઉગારનાર કોઇ નથી. આપણા આ સંકટમાં કામદેવની શક્તિ અફળ માલૂમ પડી છે, અને આપણને ક્રોધાયમાન કરનાર આ જપીના અડીયલ જપ આગળ તે નિરુપાય બની ગઇ છે. શિવ એકલા જ કામદેવ કરતાં બળવાન છે; અને જો મહાદેવ પણ આ રોગનો ઉપાય શોધી શકે નહિ, તો તે અસાધ્ય માનવો. પછી, આ અક્ષોભ્ય ઘરડો જોગી આપણને ધારે તે કરી શકશે; સ્વર્ગને પગે પડાવશે; અને ત્રણે લોકને, ગમે તો, ઉંધાં છતાં કરી નાંખશે.

પછી, ઇન્દ્રને આગળ કરીને સર્વ દેવો મારી પાસે આવ્યા; અને સંકટનું નિવેદન કરી ઉત્તરની રાહ જોતા ઉત્કંઠિત ઊભા. મેં તત્કાળ ભવિષ્યમાં નજર નાંખી; અને તેની શ્યામ આરસીમાં તે મહત્ત્વાકાંક્ષી વૃદ્ધ બ્રાહ્મણનો વિનાશ, તેમજ તે વિનાશનું ભાવી સાધન, એક દૃશ્ય પેઠે જોયાં. થોડી વાર પછી ધીમે રહીને મેં કહ્યું: બધા વ્યાધિઓને એક જ ઓસડ લાગું પડતું નથી. સ્ત્રીજાતિની આકર્ષકતા સર્વશક્તિમતી છે એ વાત ખરી; છતાં આ પ્રસંગે દિવ્ય અપ્સરાઓ ખરેખર અબળા છે, અને બિલકુલ લાચાર છે. કેમકે, આ સર્વ અપ્સરાઓ ફક્ત નાચે છે, ગાય છે, લટકા કરે છે, ને કટાક્ષ નાંખે છે. તેઓ એમ ધારે છે, કે મેનકા, તિલોત્તમા, રંભા આદિની પેઠે માત્ર શરીર બતાવ્યું એટલે બેડો પાર; અને, શરીર ને તેના સૌન્દર્ય ઉપર, તેમજ તેની અસર બરાબર થાય એવાં કેટલાંક ઉપરચોટિયાં નખરાં ને યુક્તિપ્રયુક્તિઓ ઉપર જ આધાર રાખે છે; જેમકે, વસ્ત્ર ઉડાડી દે એવો

૧. કામદેવને બાળી મૂકનાર, મહાદેવ.

પવન, અથવા શરીરના અવયવો ઢાંકનાર વસ્ત્રને ભીંજવી ગાત્રોની સપાટી પર લપાઇ જાય તેમ તેને ચોંટાડી દઇ, જાણે ભૂલેચૂકે, ઉલટાં તેમને ઉઘાડાં પાડનાર પાણી, વગેરે, વગેરે. પણ, મને લાગે છે તેમ, આ તૃષોદધિ માત્ર વેશ્યાના જેવા ચાળાચસ્કાવાળા લાવણ્યના પ્રલોભનથી ફસાય તેવો મત્સ્ય નથી; એને માટે તો જુદા જ પ્રલોભનવાળો હૂક જોઇશે. સમુદ્રને છેક તળીએ એક અપરપક્ષ[1] નામે દૈત્ય રહે છે, તેને સો કન્યાઓ છે; અને જો આ પ્રસંગે લાવણ્ય રૂપી શસ્ત્રની જ જરૂર હોત, તો તેમાંની કોઇ પણ કન્યાથી કામ સરત. કેમકે, સમુદ્રના ફીણ જેવાં તેમનાં સર્વનાં શરીર છે, પરવાળાં જેવા તેમના ઓઠ છે, પલ્વલ જેવી તેમની આંખો છે, શરીર કરતાં લાંબા તેમના કેશ છે, અને તરંગધ્વનિ જેવો તેમનો કંઠ છે. એક બેટના કિનારા ઉપર, થોડા જ વખત પહેલાં હું ત્યાં થઇને જતો હતો ત્યારે મેં તેમને બધાંને સંગીત કરતાં સાંભળ્યાં; અને હું પણ તદન મોહિત થઇ ગયો, તે સૂરના જાદુથી સ્તબ્ધ બની જઇ આકાશમાં અજાણતાં અધર અટકી ગયો, અને તેમના સંગીત ખાતર મારી મુસાફરીનું ભાન ભૂલી ગયો. પરંતુ, લાવણ્યથી કાંઇક અધિકની જરૂર છે; માટે બીજી સર્વ કન્યાઓને પડતી મૂકી તમારે સૌથી નાનીનો આશ્રય લેવો. તેનું નામ કલાનિધિ[2] છે, અને તે નામ પાડનારે બરાબર પાડયું છે. કારણ કે, ત્રણે લોકમાં તે લુચ્ચામાં લુચ્ચી અને અતિનિન્દ્ય સ્ત્રી છે. યુક્તિપ્રયુક્તિ, કપટ, અને કલાનો તે નિધિ છે; સ્વભાવે ઘણી સેતાન છે; અને જે સ્વસ્થાનમાં તે વસે છે તેના જેવા છળ ને સ્વચ્છંદથી ભરેલી છે. જો તે તમારી વહારે ધાય, તો તમારી ઉમેદ બર આવે એમાં જરા શંકા નથી. વળી, તમે તેને કહેશો કે આ પ્રસંગે સર્વ દિવ્ય કન્યાઓ નિષ્ફળ નીવડી છે, તો ઇર્ષ્યાથી તે તમને કદાચ મદદ કરશે. કેમકે, તે બધી અપ્સરાઓની અદેખાઇ કરે છે; અને, જે કામમાં બીજાં બધાંની બુદ્ધિ ને સૌન્દર્ય હારી ગયાં તે કામ કરવા પોતે સમર્થ છે, એમ બતાવી આપવાની આ એક ઉત્તમ તક એને મળી છે. પણ, આ વિઘ્ન દૂર કરવાની શક્તિ કે ઇચ્છા તેનામાં ન હોય, તો પછી હું ધારૂં છું કે ગજાનન વિઘ્નરાજ પણ ખરેખર કાંઇ કરી શકશે નહિ. જોકે બીજી શક્તિઓ કરતાં સૌન્દર્યની શક્તિ બળવત્તર છે, તોપણ કોઇ વાર તેની સામે ટક્કર ઝીલી ફતેહ મેળવાય છે. પરંતુ, સ્ત્રીજાતિની કળા કે ચાતુરી એ ઘણો વધારે ભયંકર શત્રુ છે, અને તેની સામે દુનિયાના આરંભકાળથી અત્યાર સુધી કોઇ પુરુષે વિજય મેળવ્યો નથી. કારણ કે, એ

---

૧. અંધારિયું. ૨. ચન્દ્ર; અને કપટનો ભંડાર.

શત્રુને કોઇ વાતનો આંચકો હોતો નથી, પણ પુરુષનું મન સ્ત્રીના લાભમાં ઘણી વાર ખંચાય છે. માટે, જો કલાનિધિ તમને મદદ કરે અને અન્તે નિષ્ફળ નીવડે, તો પછી થઇ ચૂક્યું. આ બ્રાહ્મણના રાશીભૂત પુણ્ય–પર્વતના ભાર તળે પરાજય રૂપી મહાસાગરને છેક તળીએ, પીઠ પર ટકાવી રાખનાર કૂર્મ વગરની પૃથ્વી પેઠે, તમારે બેસવું પડશે.

૪

અહલ્યાપ્રિયને આગળ કરી, કલાનિધિને શોધવા સમુદ્રને તળીએ બધા દેવો દોડી પહોંચ્યા. તે એટલા અધીરા થઇ ગયા હતા કે મારી પૂજા કરવાનું પણ ભૂલી ગયા. તેમણે કલાનિધિના પિતાનો અવાસ શોધી કાઢયો. તે તો બહાર ગયો હતો, પણ તેની સો કન્યાઓમાં આમ તેમ ભટકતે ભટકતે તેઓ એકાએક કલાનિધિ પાસે આવી પહોંચ્યા. તે એક જબરી મોતીની છીપમાં પોતાના કેશશયનમાં વીંટળાઇને સ્વપ્નાવસ્થામાં પડેલી હતી. તેની છાતી, સમુદ્રના ધ્વનિ સાથે ધીમે ધીમે ઊછળતા, ચેતનમય, મોટા, બેવડીઆ મોતી જેવી દેખાતી હતી. તેથી કરીને તે છીપનું પારણું તેને સુયોગ્ય જ દીસતું હતું. તેનું અંગ ફેનિલ તરંગ જેવું હતું; તે ઉપર સમુદ્રને તળીએથી ગમે તેમ ઊંચકી લીધેલાં રત્નો ખડકયાં હતાં. તેના ઓઠ, લીલા પાણીની અંદર ને બહાર તેના માથા ઉપર પથરાએલી શાખાઓ વાળા પરવાળાના ઝાડની પડી ગએલી નાની નાની ડાંખળીઓ જેવા હતા, અને તેના વેલા જેવા કેશ પાણીને લીધે શાન્તિથી આગ તેમ ઝુલતા હતા. તેણે આંખો ઉઘાડી તેમના તરફ જોયું, એટલે ઇન્દ્ર મનમાં બોલ્યો: મહેશ્વરે ખરું કહ્યું હતું; ઘણી સુન્દર હોવા છતાં તેને જોઇને કમકમી ચઢે છે. કેમકે, તેની આંખો સમુદ્રની ગુફાઓ જેવી છે, ને તેમાંથી અજગરના જેવી બીજી આંખો આપણને જાણે ઠંડાગાર કરી દે છે; અને તેના પાતળા ઓઠ પરનું સ્મિત માણસની ખોપરીના શાન્ત અને અમંગળ હાસ્ય જેવું છે.

દેવો તેની પાસે આવતા હતા, ત્યારે તેણે ઊંઘતાં ઊંઘતાં આશ્ચર્યથી તેમના તરફ જોયું, અને ધીરે રહીને મનમાં બોલી: દેવોને શી એટલી બધી ગરજ પડી હશે, કે બધા જ એકદમ અહીં આવ્યા છે? આ દેવો છે એ તો નક્કી જ છે, કેમકે તેમની આંખો મીંચાતી નથી. સ્વર્ગમાં કંઇક જરૂર નવુંજૂનું થયું હશે, અને ભારે સંકટના માર્યા જ અહીં આવતા હશે; નહિ તો માતલિને મોકલવાને બદલે પોતે જ આવે નહિ. ઘણા સુભાગ્યની વાત છે કે મારા પિતા ઘેર નથી. કારણ કે દેવો જોડે, અગર તો કોઇની

પણ જોડે, સોદો કરવામાં તે બહુજ ભલા છે, અને મળેલી તકનો કોઇ વાર લાભ લેતા :નથી.

પછી તે વિનયભેર ઊઠી, અને ઇન્દ્રે આખી વાત કહી તે શાન્તિથી સાંભળ્યા કીધી. તે કહી રહ્યો ત્યારે તેના સામું થોડી વાર મરડાટમાં જોઇને બોલી: સેંકડો વર્ષોથી હું, મારા પિતા, ને મારી બહેનો અહીં વસીએ છીએ, પણ આજ પહેલાં એક દેવે અમને દર્શન દીધાં નથી. દૈત્યોની કુંવરીને અહો ! આજે કેટલું બધું માન ! પણ જ્યાં તમારી અપ્સરાઓ નકામી છે ત્યાં મારા જેવીનું શું કામ વારૂ ? વળી, મને શ્મશાનભૂમિ ગમતી નથી; કેમકે ત્યાં નાશ પામતાં દુર્ગન્ધવાળાં હાડકાં ને ખોપરીઓ પુષ્કળ હોય છે, તેમજ માંસાહારી રાક્ષસો વેતાળો ને ભૂતોનો વાસ હોય છે. પરંતુ, તમે અહીં મિત્ર ભાવે કે અતિથિરૂપે આવ્યા નથી; તમે તો તમારા પોતાના લાભ કાજે મને રોકવાને વેપારી તરીકે આવ્યા છો; એટલે આ આખી સોદાની વાત છે. તો પછી, મારી સાહ્ય બદલ મને શું આપશો, અને હું સફળ થાઉં તો શું યોગ્ય ઇનામ આપશો ?

એટલે મઘવા[1] બોલ્યો: તને શાહી જેવા કાળા ને સોનેરી દંતૂશળ-વાળા એક કરોડ હાથી આપીશ; અથવા તું કહે તો, ઊગતા કે આથમતા સૂર્યના કિરણોનું બનાવેલું વસ્ત્ર આપીશ, અથવા મધ્યરાત્રિના ચન્દ્રમાંથી કાઢેલા કપૂરનાં ચકચકિત કુંડાં આપીશ, અથવા અનન્ત રત્નમાળાઓ આપીશ, અથવા તને જે ગમે તે આપીશ. ત્યારે કલાનિધિ બોલી: શાહી જેવા કાળા ને સોનેરી દંતૂશળવાળા એ હાથીઓનો છેક સમુદ્રને તળીએ શો ખપ વારૂ ? રત્નો તો સાગરને તળીએ જ રહે છે અને મારા પગ આગળ વેરાએલાં જ હોય છે. વસ્ત્ર તો—મારા કેશ એ જ વસ્ત્ર છે. એટલે ઇન્દ્રે કહ્યું: તારી મરજીમાં આવે તે પસંદ કર, તે હું તને આપીશ. એટલે કલાનિધિ જરા હસીને બોલી: બ્રહ્માના હંસની છાતી ઉપર જે રૂવાંટાં ઊગે છે તેનો ભરેલો એક તકિયો, અથવા સરસ્વતીના મોરનાં પીંછાંનો એક ઠંડો પંખો માગું તો ? ઇન્દ્રે કહ્યું: એ બન્ને તને આપ્યાં; સોદો થયો. કલાનિધિ બોલી: ના, ઉતા-વળા મા થાઓ. કોઈ દહાડો મેં અમૃત ચાખ્યું નથી, અને તે ચાખવાની ઇચ્છા છે, તેથી અમૃતથી છલોછલ ભરેલા બિલોરી કાચના એક કરોડ ઘડા માગું તો ? ઇન્દ્રે કહ્યું: વારૂ, તે પણ તને આપ્યા; હવે સોદો થયો. કલા-નિધિ બોલી: ના, હજુ કાંઇક બાકી હશે. વિષ્ણુના પારિજાત વૃક્ષની એક

૧. ઇન્દ્ર.

મંજરીની મને ઇચ્છા છે એમ કહું તો ? કેમકે, હું જ્યારે તે શ્મશાનમાં જાઉં, ત્યારે બળતાં મડદાંની ધુણી અને ચ્હેની દુર્ગન્ધના ઊતાર તરીકે મારી પાસે તે મંજરીની સુવાસ ન હોય તો મારાથી ત્યાં એક ક્ષણ પણ કેમ ટકાય ? ઇન્દ્રે કહ્યું: તે પણ મારે કબૂલ છે; હવે તો સોદો થયો ને ? કલાનિધિ બોલી: ના, આવી અગત્યની બાબતમાં રઘવાટ મા કરો. મને હમણાં જ વિચાર થયો કે આ બ્રાહ્મણ તો ઘણો ઘરડો ને વરવો હશે, અને લાંબી તપશ્ચર્યાને લીધે ખૂબ સૂગ ચઢે એવો થઇ ગયો હશે. માટે, હું તેને દૂરથી નિહાળી શકું એટલા માટે, વિષ્ણુના કૌસ્તુભમણિની એક પાતળી ચીપનો બનાવેલો, અને, તેલને બદલે, અલકાપુરીમાં જાળીઓ પર લટકતા ચન્દ્રકાન્તોમાંથી નીચવી કાઢેલા શિવેન્દુના ઝરતા રસથી ભરેલો એક દીવો તારી પાસે માગું તો ? મહેશ્વરની પેઠે મારી જટામાં તેને મુગટ રૂપે ધરીને, પેલી ભયાનક પ્રેતભૂમિમાં તમારા બ્રાહ્મણની તપાસ કરવાને મને યોગ્ય સાધન મળે. ઇન્દ્રે કહ્યું: તે પણ તને હું અચૂક અપાવીશ; કેમ, હવે તો સોદો થયો ને ?

પછી, કલાનિધિએ તે તલપી રહેલા દેવ તરફ એક છળભર્યું કટાક્ષ નાંખ્યું; અને એકાએક હસવા લાગી, ને મોટેથી બોલી ઊઠી: હહ ! અહલ્યાપ્રિય, તને મારી ખરેખરી ગરજ પડી જણાય છે; નહિ તો, મને લલચાવી કામ કઢાવી લેવા માટે તું દેવોની આવશ્યક ઉપાધિઓ પડાવી લેવા તૈયાર થાય નહિ. પણ, હવે તું જાણ, કે તારૂં સંકટ કેટલું મોટું છે તેનું માપ કાઢવા ખાતર હું માત્ર તારી ગમ્મત કરતી હતી: જે જે વસ્તુઓ મેં ગણાવી તેમાંની કોઇ પણ, અથવા બીજું કાંઇએ, મારે જોઇતું નથી. લાંચથી નહિ, પણ મહેરબાની ને સ્વેચ્છાથી જ હું તને મદદ કરૂં. કાંઇ પણ ઇનામ ખાતર નહિ, પરંતુ દિવ્ય અપ્સરાઓ તૃણ કરતાં પણ નકામી નીવડી છે તેવે પ્રસંગે હું કામ આવી શકું છું એમ બતાવવાની ખાતર, કેવળ મારી ઇચ્છાથી જ આ ઘરડા દ્વેષીલા જપી સામે મારી ચાતુરી ચલાવવા હું કદાચ જાઉં. પણ તે પહેલાં મારે થોડી વિશેષ માહીતીની જરૂર છે; તે વગર, મારાથી પણ કંઇ બની શકશે કે નહિ, તે હું તને કહી પણ શકું નહિ. માટે, આ બ્રાહ્મણના છેક જન્મથી માંડી કંઇ પણ ભૂલચૂક સિવાય એની આખી કથા મને કહી જા. તેથી, જે શત્રુ સાથે બાથ બીડી તેનો પરાજય કરવાનું તું મને કહે છે, તેની શક્તિ—અશક્તિ મારા ધ્યાનમાં પહેલેથી જ આવે.

છેક આદિથી માંડી જાણવાજોગ બધી હકીકત, તેના પૂછ્યા પ્રમાણે,

ઇન્દ્ર તેને કહી ગયો. તે કહી રહ્યો ત્યારે થોડી વાર કલાનિધિ ધ્યાનમગ્ન રહી. પછી એકદમ હસીને બોલીઃ હે મઘવા, જ્વરરહિત સુન્દર દેહ જેવી તારી અપ્સરાઓ ખરેખર કેવળ બેવકૂફ છે. તેમની પાસે આવાં સારાં શસ્ત્રો હોવા છતાં, આ બ્રાહ્મણ પર તેઓ કાંઇ પણ અસર ના કરી શકે એ બને ખરૂં ? મારે તારી મદદની જરૂર પડશે, માટે ચાલ આપણે બન્ને હવે સાથે જઇએ, અને ગજાનનની કૃપાથી આ જપીને તેના પુણ્યપર્વત સમેત ગબડાવી દઇએ. હું ધારૂં છું કે તેનું મન તપથી વ્યગ્ર કરતાં થોડી જ—બહુ જ થોડી—મુશ્કેલી પડશે; કેમકે આગળ ઉપર સાબિત થશે તે પ્રમાણે તેને ગબડાવી દેનાર હું નહિ થાઉં, પણ મારી મદદથી તે પોતાની મેળે જ ગબડી પડશે. અને હું સફળ થઇશ ત્યારે તારી પાસે બિલકુલ બદલો માગીશ નહિ; પણ સ્વર્ગની સર્વ અપ્સરાઓ એકઠી મળી મારી આસપાસ યથાવિધિ પ્રદક્ષિણા કરી મારી પૂજા કરે, એમ તારે કરવું પડશે.

એટલે ઇન્દ્ર મનમાં બોલ્યોઃ ચન્દ્રશેખરે ખરેખરૂં કહ્યું હતું, કે ઇર્ષ્યાથી જ તે આપણું કામ કરશે. અને અત્યાનંદમાં આવી જઇ તે બૂમ પાડી ઊઠયોઃ હે અપરપક્ષકન્યા, આ તપસ્વીને તું લોભાવી શકે, તો મારૂં વચન છે કે મારી સર્વ અપ્સરાઓને સાથે લઇ હું પોતે તારી આસપાસ પ્રદક્ષિણા કરીશ !

જીવનું બન્ધન.

विर्षायणः कस्यापदोस्तं गताः ।

વિષયી પુરુષને માથે વિપત્તિઓ ચોંટેલી જ છે.

૧.

હવે તે દર્મિયાન, પેલા શ્મશાનમાં તૃષોદધિ ધ્યાનગ્રસ્ત બેઠો રહ્યો હતો. અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય, તેમ અનન્ત જપથી તેના પુણ્ય-પર્વતમાં કાંકરે કાંકરે એવો તો ઉમેરો થતો ગયો, કે પોતાનું સર્વોપરીપણું ચાલ્યું એમ ધારી મેરુ પણ ધ્રૂજવા લાગ્યો. અવિરત ભક્તિમાં લીન થઇને જપમાળાની ખોપરીઓ એક પછી એક તે ફેરવે જતો હતો; તેથી એક બીજા જોડે અથડાઇને તેમાંની કેટલીક વખતોવખત ઘસાઇ જઇ ભાગી જતી. એટલે, માળાને દુરસ્ત કરવામાં નાછૂટકે થોડો વખત જતો તે બાદ કરતાં તૃષાદધિ પોતાના જપમાં અવિચ્છિન્ન મચ્યો રહ્યો હતો. આખરે, તેની આસપાસ હાડકાંનો એવડો મોટો ગંજ વાગ્યો, કે તે તેના પુણ્યપુંજનું રૂપાન્તર હોય તેમ દેખાતો. કોઇ વાર તેની નજર તે ઉપર પડતી ત્યારે તે મનમાં બોલતોઃ હવે મારા તપનો અન્ત પાસે હોય એમ લાગે છે, મંડાણ પૂરું થતું જણાય છે, અને સ્વર્ગના ગઢ પર ચઢવાનો આરંભ કરવા જેટલો પુણ્ય-રાશિ થોડી જ વારમાં ભેગો થઇ જશે. દેવોની ચળવળ પરથી અનુમાન કરું તો, આખરે તેમને મારી તપશ્ચર્યાથી સકારણ ભય લાગવા માંડયો છે. કેમકે ઇન્દ્ર પોતે અહીં આવી ગયો, અને દરેક જાતની લાલચ બતાવી મારા કાર્ય-માંથી મને વ્યગ્ર કરવાનો નિષ્ફળ પ્રયત્ન કરી ગયો. એટલું જ નહિ, પણ પાછળથી દિવ્ય અપ્સરાઓ, આકાશમાંથી પડતી તારાની હારની પેઠે, આ ભયાનક પાર્થિવ શ્મશાનમાં મને તેમની મોહિની લગાડવાને એકે એકે આવી ગઇ—તે પણ મેં જોયું છે. પરંતુ, ભલેને બધી એક સામટી આવે; મારો નિશ્ચય તેમને અડગ જણાશે, અને જે પુણ્યની ક્ષતિ કરવા તે મથે છે તેમાં અનિચ્છાએ ઉમેરો જ કરતી જશે. અરે, મારો પ્રૌઢ આગ્રહ એક ખડક રૂપ છે, જેના ઉપર સ્ત્રીજાતિનાં સવાસલાં રૂપી સાગર વૃથા જ ઉછાળા મારશે.

તે આમ બોલતો હતો તેવામાં માળાની એક ખોપરી બીજી સાથે સજડ અથડાઇ, ને ભાગી ગઇ, ને દોરીમાંથી છૂટી પડી જતાં તેના હાથ-માંથી દૂર ગબડી ગઇ. તેથી તેને બદલે બીજી શોધવાને તેણે ડોકું ઊંચું કર્યું ને આસપાસ નજર ફેરવી. તેમ કરતાં તે ચમકયો ને મનમાં બોલી ઊઠયોઃ અરે ! મેં પહેલેથી જ ધાર્યું હતું તેમ, સ્ત્રીરૂપી હજી બીજી એક જાળ પાથરેલી જણાય છે. વિષયી સુન્દરતાની લાલચમાં મને સપડાવી, તેની બહેનો કરતાં વધારે વિજયી નીવડી, ઊંડા આત્મનિશ્ચિત ચીલામાંથી મારા

આગ્રહ રૂપી પૈડાને બહાર ગબડાવી દેવાની તે આશા રાખે છે. પણ, હું તેની તરફ જોવાનોએ નથી. તે થોડી વારમાં તેની આગલી સર્વ સર્વ સખીઓની પેઠે મારૂં ચિત્ત આકર્ષવાને ને મારા ધ્યાનમાં ખલેલ કરવાને ફોગટ ફાંફાં મારી કંટાળી જઇ, ગીઢાઇને તેની મેળે જ તેના શેઠ પાસે પાછી જશે. એ મુજબ, મણુકા ઉપર ખૂબ નીચો નમી, માથું જમીન તરફ નમાવી, આંખો હાથમાંની ભાગલી ખોપરી પર ઠેરવી, તે જાય ત્યાર પછી જપમાળ સમી કરીશ એમ ધારી તે જપ જપે જ ગયો.

પણ દર્મિયાન, કલાનિધિ–કારણ કે તે એ જ હતી–સ્મશાનમાં આવી, ખોળ કરી તૃષાદગ્ધિને જપમાં બેઠેલો શોધી કાઢયો, તેણે દીઠી હતી તે પ્રમાણે તેની લગોલગ આવી પહોંચી, અને તેની પાસે જ ઊભી ઊભી, હુમલો કેવી રીતે સચોટ થાય તે નક્કી કરવાના હેતુથી એક ગઢ નિહાળતા સેનાપતિની પેઠે, તેને બારીકીથી તપાસવા લાગી. પછી થોડી વારે ધીરેથી મનમાં બોલી: અરે, આ ઘરડો હાડકાંના માળા જેવો બ્રાહ્મણ ખરેખર ઘણો દુઃખી છે. તેની આસપાસ ઊભો થએલો અસ્થિનો ઢગ કોઇ ચમત્કારથી સંધાઇ જાય અને તેમાં કોઇ ફરતો વિદેહ જીવ પ્રવેશ કરે, તેના જ જેવો બરોબર તે જપમાં બેઠો બેઠો દેખાય છે. તેને જોઉં છું ત્યારે મેં માથે લીધેલું કામ મને જરાએ પસંદ પડતું નથી. પણ હવે છોડી દઉં તો બધાં મને હસશે, ને એમ ધારશે કે મેં કબૂલેલું કામ મારાથી થઇ શક્યું નહિ, ને પેલી મૂર્ખ અપ્સરાઓ પેઠે હું પણ નિષ્ફળ નીવડી. વળી, ઉત્તમ જનો આરંભેલા કાર્યને પેસ પહોંચાડયા વગર છોડી દેવાનો સ્વપ્ને પણ વિચાર કરતા નથી. માટે હવે તો, આ વૃદ્ધ નિન્ધ જોગી કે હું–એમાંથી કોણ હાર્યો કહે છે અને મોટી નદી ઓળંગવાને શરૂ કરેલો પૂલ સામે પાર પહોંચે નહિ તેમ પોતાનું કાર્ય અપૂર્ણ મૂકી દે છે, તે થોડી જ વારમાં જણાશે. વળી તેને નિહાળતી ઊભી રહી, ને ફરીથી બોલી: જપમાં લીન દેખાય છે, છતાં તે હું અહીં આવી છું એ વાત ક્યારનોએ ખરેખર જાણે છે. તેની મુખમુદ્રા કહી આપે છે કે મરણીઓ થઇ મારી સામે થવાને તે સંજ્જ થાય છે. તે ધારે છે કે, પેલી બધી બેવકૂફ પરીઓની પેઠે લટકા કરી, મારા સુન્દર શરીરની એને ઝાંખી કરાવી, અને એના મોં આગળ એવાં એવાં બીજાં નખરાં કરી હું પણ એના ઉપર સીધો જ હુમલો કરીશ. ખરે, પહેલેથી જ તે આત્મસંયમના બળને લીધે ખુશ થવા લાગ્યો છે, અને મારી નામોશી-ભરી હારના વિચારે પોતાને વિજયવન્ત માનવા લાગ્યો છે. પણ પોતે ખરે-

ખરી છક્કડ ખાધી એમ તેને પાછળથી જણાશે. કેમકે, હું ભૂલતી ન હોઉં તો, મેં તેને માટે પાથરેલી જાળમાં તે એકદમ પકડાશે, અને અણધારી દિશામાં એ જાળ પાથરી છે તેથી તે તેને જાળરૂપ પણ માનશે નહિ. એની જિજ્ઞાસા પણ એને વશ છે કે નહિ તે આપણે પ્રથમ જોઇશું. બધો વેશ તેના વાંસા પાછળ ભજવીને હું તેની જિજ્ઞાસા તીવ્ર કરીશ, કેમકે ડોકું ફેરવ્યા વગર તેનાથી કશું જોવાશે પણ નહિ. અને હું ધારૂં છું કે થોડી વારમાં તે જરૂર ડોકું ફેરવશે. તે ધારે છે તે રસ્તે નહિ, પણ જે માર્ગે તે પોતાને નિર્ભય સમજે છે, અને તેથી જે તેણે બિલકુલ અરક્ષિત રાખ્યો છે, તે માર્ગે તેના પર હુમલો લઇ જઇશું. કારણ કે, તેના આત્મામાં પ્રવેશ પામવાને તે ઉત્તમ ને સૌથી સીધો રસ્તો છે. તે રસ્તો કયો ?—તેના કાન. આંખ પર તો પ્રત્યક્ષ વસ્તુથી જ હુમલો કરી શકાય છે, પણ તેના કર્ણ-માર્ગમાં થઇને સાપની પેઠે હું તેના ભૂતકાળમાં પેસી જઇશ ને તેનું હૃદય જ વીંધી નાખીશ.

૨.

પેલો વહેમી છતાં નિશ્ચિન્ત બુઢ્ઢો બ્રાહ્મણ પૂર્વાભિમુખ બેઠો બેઠો, કોઇ લાવણ્યવતી મદિરાક્ષીના અચિન્ત્યા દર્શનથી પોતાના પર લાલચ રૂપી દુસ્મનનો હુમલો થશે એમ પળે પળે રાહ જોતો હતો. પરંતુ ધીમે ધીમે કલાકોના કલાકો વીતી ગયા, છતાં કંઇ જ તેની નજરે પડયું નહિ. દિવસ આથમવા આવ્યો, ભાણુ તેના માથા ઉપર થઇને આગળ ચાલ્યો ગયો, તેનો પડછાયો ધીમે રહીને પાછળથી આગળ આવ્યો ને તેની આંખો આગળ લાંબો ને લાંબો વધતો ગયો. ભાણુ બૂડયો કે ચાંદો દેખાયો, અને તે મસાણમાં સોનેરી ને રૂપેરી તેજ વચ્ચે સામ્રાજ્ય માટે શાન્ત યુદ્ધ મચી રહ્યું. તેથી તેમના બન્નેના શત્રુ રાત્રિએ, બેની લડાઇમાં ત્રીજો ખાઇ જાય તેમ, બંનેનો સંહાર કરી નાખે એવું અન્ધકારનું ધાડું આણ્યું. તે શાન્ત રોળીટોળી વખતે તેણે કાન માંડયા, પણ પોતાની છાતીના ધબકારા સિવાય કંઇ જ સંભળાયું નહિ. થોડી વારે મનમાં વિચાર કર્યો: આ વન કેવળ શાન્ત છે; ને હવે, હું ધારતો હતો તેમ, મને ફસાવવાના સર્વ યત્નો ફોગટ જાણી તેની આગલી બધી બહેનોની પેઠે આ છેલ્લી ધુતારી પણ સીધાવી ગઇ છે.

અને તે જ ક્ષણે, દૂર વનવૃક્ષોમાં કડકડાટ કરી ભાગી પડતી ડાળીઓનો અને ચૂરેચૂરા થઇ જતી ડાંખળીઓ ને પાદડાંઓનો અવાજ સંભળાયો. તેણે ફરી કાન માંડયા, ને બોલ્યો: કોઇ મોટું પશુ ગાઢ જંગલમાંથી

રસ્તો કાઢી ધીમે ધીમે પાસે આવતું જણાય છે. તે રાહ જોતો બેઠો; થોડી વારમાં એક ઊંચો રાજદરબારમાં શોભે એવો હાથી ઝાડોની ભીંતમાં થઇને એકાએક સ્મશાનમાં પેઠો. તેના મોટા પીળચટા દંતૂશળ લગભગ જમીનને અડકતા હતા. તે કાયર થઇને ધીમે ધીમે ચાલતો હતો, કેમકે તે ઘણો ઘરડો દેખાતો હતો. તેની ચામડી શરીર પર ઝૂલી રહી હતી, શરીર બધું કાદવવાળું હતું, વનમાં ખાબોચિયાંમાં આળોટવાથી શરીરે બાઝેલો કાંપનો થર તડકામાં સૂકાઇ ગયો હતો. તે તૃષોદધિ તરફ આવ્યો, અને તેના પ્રત્યે બિલકુલ લક્ષ આપ્યા વગર ત્યાં થઇ ચાલ્યો ગયો. કંઇ ખોવાએલી વસ્તુ સ્મશાનમાં શોધતો હોય તેમ, તે ચાંદનીમાં આમતેમ ભમ્યા કર્યો. અને એકાએક એક પીપળના ઝાડ પાસે અટકી ગયો, અને મનુષ્યની વાણીમાં ગંભીર સ્વરે મોટેથી બોલ્યોઃ હે પીપળ, હું ઘણા વખતથી શોધું છું તે જ પીપળ તું છે કે એક સાધારણ ઝાડ જ છે ?

આ સાંભળીને તૃષોદધિ તો ભાન ભૂલી ગયો, ને ચકિત થઇ વિચારમાં પડયોઃ અરે, આ કેવી અજબ વાત; આવી સુગમ વાણીમાં હાથી બોલે, ને હું તે સમજું! પછી એકાએક અત્યાનન્દના આવેશમાં તે બોલી ઊઠયોઃ હા, હું સમજ્યો. હવે, પશુઓની વાણી હું સમજી શકું છું. ખરેખર, મારા તપોવૃક્ષનું આ એક ફળ છે; તપ પૂરું થવા આવ્યું તેથી હું આ હાથીના શબ્દો સમજી શકયો; અને પોતાની આગામી સંપૂર્ણતાના વિચારે તેના હૃદયમાં મિથ્થાભિમાન ને વિજયાનન્દનું પૂર આવ્યું. તીવ્ર જિજ્ઞાસાથી તલપાપડ થઇ રહેલા પોતાના કાનનો કંઇક અવિશ્વાસ કરતો, તે વિશેષ સાંભળવાને આતુર થઇ રહ્યો હતો, તેવામાં એકાએક તે પીપળમાંથી એક અવાજ સંભળાયો. નિસાસો નાખતો હોય તેમ ધીરે રહીને તેણે કહ્યુંઃ હે ગજરાજ, અને મને જે હાથી મળવાનો હતો તે તું જ કે?

તત્ક્ષણ હાથીએ હર્ષનાદ કર્યો, અને બોલ્યોઃ હે ચિરપ્રતીક્ષિત[1] પીપળ, તને જોઇને મને ખરેખર મોરની માફક નાચવાનું મન થાય છે! શું ખરેખર મેં તને શોધી કાઢી? ત્યારે વગર વિલંબે સાંભળ; હું તને મારી આખી વાત કહું છું. હું કહી રહીશ એટલે, હાથીના આ દુષ્ટ શરીરમાં એક યુગ થયાં હું સપડાયો છું તે શાપમાંથી આખરે મુક્ત થઇશ.

---

૧. લાંબા સમયથી જેની રાહ જોવાઇ છે એવી.

પીપળે કહ્યું: હાથી, તારો અવાજ બહુ મોટો છે. હાડકાંના ઢગથી વીંટળાએલા, કોઇ દિવ્ય સંદેશ લઇ દૂર ઉડી ગએલા આત્માવાળા, પેલા વૃદ્ધ ધ્યાનગ્રસ્ત જોગીને તું દેખતો નથી ? લગભગ મારા જેવી અચળ સ્થિતિમાં વરસો થયાં મારી પાસે બેઠેલો હું એને જોઉં છું તેથી મને એના ઉપર વહાલ આવે છે; માટે એના આત્માને ખલેલ નહિ થવા દઉં. વળી, તારા અવાજથી જો તે જાગે, તો તે ક્રોધ કરી તને બીજો શાપ દેશે. માટે તું મારી બીજી બાજુએ આવી જા, અને મારા થડમાં સંતાઇ તારા કઠોર અવાજને ઢાંકી દે. તું બહુ ધીમેથી બોલજે. હાથીએ પીપળનું કહેવું માથે ચઢાવ્યું. પણ આ સાંભળી તૃષોદધિ તો ખૂબ ચિઢાઇ ગયો, અને મનમાં બોલ્યો: બળી આ પીપળ, અને બળ્યું એનું વહાલ ! ઘણુંખરૂં હવે મારાથી સંભળાશે નહિ. અને, તેમની વાતચીતનો વિષય બને તો સાંભળવાને, તેણે પોતાના કાન માંડયા. તેટલો વખત જપ કરવાનું તો ભૂલી જ ગયો.

હાથી બોલ્યો; હે પવિત્ર વૃક્ષ, તારાં દર્શન રણમાં મરતાને જળ સમાન છે. કેમકે ઘણા કાળ પૂર્વે મારા એક પાપને માટે મને દેવામાં આવેલા શાપથી હું આ દેહમાં આવી પડયો, ત્યારે તારાં દર્શનથી હું શાપ-મુક્ત થઇશ એમ નક્કી કરવામાં આવ્યું હતું. અને હું ધારૂં છું કે એક આખા કલ્પ સુધી હું આમ તેમ ભટકયો છું, અને પ્રત્યેક પીપળને અત્યાર સુધી અનુત્તર રહેલો પ્રશ્ન મેં પૂછયો છે. તારો ઉત્તર સાંભળતાં મારા હૃદ-યમાં હરખ માયો નથી. હવે સાંભળ; આખરે, મારા પાપનું નિવેદન કરી રહીશ કે તરત જ આ હાથી રૂપી બન્ધીખાનેથી છૂટી હું ફરીથી મનુષ્યરૂપ ધારણ કરીશ. કેમકે શાપનો અન્ત લાવવાને એ પ્રમાણે અનુગ્રહ કરવામાં આવ્યો છે.

વળી પીપળે નિસાસો નાંખ્યો; વહાલા હાથી, ધીમેથી બોલ, નહીંતો એક શાપને અન્તે બીજો ઊભો થાય, કદાચ હાલના કરતાં હલકી યોનિનો આ સાંભળી તૃષોદધિ ક્રોધ ને ચીડથી ધ્રૂજવા લાગ્યો. હાથી બોલ્યો: હે પીપળ, મારાથી બનશે તેટલું ધીમે બોલીશ. પણ આ મારો અવાજ અમારા સર્વ હાથીઓનો કુદરતી અવાજ છે. અને મારા સમજવા પ્રમાણે તેથી ઋષિને ખલેલ પડશે નહિ. કેમકે તેનું શરીર આટલું પાસે છે, છતાં તે કદી હાલતું નથી અને તેનો જીવ ખરેખર પોતાના કામમાં દૂર ઊડતો હશે. જીવના અભાવે ખાલી ખોખું આપણું બોલ્યું શી રીતે સાંભળવાનું છે ?

૩.

પીપળે કહ્યું: ચાલો. હાથી બોલ્યો: હે પીપળ, ઘણા કાળ પૂર્વે મારા પૂર્વજન્મમાં હું રુરુ નામે એક રાજા હતો. તૃષોદધિ નામના એક બ્રાહ્મણ મારો પ્રધાન હતો. તેને વત્સતરી નામની એક અનુપમ સ્ત્રી હતી. તે સૌન્દર્ય અને પાતિવ્રત્યનો નમૂનો હતી. અને તે જ સ્ત્રીના સદાચારને લીધે આ હાથીના શરીરમાં શાપને બળે હું આવી પડયો.

તે બોલતો હતો તેવામાં આ બધું સાંભળનાર તૃષોદધિનું હૃદય આશ્ચર્યથી ઊભરાઇ ગયું. તે મનમાં બોલ્યો: અરે! શું! હું સ્વપ્નામાં છું, કે હાથીના વેશમાં આ મારો જૂનો શેઠ રુરુ રાજા હોઇ શકે ખરો? અને એકાએક જે જૂનું જીવન આટલો બધો વખત તે ભુલી ગયો હતો અને જે તેણે તજી દીધું હતું, તે જાગૃત થયું, અને એક સ્વપ્નદર્શનની પેઠે તેના મોં આગળ ખડું થયું. વીજળીને વેગે તેણે ભૂતકાળમાં પ્રવેશ કર્યો. પત્નીને રાજાના ભુજયુગલમાં છેલ્લી વારની જોઇ હતી, તે અસહ્ય વેદનાની ક્ષણે તેને જેવું તીવ્ર દુઃખ થયું હતું, તેવું જ એકાએક આ વખતે થઇ આવ્યું. તેના આત્મામાંથી અગ્નિ જેવી તૃષા ઉત્પન્ન થઇ, ને તેનું ગળું સૂકાવા લાગ્યું. અજાણતાં તે હાંફવા લાગ્યો, અને તે વખતે આશ્ચર્યને બદલે તેને અતિતીવ્ર જિજ્ઞાસાનો જ્વર આવ્યો, અને તે ધીમે રહીને મનમાં બોલ્યો: અરે! શું! તે દૂષિત નહોતી, પણ આ કહે છે તેમ સદાચરણી હતી? અરે! હવે મને બધું સત્ય જડશે, તેનો અધઃપાત થયો હશે તો તે પૂર્વે નહિ જાણેલી વાત હું જાણીશ, અને તેને રામરામ પણ કહ્યા વગર હું ચાલ્યો આવ્યો ત્યાર પછી શું બન્યું તે બધું હું જાણીશ.

અરે! કેવો અદ્‌ભુત ચમત્કાર! પત્ની વિષે ફરીથી વિચાર આવતાં તેના હૃદયમાં તરવાર ભોંકાઇ હોય તેમ તેને થયું; અને જેમ હોલવાઇ ગએલા અગ્નિની રાખમાંથી આગનો નવો ભભૂકો ઊઠે, તેમ એકાએક ખેદ, તીવ્ર પશ્ચાતાપ, ને કુશીલ પત્નીને માટે અતિશય ઉત્કંઠાના ભારે મોજાં તેના સ્મરણસાગરના શ્યામ વિસ્મૃતિપટ પર ઊછળવા લાગ્યાં ને તોફાન મચાવી રહ્યાં; એટલે સુધી કે તેના બળે કરીને તે બેઠો બેઠો હાલવા ને ધ્રૂજવા લાગ્યો. બધું ભાન ભૂલી જઇ તેણે હાથમાંથી જપમાળ પડી જવા દીધી, અને કાન તથા આંખ બંનેનો ઉપયોગ કરવા માટે એકદમ પીઠ ફેરવી તેણે જોયું તો પીપળના થડે અર્ધાંગી કાન લબડતા રાખી શાન્ત

ઊભેલો હાથી દીઠો. તેણે પીઠ ફેરવી કે તરત જ મનમાં વિચાર કરવા લાગ્યો: અરે! તેમનો વાર્તાલાપ હું સાંભળું છું, ને તે પણ એક ઉદાસીન જન પેઠે નહિ પણ ખરેખર નિકટ સંબંધી તરીકે, એમ તેઓ જાણશે તો મારી બધી બાજી લગભગ બગડી જશે. તેથી તે તરત જ પાછો ફરી ગયો, પૂર્વ સ્થિતિમાં ફરીને બેઠો, અને તેમની વાતચીતનો એક શબ્દ પણ રખેને જાય એવી બ્હીકનો માર્યો વૃક્ષ પેઠે અચળ બેસી રહ્યો.

તે કાન માંડીને બેઠો હતો તેવામાં એકાએક પીપળે કહ્યું: ગજરાજ, તારી કથા શરૂ કરીને એટલામાં જ કેમ અચિંત્યો બંધ થઇ ગયો? હાથીએ ઊંડો નિશ્વાસ નાખ્યો, અને બોલ્યો: પવિત્ર વૃક્ષ, જાણે મારી મરજી વિરૂદ્ધ હું અટકી ગયો; મને વિચાર આવ્યો કે તે સ્ત્રી કેવી નિર્દોષ હતી, મારૂં આચરણ કેવું દુષ્ટ હતું, અને મારા કર્મના પશુદેહધારી ફળરૂપી આ હાથીના શરીરમાં મને કેવી ભયંકર શિક્ષા થઇ! ઋષિઓએ ખરૂં જ કહ્યું છે: શરીરના આવરણ સિવાય આત્માના દુઃખનું બીજું કયું કારણ છે? અને શરીરનું આવરણ કર્મ સિવાય બીજા શાથી ઉત્પન્ન થાય છે? અને કર્મ મોહમાંથી, અને મોહ અહંકારમાંથી ઉત્પન્ન થતો નથી? વળી, અહંકાર એ અજ્ઞાનતમનું ને અવિવેક રૂપી વૃક્ષનું ફળ નથી? અફસોસ! હું સમજતો હતો કે હું રાજા છું, ત્યારે હું માત્ર કાળનાં મોજાં પર ઊછળતી ચીપ જેવો જ હતો, નીલકમલપત્ર પર વરસાદના ટીપાની પેઠે આમ તેમ હાલતા પરપોટા રૂપ હતો, વાદળાંમાં રમતી વીજળી કરતાં પણ વધારે ક્ષણિક હતો, પવનના સૂસવાટથી ક્ષોભ પામી હાલતા દીવાની જ્યોત આગળ ઊડતા મૂર્ખ પતંગિયાના પડછાયા જેવો ચંચળ, ક્ષણભંગુર, અને અસાર હતો!

પછી પીપળે કહ્યું: હાથી, તું કહે છે તેજ સત્ય છે; છતાં તારા વિવેચનથી કથાની ગતિ અટકે છે, અને તું શોચ કરે છે તે સ્થિતિમાંથી મુક્ત થતાં વિલંબ થાય છે. આ રીતે તો તારી કથા અડધી એ નહિ થાય ને વહાણું વાશે. હાથી બોલ્યો: પીપળ, એ તો હવે પૂરૂં થયું. હવે તું મારી પાપકથા સાંભળ; અને તે પૂરી થાય કે તરત જ આ વન્ય ગજના દેહની સાથે એ કથાનું સ્મરણ પણ મને તજી જાય તો કેવું સારૂં! કારણ કે પશુશરીર પણ પાપીને એટલી બધી શિક્ષા કરી શકતું નથી; પાપની ખરી શિક્ષા તો તે પાપના સ્મરણમાં અને તેને અંગે સદા કાળ ઊપજતા પશ્ચાત્તાપમાં જ રહેલી છે.

૪.

મેં તને કહ્યું તે પ્રમાણે ઘણા કાળ પૂર્વે હું રુરુ નામે રાજા હતો, અને જુવાનીમાં એક રાણી પરણ્યો હતો. તે રૂપાળી હતી, પણ તેનું રૂપ ચિત્તાના રૂપ જેવું હતું. કેમકે તે ભયંકર, ડાઘવાળું, વિશ્વાસઘાતી, અને કપટી હતું. હું ઘણો નાનો હતો, અને સ્ત્રી વિષે તેના બાહ્ય શરીર સિવાય વિશેષ જાણતો નહોતો, તેથી હું તેનો ભોગ થઇ પડયો. હું મારી પત્નીમાં અનુરક્ત હતો, તેનો સંપૂર્ણ વિશ્વાસ કરતો, અને સ્વપ્નામાં પણ તેના શીયળ વિષે શંકા કરતો નહોતો. એક દહાડો સમીસાંજે હું બહારથી મારા મહેલમાં આવ્યો, અને જોઉં છું તો તે કોઇ રજપૂત સાથે ગેલ કરતી હતી! તેને રસ્તામાં જોઇને તે તેના પર આસક્ત થઇ ગઇ હતી, અને એક નીસરણી વડે બારીએથી તેને મહેલમાં લાવી હતી.

તેને જોઇને હું એક ચીસ પાડી ઊભો રહ્યો. પણ મને જોઇને તે બંને જણ વીજળીને વેગે છૂટાં પડી ગયાં, અને પેલો રસ્તામાં પાછો નાસી ગયો ને પેલી પોતાના ઓરડામાં ભરાઇ ગઇ. પેલો કયાં ગયો, કે પેલીએ શું કર્યું, તે હું જાણતો નથી. પણ પરોઢિયે મેં જોયું તો તેને ચોરને પગલે આવતી દીઠી. હું જ્યાં ઊભો હતો ત્યાં ને ત્યાંજ આખી રાત જરા પણ હાલ્યા વગર ઊભેલો મને તેણે જોયો. એકદમ તે ખંચાઇને ઊભી રહી, અને મારા સામું એકી ટશે જોઇ રહી. પ્રથમ તેને બહુ જ અચરજ લાગ્યું, પણ પછીથી તે ત્રાસથી ધ્રૂજવા લાગી. મેં એકાએક ભયંકર ચીસ પાડી. તેથી તે બેભાન થઇ ભોંય પર પડી ગઇ. પણ હું પાછો ફર્યો, ને દોડયો, ને બહાર રસ્તામાં નીકળી પડયો.

મળસ્કાના આછા અંધારામાં હું આમ તેમ રખડયો, મારો જીવ તો બળી જતો હતો, અને હું ક્યાં જાઉં છું કે શું કરૂં છું તેનું મને ભાન રહ્યું નહિ. એકાએક એક ચીથરેહાલ કંગાલ માણસનો મને ભેટો થયો, અને મેં તેને કહ્યું: ચાલ, જલદી કર, આપણે કપડાં અદલબદલ કરીએ. મારા સામું જોઇને તેણે તરતજ કબૂલ કર્યું, અને અમે કપડાં બદલ્યાં; મેં તેને મારા સર્વ રત્નજડિત દાગીના આપી દીધા ને તેનાં ગંદાં ચીથરાં પહેરી લીધાં. તે તો ચાલ્યો ગયો. મેં વિચાર કર્યો: હવે હું મારો મહેલ ને મારૂં રાજ્ય છોડી દઇશ અને આ સંસારને લાત મારી સંન્યાસી થઇ જઇશ? અને અરે! હું બોલતો હતો એટલામાં એક બીજો માણસ મારી કને આવી

પહોંચ્યો. તે એક ઠીંગણો ઘરડો માણસ હતો, તેના ધોળા વાળ ફેંટામાંથી બહાર જણાતા હતા, અને તેની આંખો શકરાના જેવી તીક્ષ્ણ હતી. તેણે કહ્યું: હે નિશાચર, તું કોણ છે? તેને ચોર ધારી હું હસીને બોલ્યો: મહારાજ હું તારા જેવો ચોર છું. તે બુઢ્ઢો બોલ્યો: આ શહેરના બધા ચોરોનો હું સરદાર છું, છતાં તને ઓળખતો નથી. મેં કહ્યું: મારા ગામથી દુઃખનો માર્યો હું હમણાં જ અહીં નાસી આવ્યો છું તેથી તું મને ક્યાંથી ઓળખે? તેણે પૂછ્યું: તું મારી સાથે આવશે, ને મારા ટોળામાં ભળશે? મેં કહ્યું: હા, તારા ટોળામાં કે ગમે તેના ટોળામાં. એમાં શું થઇ ગયું? મરણની દરકાર કર્યા વગર ઘણા દુઃખને લીધે હું હસ્યો. પછી પેલો બટકો બુઢ્ઢો મારી છેક પાસે આવ્યો ને થોડી વાર મને નિહાળતો ઊભો, અને પછી બોલ્યો: તું ઘણો જુવાન ને રૂપાળો છે, ને હુ ધારૂં છુ કે તું ચોર નથી. જુવાનીઆઓને સ્ત્રીઓ સિવાય બીજે ક્યાંથી દુઃખ હોય છે? હું બોલ્યો: ચોરના સરદાર, તું બહુ ઝીણો છે. ખરેખર, મને એક સ્ત્રીએ ખરાબ કર્યો છે, અને મારી જિંદગી હવે પૂરી થઇ છે.

પછી એકાએક પેલા વિચિત્ર વૃદ્ધ પુરુષે તેના હાથનો પંજો મારા ખભા પર એટલા જોરથી ઠોક્યો કે મને વાગ્યું. તે બોલ્યો: મૂર્ખ! એક વૈરી ગઇ એટલા માટે તું આટલો બધો દુઃખિત થાય છે? શું! તું નથી જાણતો કે એકને બદલે વગર મહેનતે બાજી સો વૈરીઓ મળી શકે છે—અને તે પણ તેના જેવી જ રૂપાળી કે તેનાથી ચઢે તેવી તે બોલ્યો કે તરત હું હસવા મડયો, અને હસતો હસતો હું રડી પડયો. હું બોલી ઊઠયો: અરે! વૃદ્ધ ચોર, હું તારો આભારી થયો છું; સારા વૈદ્યની પેઠે, છરી કરતાં તીક્ષ્ણ શબ્દોથી તે મારો રોગ મટાડયો છે. પણ યાદ રાખજે કે જો હું તને ફરીથી જોઇશ તો તને હાથીના પગ તળે કચરાવી નાંખીશ! અને તેને મૂકી હું ત્યાંથી ચાલી નીકળ્યો. જતાં જતાં મેં વિચાર્યું: તે ખરૂં કહે છે; અને હવે હું મારા મહેલમાં પાછો જઇશ, અને મારી સ્ત્રીની કુચાલને માટે ત્રણે લોકની સર્વ સુન્દરીઓ પાસે દંડ લઇશ. અરે, એના જેવી છુછલી વૈરીને લીધે મેં સંન્યાસ લીધો હોત તો ખરેખર હું મોટો ગધેડો કહેવાત. પેલા ઘરડા ઠગે મને પ્રેતલોકમાંથી જાણે પાછો આણ્યો છે અને મારો રાજદંડ મારી પાસે ફરીથી ગ્રહણ કરાવ્યો છે.

પછી, હે પીપળ, હું જે બોલ્યો તે પળ્યો. રાજકારભાર મારા પ્રધાન

તૃષોદધિને માથે નાંખી મારા રાજ્યની લલનાઓમાં હું લંપટ બની ગયો, અને મારી પ્રજામાંના સર્વ પિતાઓ, ભાઇઓ, અને પતિઓને ત્રાસનું કારણ થઇ પડ્યો.

આ સાંભળતાં તૃષોદધિ મનમાં બોલ્યો: હા, લુચ્ચા રાજા, ખરેખર એમ જ હતું; તારા શબ્દો સાચા છે તે વાતનો જીવન્ત સાક્ષી તારી આટલી સમીપ બેઠો છે તે તને ક્યાં ખબર છે? અને જપને બિલકુલ વિસારે પાડી કથાશેષ સાંભળવાને તે ઉત્સુક બની રહ્યો.

૫.

હાથી બોલ્યો: પીપળ, એવું બન્યું કે મારે ત્યાં એક વિટ હતો. તે દ્વેષ અને કપટનો ખરેખરો અવતાર હતો; અને, મારા રાજ્યમાંથી અથવા બીજે ગમે ત્યાંથી મારા લાયક દરેક સુન્દર સ્ત્રી શોધી કાઢવાનું કામ મેં તેને સોંપ્યું હતું. આ વિટ હંમેશ પારકાનાં રત્નો તરફ મારૂં ધ્યાન ખેંચતો, પણ તેના પોતાના રત્નથી તેણે મને કેવળ અજ્ઞ રાખ્યો. પરંતુ તેના એક આડતિયાનું તેણે કંઇ બગાડ્યું હતું તે એક દિવસ મારે ત્યાં આવી પહોંચ્યો, ને કહેવા લાગ્યો: મહારાજ, આપનો વિટ આપને રોજ છોડાં ખવડાવે છે ને ખરૂં સત્ત્વ તો સંતાડી રાખે છે; એની પોતાની કન્યા ચન્દ્રથાએ વિશેષ કાન્તિવાળી છે. આ સાંભળી હું રાતોપીળો થઇ ગયો. મેં વિટને બોલાવી મંગાવ્યો, અને તેની છોકરી મારા મોં આગળ રજૂ કરવાની અગર મરણને શરણ થવાની ફરજ પાડી, અને તેની આજીજી ઉપર જરાએ લક્ષ આપ્યા વગર મેં તેની છોકરી પડાવી લીધી. સર્વ કાલાવાલા વ્યર્થ જતા જોઇ આખરે તે વિટ નરમ થઇ ગયો, અને પાળેલા હાથીની પેઠે પોતાની લાજ લૂંટાવવાનું કબૂલ રાખ્યું. અરે! હું તેને પૂરેપૂરો ઓળખતો હોત, તો તત્કાળ તેનો જીવ લેત; કેમકે તે માત્ર વેર લેવાનો લાગ શોધતો હતો. વિટ ને તેની કન્યા વિષેના આ મારા કર્મનું ફળ પરિપાક પામતું હતું; આખરે તેનો સમય આવ્યો એટલે નાગની પેઠે એકદમ તે ઊછળ્યું ને મારી પાનીએ ડસ્યું.

પણ તે દર્મિયાન, વિટ ને તેના વેરની ઉપેક્ષા કરીને મેં મત્ત મધુકરના જેવું જીવન ગાળવા માંડ્યું; પ્રત્યેક કમળનો મધુરસ ચૂસવા જેટલો વખત જ સંગ કરી, બધાં કમળોને રસહીન કરી નષ્ટ કરવાનો જ મેં ધંધો માંડ્યો હતો. તેથી કચરાઇને નીચે કાદવમાં પડી ગએલી પોતાની મનોહર મંજરીઓના હતભાગ્યનો શોચ કરતા વૃક્ષોવાળા બાગ જેવો મારા

રાજ્યનો દેખાવ ધીમે ધીમે થવા લાગ્યો. બહુ થયું ! પ્રયોજન વગરની ઝીણી ઝીણી બાબતો ગણાવીને મારે તને શામાટે ખોટી કરવી, અને આ હાથીના ખોળીઆમાંથી મારા મોક્ષનો વિલંબ શામાટે કરવો ? પછી રોજની પેઠે મારા પ્રધાનને માથે રાજ્યભાર નાંખીને એક દહાડો હું વનમાં શિકારે ગયો. થોડી વારમાં મૃગયાથી કંટ્ટાળી મેં પરિજનને વદાય કર્યા, અને ધીમે ધીમે પગે ચાલતો રખડતો રખડતો હું એકલો ઘેર આવતો હતો. પવનને લીધે થતું બરૂઓનું સંગીત સાંભળતો સાંભળતો હું રસળતો રસળતો આવતો હતો. હા, એ સંગીત મને કેમ વીસરે રે ! એનો સુકોમળ સૂર થોડી જ વારમાં થવાના એક સમાગમની મિઠાશનું પૂર્વચિહ્ન હતું. એ સમાગમે મારા આત્માને એક નિમેષમાં જાણે એક કુંડામાં ઝબોળ્યો, અને તેનો રંગ બદલી તેને પ્રથમ રક્ત[1] કર્યો અને અન્તે ઘેરા પાકા નીલરંગનો કરી દીધો.

હું ધીમે ધીમે રખડતો રખડતો આગળ ચાલતો હતો તેવામાં વિધિયોગે એવું બન્યું, કે મારા ગળામાં હંમેશ પડી રહેતા મોટા દાણાના મુક્તાહારનો આંકડો પહોળો થઇ ગયો, અને હાર સરીને જમીન પર પડી ગયો. અને તે જ ક્ષણે, બાજની જાતના એક પંખીએ, તેના ચળકાટથી લોભાઇ, અગર કોણ જાણે શાથી, તેના ઉપર એકદમ ઝડપ મારી લઇ લીધો. હું માનું છું કે કામદેવે જ પોતાનું ધાર્યું કરવાને કદાચ તે પંખીનું રૂપ ધર્યું હશે. મારા વિચારમાંથી જાગ્યો હોઉં તેમ હું ચીસ પાડી તેની પાછળ પડયો; અને થોડું ઊડીને તે પંખીએ બ્હીકથી, અથવા કદાચ જાણી જોઇને, પોતાના નહોરમાંથી હાર ફેંકી દીધો અને ઊડી ગયું. હાર પડતો જોઇને હું તેના તરફ દોડયો, પણ એકાએક મારા માર્ગમાં એક ઘણી ઊંચી દિવાલ આવેલી મેં જોઇ. મારો હાર તે દિવાલની પેલી મેર પડયો હતો. અને હું દિવાલ પાસે પહોંચ્યો એટલે મેં દિવાલની પેલી ગમ કોઇનાં પગલાં સાંભળ્યાં. મેં એકદમ બૂમ મારીઃ અરે, આ ભીંતની પેલી મેર જે હોય તેણે જાણવું કે એ હાર મારો છે. કંઇ ઉત્તર ન મળતાં, મેં આમતેમ નજર ફેરવી, અને પાસેના એક ઝાડની ડાળીઓ પકડી હિંચકો ખાઇ દિવાલ પર ચઢી પેલી મેર ડોકિયું કર્યું. અને અરે ! ત્યાં મારી નીચે બગીચામાં એક લલના ઊંચું ડોકું કરી મારા તરફ જોતી મેં દીઠી; મારો હાર જમીન પર એના પગ આગળ જ પડેલો હતો.

---

૧. રાતો એ પ્રેમનો રંગ છે, અને નીલ રંગ તેની પરાકાષ્ઠા દર્શાવે છે.

હે પીપળ, મેં તે લલનાનાં અદ્દભુત નયનો જોયાં કે તરત જ, જે હારને માટે હું ત્યાં જઇ ચઢયો હતો તેનો વિચાર માત્ર મારા મગજમાંથી ઊડી ગયો, અને એક ક્ષણમાં તે બિલકુલ વિસારે પડયો. તે વૈદૂર્ય[1]નાં નયનપલ્લવને કાંઠે તેમની ઊંડાઇ જોઇ ભ્રમિત થએલા મારા આત્માને જાણે ડૂબાડી દેવાના હેતુથી તે પંખીએ મને આણી મૂકયો હતો; છતાં હું ચકિત થયો તેનું કારણ તેમનું લાવણ્ય જ નહોતું. કેમકે જો કે તે મારા તરફ ઊંચાં કરેલા હતાં અને જાણે બરાબર મારી આંખો તરફ તાકેલાં હતાં, તો-પણ તે જરાએ મીચાતાં નહોતાં તેથી હું ગભરાયો. તે નયનોમાં જિજ્ઞાસા બિલકુલ નહોતી, તેમજ ભીરુતા કે ભયનો લેશ પણ નહોતો; તો પછી તેમાં આહ્વાન, ક્રોધ, ક્ષોભ, કે લાગણીનો ઊભરો તો હોય જ શેનો ? પરંતુ તે સાગર જેવાં દેખાતાં હતાં; અને, પાણી પીતાં જાનવરથી કે વા વાયાથી હાલે નહિ એવાં સૂકાં પાંદડાંથી આચ્છાદિત શ્યામ સપાટીવાળા, વનમધ્યે છુપાએલા, ને મન્ત્રના બળે ગુપ્ત રહેલા કોઇ પવિત્ર જળાશય જેવી, સુન-કાર, નિર્ભયતા, અવર્ણ્ય શાન્તિ ને સ્વસ્થતાની અસર તે નયનોમાં જાણે જણાતી હતી. તે નિશ્ચલ અગાધ ચક્ષુઓનું લક્ષ્ય હું નહિ હોઉં એમ મને લાગવાથી, મારા સિવાય બીજા શેના તરફ તે તાકી રહ્યાં હશે તે સમજવાને હું ડોકું ફેરવત, પણ મારી આંખો તેમના પરથી ખસેડવાને હું તદ્દન અસમર્થ હતો. જોવા કરતાં સાંભળવાની સ્થિતિમાં તે લલના ઊભેલી હતી, તેથી તેનું માથું સહેજ પાછળ નમેલું હતું. પણ તેમ થવાથી તેના વિશાળ ને ઉત્કૃષ્ટ વક્ષઃસ્થળ ઉપરના ગોળ બુટ્ટાઓ તદ્દન અજાણતાં બહાર નીકળી મારા તરફ ઉંચા થયા, અને તેની આંખમાં ના દેખાતાં જિજ્ઞાસા ને ક્ષોભ અતિ આતુરતાથી જાણે દર્શાવવા લાગ્યા. તેની નાજુક શરીરયષ્ટિ સાંઠાની પેઠે ઊભી રહી ઉપરના ભારને લીધે મધ્યમાંથી કડાક લઇને ભાગી જાય એવી ચિન્તાથી જાણે ઝોલા ખાતી દેખાતી હતી. મુંઝવણ અને અચં-બાના દરિયામાં ડૂબી જઇ હું તેના તરફ જોતો જોતો બેઠો હતો, એટલામાં એકાએક તેના ઓઠ ઉઘડયા અને સંભળાય એવા આલિંગનના અવાજે ધીરે રહીને બોલી: આ દિવાલ પર કોઇ ચઢયું હોય એમ મને લાગે છે, તો તે કોણ છે અને અહીં શામાટે આવ્યું છે ?

ગભરાટને અચરજથી મેં જવાબ દીધો, હે મદિરાક્ષી, તારા ચરણે પડેલો પેલો મારો મુક્તાહાર લેવાને હું આ દિવાલપર ચઢયો છું. તેણે

1. એક જાતનો આસમાની નીલ રંગનો પોચો ખનિજ પદાર્થ; lapis lazuli.

પૂછ્યું: તું તે હાર પડેલો જુએ છે? મેં કહ્યું: ખરેખર, તારી પેઠે હું તે ચોખ્ખો જોઇ શકું છું. એટલે તેણે કહ્યું: ત્યારે તું નીચે ઊતર, ને હાર લઇ ચાલ્યો જા. કેમકે હું તને તે આપી શકું એમ નથી, કારણ હું અન્ધ છું.

આ સાંભળતાં તૃષોદધિએ મનમાં નિસાસો નાખ્યો, અને ધીમે રહીને બોલ્યો: હા! ખરેખર! અફસોસ! એ અન્ધ જ હતી; અને ચોક્કસ એ એની જ આંખો હતી: હવે હું બરાબર સમજ્યો કે આ હાથીની વાત સાચી છે અને જપની વાત તદન વીસરી જઇ, તેણે તે કથા સાંભળ્યા કરી.

૬.

હાથી બોલ્યો: હે પીપળ, તેના શબ્દો સાંભળતાં મારા પેટમાં દયા અને આશ્ચર્યથી એવડો મોટો ધાસકો પડ્યો કે હું દિવાલ પરથી પડતો પડતો રહી ગયો. અને હું બૂમ પાડી ઊઠ્યો: અન્ધ! હે સુન્દર દુર્ભાગી સ્ત્રી! પણ ખરેખર તું મજાક કરે છે. શું! પદ્મશોભિત પદ્મિની કરતાં વધારે રમ્ય અને મધ્યરાત્રિએ તારાસમેત ગગનમંડળને લજાવનાર તારી આંખો વસ્તુતઃ અન્ધ હોઇ શકે? તેણે શાન્તિથી જવાબ દીધો: છતાં હું કહું છું તેમ જ છે: એટલે મેં મારા હાથ પછાડ્યા, અને દયા ને નિરાશાથી રડવા જેવો થઇને દીર્ઘ નિશ્વાસ મૂક્યો. અને હું બોલી ઉઠ્યો: ધિક્કાર છે તે સ્રષ્ટાને જેણે તારા જેવી આંખો સરજી, છતાં જે તેમાં સાધારણ આંખ જેવી દૃષ્ટિ મૂકવાનું ભૂલી ગયો! એટલે તે ધીરેથી બોલી: એમ નહિ, સ્રષ્ટાનો વાંક કાઢ મા. એને બદલે મારો જ વાંક કાઢ, કારણ કે કોઇ પૂર્વજન્મના પાપની યોગ્ય શિક્ષા રૂપે જ આ અન્ધતા આવી છે; મેં જ—અન્ય કોઇએ નહિ—વાવેલા વૃક્ષનું એ ફળ છે. અથવા, તારે કોઇનોએ વાંક કાઢવો જોઇએ નહિ; કેમકે તારે મારી આંખનું કે મારૂં બિલકુલ કામ નથી, પણ તારે તો તારા હારનું કામ છે. મેં કહ્યું તેમ, આવ ને સત્વર હાર લઈ ચાલ્યો જા.

મેં ક્ષોભથી એક ક્ષણભર એના સામું જોયું, અને હું ભાર દઇ બોલ્યો: તું જ લે એ હાર; હવે તે મારો નથી, કેમકે તેના યોગ્ય માલીકને ચરણે તે પડ્યો છે; મારી પાસેથી ચોરી જઇ તેને આ સ્થિતિમાં મૂકનાર પંખીએ ખરેખર ડહાપણનું કામ કર્યું છે. મને દિલગીરી એટલી જ છે, કે અફસોસ! તું એ જોઈ શકતી નથી; તારા જેવા સૌન્દર્યને જ એ લાયક છે. તેણે તે અનિમેષ ચક્ષુથી જાણે મારા તરફ જોયું, અને સ્મિત કરી કહ્યું: ભાઇ, મારે તારૂંએ શું કામ છે, અને તારા હારનુંએ શું કામ છે?

ચાલ, હવે, જેને સાંભળવું ધટારત નથી તેવા જનની સાથે દિવાલ પર રહીને ઘેલી ઘેલી વાત કરવી જવા દે; પરંતુ તારો હાર લઇ વદાય થા.

હે પીપળ, તને બરાબર સમજાય એવી રીતે હું બધી હકીકત કહું છું કે કેમ, તે વિષે મને જરા શક રહે છે. પરંતુ તું એટલું તો જાણ, કે હું દિવાલ પર આવી ચઢયો તે ક્ષણથી હું બદલાઇ ગયો. કેમકે તેનાં નયનોએ મારા પર કરેલી અસર તેના કંઠથી પૂરેપૂરી જામી, અને તેના સ્મિતથી મારૂં હૃદય પરવશ બની અત્યાનન્દ ને ઝિકંઠામાં આવી એક પાંદડાની પેઠે હાલવા લાગ્યું. તેથી હું એટલો બધો ક્ષુબ્ધ થઈ કંપવા લાગ્યો કે દિવાલ પર બેજે-બેજે ટકી રહ્યો. કોઈ અપૂર્વ સ્ત્રી તરફ હું જોતો હતો એમ મને ભાન થયું, અને એક પલકારામાં મારો ભૂતકાળનો અનુભવ હું વીસરી ગયો. અતિશય હર્ષની ને નિશ્ચયના ઉગ્ર આવેશથી ધ્રૂજતો હું મનમાં કહેવા લાગ્યો: અહો, લાવણ્યની જે પરાકાષ્ઠા મારા સ્વપ્નામાં હું કલ્પતો હતો તેનાં ખરેખર દર્શન દૈવે મને આ ક્ષણે કરાવ્યાં જણાય છે; અને શું ! હે અનુપમ સુન્દરી, તારો મેળાપ થયો કે તરત જ તું મને વદાય થવાનું કહે છે ? ના, ના; ત્રણે લોકના બદલામાં પણ હું હવે તારાથી જરા દૂર ખસવાને કબૂલ થાઉં નહિ. અને હવે, તારી ઇચ્છા હોય કે ન હોય, પણ હું તને મારી પત્ની અને રાણી બનાવીશ.

અને તે જ ક્ષણે હું ધારૂં છું કે કામદેવે જ મારા હૃદયમાં એક વિચાર સુઝાડયો. નીચે શાન્તિથી રાહ જોતી તે સ્ત્રી ભણી મેં તીવ્ર સ્નેહથી જોયું, અને મનમાં ધીરેથી કહ્યું: હે અલબેલી, તારી ઉપરાંત થઇને, તેમજ પૃથ્વી તથા સ્વર્ગની સર્વ શક્તિઓની ઉપરાંત થઇને, હું તારી પાસે રહીશ. પછી મોટેથી તેને કહ્યું: મારો છૂટકો નથી, અને તારી રજા છે, એટલે હું નીચે ઊતરૂં છું અને હાર લઇ ચાલ્યો જઇશ. એમ કહી મેં દિવાલ પરથી જાણી જોઇને કઢંગો ભૂસકો માર્યો; મારો ઇરાદો એવો હતો કે કૂદતાં મને વાગ્યું એમ હું કહીશ, પણ મારી ભાવના એવી સબળ હતી કે બન્યું એવું કે મને ખરેખર વાગ્યું જ. હું ગાંસડીની પેઠે પડયો, તેથી મારો પગ જમીન પર તે સ્ત્રીની પાસે જ કચરાયો; અને તે બ્હીને પાછી ખસી ગઈ. મેં ચીસ પાડી, અને ખરેખર તે ઢોંગની ચીસ નહોતી. તરત જ દયાર્દ્ર કંઠે તે બોલી: અરેરે ! મારી અશક્તિના કારણે તને ઇજા થઇ લાગે છે. તને વાગ્યું ? મેં કહ્યું: ના, કંઇ નહિ. મને જરા વિસામો લેવા દે, પછી હું જઇશ. તે ખંચાઇ, અને અનિશ્ચિત મને બોલી: આ એક દુર્ભાગ્ય અને સં-

કટની વાત થઇ પડી. કેમકે હું તને ઓળખતી નથી, તારે વિષે કશું જાણતી નથી; માટે મારાથી તારી પાસે રહેવાય નહિ. છતાં, તારા બોલથી તારા ગુણ સૂચવાતા હોય, તો મને લાગે છે કે મારે તારી બ્હીક રાખવાની જરૂર નથી. મેં ઉતાવળે કહ્યું: જરાએ બ્હીશ નહિ; હું તને મારૂં નામઠામ જણાવીશ, અને તારૂં નામઠામ સાંભળીશ. તું કોઇ સાધારણ પુરુષની સ્ત્રી નથી એટલું તો સ્પષ્ટ દેખાય છે જ. તે બોલી: મારૂં નામ વત્સતરી છે મારા પતિ રાજાના પ્રધાન છે. આ જ શહેરમાં નાહ પણ બીજાંએ શહેરમાં એમનું નામ જાણીતું છે, એટલે તું પણ જાણતો હશે.

હું ફરીથી એક વાર ચમકયો. અને મોટેથી બોલી ઉઠયો: શું ! તૃષોદધિની પત્ની ? તેણે કહ્યું: હા, તું બરોબર જાણે છે. એટલે હું ફરીથી બોલ્યો: હેં ખરેખર ? તૃષોદધિની ? બોલતાં બોલતાં મેં તેની ભણી હેબક ખાઇને જોયું. અને હું મનમાં ધીરેથી બબડયો: અફસોસ ! અફસોસ ! આ વિશાળ ત્રિલોકીમાંથી કોઇ બીજાની પત્ની હોત–ફકત એની ન હોત–તો કેવું સારૂં

આ સાંભળતાં તૃષોદધિ મનમાં બોલી ઉઠયો: હા, ખરેખર, તારૂં કહેવું ખરૂં છે. મારા સિવાય બીજો કોઇ એનો પતિ હોત તો ખરેખર સારૂં થાત. અને જપની વાત વીસરી જઇ, તેણે ક્ષોભથી કથા સાંભળ્યા કરી.

૭.

હાથી બોલ્યો: પીપળ, આશ્ચર્ય ને ભયના વજ્રથી વીંધાઇ હું તેના તરફ તાકી રહ્યો હતો એવામાં મારૂં હૈયું ભાગી ગયું: કેમકે ભૂલેભૂલે હું મારા પ્રધાનનો દ્રોહી બન્યો અને તેની પત્નીનો પૂજક બની ગયો, એમ મને જણાયું. હું સારી પેઠે સમજતો હતો, કે પ્રેમ કૃતજ્ઞતા કરતાં બળવત્તર બનશે, મિત્રતા કરતાં વધારે શક્તિમાન નીવડશે, અને મારા પ્રધાનનું આવી બન્યું. મેં વિચાર કર્યો: અરે ! દૈવ ને કામદેવે સંપ કરી, જેનો સમાગમ ન જ થાય તો સારૂં એમ મેં નિશ્ચય કર્યો હતો તેના જ સમાગમમાં, જાણે મારી ઇચ્છા વિરુદ્ધ, મને લાવી મૂકયો, અને જેની હું સન્માનથી પૂજા કરૂં તેનું જ અપમાન કરવાનો પ્રસંગ આણ્યો. પણ હવે શું કરૂં ? જે થવાનું છે તે થાય છે જ–એ હું સારી પેઠે સમજ્યો; હું, તે, ને તેનો પતિ નિમિત્ત માત્ર છીએ, અને અમારા કરતાં બળવાન શકિતઓ નચાવે છે તેમ નાચીએ છીએ વળી એક વાર હું બબડયો: વત્સતરી; તૃષોદધિ; એમ બને જ નહિ. એટલામાં તે બોલી: તું કોણ છે ? મને ને મારા પતિને તું સારી

પેઠે ઓળખતો જણાય છે; પણ આ બાબતમાં તને આટલો બધો વિસ્મય કેમ થાય છે વારુ ?

તેના સામું જોતાં હું કંપી ઊઠયો, અને મનમાં બોલ્યોઃ તે દેખતી નથી એ એક રીતે ઠીક છે. હું કોણ છું તે તેને કહેવાની મારી હિંમત ચાલતી નથી; કેમકે તેમ કરવાથી આખી વાત મારી જાય; કારણ કે મારા ચારિત્ર વિષે ઊડતી વાત તેણે સાંભળી જ હશે. પછી એક ક્ષણ વિચાર કરી હું એકદમ ખડખડ હસી પડયો, અને બોલ્યોઃ હે પોદધિપ્રિયે, કોઈ તને કામ સોંપે ને કહે, કે સમસમ કરતી રાતે ભરદરીએ જઈ ફલાણી વીંટી ગળી જનાર એક નાના મીનને અગાધ જળમાંથી પકડી લાવ; અને તું ત્યાં જાય ને આંખ મીંચીને પાણીમાં હાથ નાંખતાં તારા હાથમાં તે જ મીન આવી જાય, તો તું જ કહે કે જે વસ્તુ ગમે તેવા બુદ્ધિબળથી શોધી શકાય નહિ તે અકસ્માત તારા હાથમાં આવવાથી તું પણ વિસ્મિત ન થાય ? તેણે મ્હોં મલકાવી પૂછયું: ત્યારે તે મીન કયું વારુ ? હું કે તે ? મેં કહ્યું: તારૂં સુન્દર ગળું તે મીન છે, કેમકે પેલા હારને તારે ગળે વીંટળાવાનું કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ, તારા પતિ આપણને બેને ભેગાં જુએ તો તે તારા પર ગુસ્સે થાય એમ જરૂર તને બ્હીક લાગે છે, અને તેથી તને મારા વિષે વહેમ આવતો જણાય છે, માટે મારે તને કહેવું જોઇએ કે તેં મને અહીંયા વદાય કરી દીધો હોત તો તારો પતિ જરૂર તને ઠપકો દેત. આ વાત તે હમણાં ઘેર આવશે એટલે તે પોતે જ તને સ્પષ્ટ કહેશે. કેમકે હું એક રજપૂત છું, અને એક પડોશના રાજાનો ખાનગી એલચી છું. તારા પતિની રાજનીતિને લીધે મારા રાજાને એક અમૂલ્ય લાભ થયો છે. પણ તારા પતિએ બિલકુલ ઇનામ લેવા ના પાડી, તેથી મારા શેઠે—મારા રાજાએ મને કહ્યું: કૃતજ્ઞતા, નદીની પેઠે, એક બાજુએ રોકવાથી બીજી બાજુએ ફૂટી નીકળે છે; અને તૃષોદધિને હું કંઇ આપી શકું એમ નથી, તોપણ તેની સ્ત્રીને માટે હું કંઇ ભેટ મોકલી શકું એમ છે. કેમકે મેં સાંભળ્યું છે કે તે એક અનુપમ સુન્દરી છે. માટે તું આ મુક્તાહાર લઇ જા, અને એ ખોવાશે તો તારૂં માથું ડુલ સમજજે. રાતદહાડો ઘોડેસવાર થઇ રુરુ રાજાની નગરીમાં પહોંચ, તેના પ્રધાનને શોધી કાઢ, અને તેની પત્ની વત્સતરી કયાં છે એમ પૂછ. તે તારા સમક્ષ આવીને ઊભી રહે ત્યારે આ હાર તારે હાથે જ તેના ગળામાં પહેરાવજે, અને કહેજે આ ચિહ્નથી રાજા ચન્દ્રદત્ત જણાવે છે કે તારા અને તારા પતિના આભારના ભાર તળે હું હંમેશ દબાએલો રહીશ, અને સંકટને

સમયે આ હાર મને મોકલાવશો તો હું તમારી વહાર કરીશ. અને હવે, તું મને જડી તેથી હું ખૂબ ખુશ થયો છું; કેમકે આ હાર ખોવાય તો મારૂં માથું ફીટી જાય એ બ્હીકથી હું નીકળ્યો ત્યારનો બિલકુલ ઊંઘ્યો નથી. જે પંખીએ આ હાર મારા હાથમાંથી ઝૂંટાવી તારી પાસે નાંખ્યો તે ખરેખર કોઇ દેવતા હશે, કેમકે તે કોની પાસે લઇ જવાનો છે તે પંખી કેમ જાણી શકે ? માટે એ હાર તું લે, અને તારો પતિ તે જુએ ત્યારે મને બોલાવજે: એટલે હું તેને બધી વાત કહી ચાલ્યો જઇશ.

આ બધું તેણે ધ્યાનપૂર્વક સાંભળ્યું, અને હું આ ગપ મારતો હતો તે વખતે જાણે બરોબર મારી સામે તે જોઇ રહી હતી તેથી હું ધ્રૂજી ગયો. તે મને દેખતી નથી એ વિચારથી હું ખુશ થતો હતો, પણ તે સાથે જ તે અન્ધ છે એ વિષે મને શંકા થતી હતી. હું કહી રહ્યો એટલે તે વિચારમાં ઊભી રહી. તે વખતે હું તેને નિહાળતો હતો. આખરે જે થવાનું હોય તે થાય પણ અમારી વાતચીત લાંબી ચાલે અને હું તેને નિરાંતે નિહાળી શકું એવી આશાએ મેં એક ખરેખરૂં જુઠાણું ઊભું કર્યું એ જોઇ મને અત્યન્ત હર્ષ થયો. થોડી વારે તે બોલી: કયાં છે એ હાર ત્યારે ? મારા તરફ જે કમળ જેવી હથેળી તેણે ધરી હતી તેમાં મેં તે હાર મૂક્યો, અને મૂકતાં મૂકતાં તેની ભુજલતા તરફ મેં છાનાંમાનાં કોઇ જુએ નહિ તેમ દુષ્ટ બુદ્ધિથી નજર કરી લીધી. તેણે તે હાર લીધો, બધે હાથ ફેરવી જોયો, અને પેલા ધરડા જોગી આગળ થઇને હું આવ્યો ત્યારે તે જેમ માળાના મણકા ફેરવતો હતો તેમ એકએક મોતી તેણે ગણી જોયું. તે વખતે હું તેના ભણી તાકીને જોઇ રહ્યો હતો, શ્વાસ પણ ભાગ્યે જ લેતો હતો. થોડી વારે તે બોલી: આ મોતી તો બહુ મોટાં છે, નહિ વારૂ ? મેં કહ્યું: સમુદ્રમાં પણ એની જોડ નથી. તેણે સહેજ નિસાસો નાંખ્યો, ને દિલગીરીથી બોલી: મારા કરતાં કોઇ બીજી આંખોને માટે આ સુન્દર મોતી છે. હું બહુ જ આતુરતાથી જોઇ રહ્યો, અને મનમાં બોલ્યો: અરે ! આ મધુર સુન્દરી એની બીજી બધી ઊતરતી બહેનોના જેવી જ હશે, અને તે જોઇ શકતી નથી તે મોતીથી લોભાતી હશે ? હે પીપળ, જોકે મને તો એથી લાભ હતો, છતાં તે બીજી સ્ત્રીઓ જેવી છે એમ માની મને ઘણું દુ:ખ થયું. અરે ! પણ મેં તેને અન્યાય કર્યો, અને તેને ઓળખી નહિ: કેમકે તેના હૃદયમાં હું ન કળી શકયો એવો ભાવ હતો.

પછી એકાએક, મારી અટકળ પ્રમાણે અર્ધું મશ્કરીમાં અને અર્ધું

પહેરી જોવાની કંઇક ઇચ્છાથી, તેણે હારના બે છેડા હાથમાં પકડયા અને પોતાને ગળે ભેરવવા ગઇ. પેલાં ભાગ્યશાળી મોતી એક ક્ષણભર તેના ઉન્નત વક્ષ:સ્થળ પર વિરાજ્યાં. પણ તે ક્ષણે કેવળ ગભરાટમાં હું આત્મસંયમ રાખી શકયો નહિ. હું આગળ ધસ્યો ને ઉતાવળે કહેવા લાગ્યો: એમ નહિ, તને આંકડો ભેરવતાં આવડતું નથી. તે અન્ધ હતી એટલે મારો ઇરાદો કળી શકી નહિ, તેથી તે મને રોકે તે પહેલાં મેં મારા બંને હાથ–ઉન્મત્તતા ને ભયથી ધ્રૂજતા અને પોતાની ધૃષ્ટતાથી ચકિત થઇ કંપતા મારા બંને હાથ–તેના ગળાની આસપાસ એકદમ મૂક્યા, અને હારના બંને છેડા હાથમાં લઇ એકઠા કરી હું આંકડો ભેરવવા જતો હતો. અને તે જ ક્ષણે મેં જોયું તો, અકથ્ય નિરાશા રૂપી કાળાં અને ચળકતાં પાણીથી ભરપૂર ગુહાઓ જેવી આંખે મારા પ્રત્યે જોતો તેનો પતિ તૃષોદધિ બાગમાં દૂર ઊભેલો દીઠો !

આ સાંભળતાં તૃષોદધિએ મનમાં નિશ્વાસ મૂકયો. તે ક્ષણના સંસ્મરણથી તેના હૃદયમાં ઝાળ ઊઠી ને બેઠાં બેઠાં તેણે દુ:ખથી શરીર મરડયું. અને જપ જપવાનું બિલકુલ ભૂલી જઇ, તે કથાશેષ સાંભળવાને ઉત્કંઠિત થઇ રહ્યો.

૮.

હાથી બોલ્યો: પીપળ, અમારી આંખે આંખ મળતાં સાપની ઉગ્ર દષ્ટિથી મોહિત થએલા પક્ષીની પેઠે હું કેવળ સ્તબ્ધ ઊભો રહ્યો, ને હું શું કરતો હતો તેમજ મારા હાથમાં હું શું ઝાલી રહ્યો હતો તેનું બિલકુલ ભાન ભૂલી ગયો. તે તો એકાએક પાછો ફર્યો અને પાછું જોયા વગર જ ચાલતો થયો. તે જ ક્ષણે, તેનો પતિ ત્યાં આવ્યો હતો તેથી હું સ્તબ્ધ બની ગયો એ વાતથી તદ્દન અજાણ વત્સતરીએ મને એટલા જોરથી ધક્કો માર્યો, કે હું પડતાં પડતાં રહી ગયો. તેના પતિએ ભંગાણ પડાવ્યું એ જ વિચારમાં લીન થઇ હું સ્વપ્નામાં હોઉં તેમ તેના તરફ તાકી રહ્યો, તે વેળાએ મેં તેના મ્હોં પર ક્રોધને લીધે ઉષાના જેવી રતાશ ચઢી આવતી જોઈ, અને એક રાણીની પેઠે ઊભી રહીને તેણે પોતાની વક્ર ભ્રૂકુટિ ચઢાવી, ને ક્રોધથી કંપતા અવાજે તે બોલી ઊઠી: બાયલા, હું અબળા છું તેનો તું લાભ લેવાની હિંમત કરે છે કેમ ? જા, મર અહીંથી, અને મારી પાસે આવવું હોય તો મારા પતિની આજ્ઞા સિવાય નહિ બને. એમ કહી તેણે પેલો વણ-બાંધેલો હાર પોતાના ગળામાંથી ખેંચી જોસબંધ ફેંકી દીધો, અને તે ક્યાં પડશે તેની જરાએ પરવા કરી નહિ. હું તો તેના ઊકળાટથી

અને તેના પતિના દર્શનથી એવો દબાઇ ગયો કે ક્ષોભમાં મેં એકદમ તેનું કહેવું માથે ચઢાવ્યું. મેં કહ્યું: હે તૃષોદધિનિ સ્ત્રી, તું ભૂલ કરે છે અને અન્યાય કરે છે, પણ હું તારી આજ્ઞા માથે ચઢાવું છું. હારની વાત તદ્દન વીસરી જઇ હું દિવાલ પર ચઢી ગયો, ને ઉતાવળે ઘેર જતાં આમ વિચાર કરવા લાગ્યો: હવે, ઘણુંખરૂં, તે તેને મારી નાંખશે. અને જો એમ થશે તો હું પોતે જ કમોતે મરીશ, કેમકે મારાથી તેના વગર જીવાશે નહિ. પણ કરવું શું ? હું ઘેર પહોંચ્યો કે તરત જ મેં ઉતાવળે તૃષોદધિને તેડું મોકલ્યું, અગરજો તે આવશે ત્યારે તેને હું શું કહીશ તેનો મેં વિચાર કર્યો નહતો. પણ તરત જ મારા દૂતો પાછા આવ્યા અને કહેવા લાગ્યા: મહારાજ, તૃષોદધિ તો કંઇએ જડતા નથી. જેવા જડે કે તરત જ તેમને અહીં લાવજો એવો હુકમ કરી મેં તેમને વદાય કર્યા. તે આખી રાત મને ઊંઘ આવી નહિ, હું આતુરતાથી રાહ જોતો બેઠો; વત્સતરીની મૂર્તિ મારા મ્હોં આગળ તર્યા કરતી હતી, અને તેનો જાન જશે એમ મને ભય રહેતો હતો. સવારમાં પેલા દૂતો ફરીથી આવ્યા અને બોલ્યા: મહારાજ તૃષોદધિ અદૃશ્ય થઈ ગયા છે; તે ક્યાં ગયા છે તે વિષે અથવા તેમની કંઇ પણ માહીતી કોઈ આપતું નથી.

આ સાંભળી મેં વિચાર કર્યો: ખરેખર, તે કોઇક ઠેકાણે ભરાઇ બેઠો છે, કેમકે તેને એમ બ્હીક લાગતી હશે કે રાજા હવે મને મારી નાખશે. મેં બધે ઠેકાણે તેની તપાસ કરવા માણસો મોકલ્યાં; અને તે દર્મિયાન હું ગુપ્ત રીતે પેલા બાગ આગળ ફરીથી ગયો, દિવાલ પર ચઢયો, પણ તે બાગ સૂનો હતો, કેમકે વત્સતરી ત્યાં ન હતી. નિરાશાથી કાયર થઇ થોડી વાર પછી હું ઘેર પાછો આવ્યો, અને મને સમાચાર મળ્યા કે હજી સુધી તૃષોદધિનો ક્યાંએ પત્તો મળતો નથી. આમ ઘણા દિવસ ચાલ્યું; હું રોજ તે બાગમાં વત્સતરીને શોધવા જતો, પણ વ્યર્થ; જાણે તેણે ને તૃષોદધિએ પાછળ કાંઇ પણ નામ નિશાની મૂકયા વગર સાથે જ ગૂમ થઇ જવાનો પ્રપંચ રચ્યો હોય એમ જણાવા લાગ્યું. પણ થોડે કાળે મને એમ જણાયું કે તૃષોદધિની પત્ની મારી પેઠે જ તેની તપાસમાં છે, ત્યારે મેં તેને રાજા તરફનો એક સંદેશો મોકલ્યો, અને કહાવ્યું; તારો પતિ ગૂમ થઇ ગયો છે; કોઇ શત્રુએ એને મારી નાંખ્યો હોય એમ મને ઘણો ભય રહે છે; અને તેની બુદ્ધિને અભાવે મારૂં રાજ્ય અવ્યવસ્થિત થઈ ગયું છે. તેને શોધી કહાડવાને હું ભગીરથ પ્રયત્ન કરી રહ્યો છું. તે તને વિદિત હો; તું જરા

પણ ગભરાઇશ નહિં. કદાચ તે પોતાની રાજનીતિને અંગે જાણી જોઇને ક્યાંક નીકળી પડયો હશે.

આખરે, અસહ્ય સોસથી પીડિત અને તેનો વિયોગ વધારે વખત સહન કરવાને અશક્ત બની હું રોજની પેઠે એક દહાડો બાગ આગળ ગયો, દિવાલ પર ચઢયો, અને નીચે જોયું.•અહા! તે ત્યાં પાછી ઊભેલી હતી, દિવાલ પર મારી તરફ જોતી હતી, અને પહેલાંની પેઠે કાન દઇ સાંભળતી હતી. તેનાં દર્શનથી મારા હૃદયમાં હરખ તો માય નહિ. એકદમ, રજા માગ્યા વગર જ, હું દિવાલ પરથી નીચે કૂદી પડયો, અને તેના ભણી ગયો; અને હું ચાલતો હતો તે વારે મારા પગ તળે કંઇક હાલ્યું. મેં જોયું તો હાર દીઠો. તેણે ફેંકી દીધો હતો ત્યારનો તે ત્યાંજ પડી રહ્યો હતો. તેને ત્યાં પડેલો રહેવા દઇ હું બોલ્યો: હે તૃષોદધિપ્રિયે, મેં તને આખરે શોધી કહાડી લાગે છે. હવે વિલંબ કર્યા વગર સાંભળ; મને બ્હીક રહે છે કે કદાચ આટલી સંભાળ લીધા છતાં આપણી વાતચીત કોઇ ચાર સાંભળી જાય. તેણે શાંતિથી પૂછ્યું: શું છે? મેં કહ્યું: તું જાણે છે કે આપણો પ્રથમ મેળાપ થયો ત્યારનો તારો પતિ ગૂમ થઇ ગયો છે. તેણે કહ્યું: હા, હું જાણું છું. મેં પૂછ્યું: તે ક્યાં ગયો છે તે તું જાણે છે? તેણે કહ્યું: ના. હું બોલ્યો: હું તને તે કહેવા અહીં આવ્યો છું. કેમકે હું તારી પાસેથી ગયો કે તરતજ હું તેની પાસે જઇ પહોંચ્યો; અને તે વખતે તે પ્રવાસે નીકળવાની તૈયારીમાં હતો. મેં તેને બગીચામાંના આપણા સમાગમની વાત કહી. તે તેણે સાંભળી, અને હું કહી રહ્યો એટલે તે ઉતાવળે બોલ્યો: અત્યારે મુક્તાહારનો વખત નથી. કેમકે મને બાતમી મળી છે કે રુરુ રાજાએ કોઇક પ્રકારે મારી પત્નીનાં દર્શન કર્યાં છે, અને તે તેના પર એટલો બધો મોહિત થઇ ગયો છે કે તેને નિંદ પણ આવતી નથી. તે હવે શું કરશે તે હું સારી પેઠે સમજું છું, કેમકે બીજી સ્ત્રીઓ તરફનું તેનુ વર્તન જગજાહેર છે. માટે હજી વખત છે, અને હું નાસી જાઉં છું; કારણ કે જો તે મને પકડી શકે, તો હું ને તે બંને સમજીએ છીએ કે તે વત્સતરીને પણ પકડી શકશે. જ્યાં હું ત્યાં જ તે, કેમકે તેના જેવી સાધ્વી સ્ત્રી સ્વપ્નમાં પણ પતિનો ત્યાગ કરી શકે નહિ. પણ જો હું તેના પંજામાંથી બહાર છટકી જાઉં—અને હું હમણાં જ નાસી જવાનો છું—તો મારી પત્ની પણ સલામત રહેશે. કારણ કે તે છચોક તેનું હરણ કરી શકે નહિ, થોડા વખત સુધી તો તેમ નહિ જ કરી શકે, અને તે દર્મિયાન

હું તેને ગુપ્ત રીતે ખસેડી લઇશ. અને હવે ખરી અણીને વખતે કોઇ દૈવે જ તને મારી પાસે મોકલ્યો લાગે છે; અને કોઇ પણ મુક્તાહાર કરતાં વધારે કિંમતી વસ્તુ તરીકે હું તને મારી પત્ની સોંપું છું. જલદી તેની પાસે જા, કેમકે તારા પર કોઇ વહેમાશે નહિ, અને તેને મારી પાસે લઇ આવ. મારા ઘરના કોઇ માણસને આ વાત કહીશ નહિ, કેમકે તે બધાં રાજાથી બ્હીએ છે, અને કદાચ ખાનગી રીતે રાજાએ તેમને લાંચ પણ આપી હોય. પણ તારે રાજાનો શિકાર પડાવી લેવામાં મને મદદ કરવી જ જોઈશે. પછી તેણે મને પોતાની સંતાવાની જગા બતાવી અને ત્યાંથી ચાલતો થયો. તે દિવસથી દરરોજ હું તને આ બગીચામાં શોધું છું, અને તેના ઘરનું કોઇ ન જાણે એવી રીતે તને મળવાનો પ્રયત્ન કર્યા કરૂં છું. આજે આખરે તારો મેળાપ થયો છે, અને હવે તને લઇ જવા માટે હું ક્યારે અને કેવી રીતે આવું તેની ગોઠવણ કરવી જ બાકી રહી છે. વિલંબ મા કર, કેમકે રાજા તારી તપાસમાં જ છે; અને ઘડી જાય છે તે વરસ જેટલી છે. આ હારથી જ તને મારા પર વિશ્વાસ આવવો જોઈએ. જો, તેં ફેંકી દીધો હતો ત્યાં ને ત્યાં જ તે પડેલો છે; મારે લઇ જવો હોત તો માત્ર ઊંચકી લેવાનો જ હતો.

આ સાંભળતાં તૃષોદધિએ દાંત પીસ્યા, અને મનમાં ઉદ્ગાર કાઢ્યો: હા ! જુઠા રાજા, અસત્યવાદી ચોર, આ હાથીની તો શું, પણ એથી વધારે નીચ યોનિમાં જન્મવાને તું લાયક જ છે.

૯.

હાથી બોલ્યો: પીપળ, હું અટક્યો એટલે તે અનિમેષ આંખોવાળી સ્ત્રી મારા તરફ તિરસ્કારથી ખડખડ ખડખડ હસી પડી. તેના અટ્ટહાસના પ્રવાહથી સ્તબ્ધ બની જઇ હું મુંઝવણમાં જ ઊભો હતો, એટલામાં તે એકાએક બંધ થઇ ગઇ ને બોલી: હે રુરુ રાજા, તારી અદ્ભુત કપટમય બુદ્ધિને માટે હું તને અન્તઃકરણપૂર્વક અભિનન્દન દઉં છું. મને છેતરવાને તું બીજો શો પ્રપંચ રચશે તે જાણવાને હું ઉત્સુક હતી. તારી લુચ્ચાઇ જોઇ મને આનંદ થાય છે, અને તું તારા ધંધામાં અને સ્ત્રીજાતિને ફોસલાવવાની કળામાં એટલો નિપુણ છે, કે હું ધારૂં છું કે રાજા ભર્તૃહરિ પણ તારી તોલે આવે નહિ. પણ હવે પાડાની પેઠે અસત્ય ને કપટરૂપી કાદવમાં આળોટવું મૂકી દે, અને મને સાચેસાચું કહે કે તેં મારા પતિની શી વલે કરી છે ? તું જાણ કે મારે તને આ પ્રશ્ન પૂછવો ન હોત તો તું

મને આજે અહીં જોઈ શકત જ નહિ. તેં તેને મારી નાંખ્યો છે, કે સંતાડી દીધો છે, કે શું કર્યું છે ?

તે બોલતી હતી ત્યારે મારા પર પ્રહાર થયો હોય તેમ હું આકુળ-વ્યાકુળ થઇ ગયો. અને મેં ઉદ્ગાર કહાડયો: હે સતી, તું સ્વપ્નામાં છે ? નહિં તો આમ બકવાટ ન કરે. એટલે તેણે પોતાનો નાજુક પગ ગુસ્સામાં જમીન પર પછાડયો. અને દઢતાથી છતાં તિરસ્કારથી બોલી: હે રાજા, મધ્યાહ્નને સૂર્ય ઢાંકયો રહે પણ રાજા ઢાંકયો ન રહે, એ હજી તારા અનુભવથી તું શીખ્યો નથી ? અને સેંકડો સ્ત્રીઓના સમાગમથી પણ તને હજી ખબર પડી નથી, કે કપટ અને કળામાં નિષ્ણાત રાજાને પણ એક સ્ત્રી–મારા જેવી અપૂર્ણ સ્ત્રી પણ–કપટના ભેદ શીખવી શકે ? શું તું એક અન્ધ જનથી પણ મ્હાત થઇ ગયો ? એના જેવી નમ્ર સ્ત્રીને પણ આમ ગર્વિષ્ઠ થવાનું એકાએક કારણ મળ્યું તેથી સ્તબ્ધ બની જઈ હું તેના સામે તાકી રહ્યો હતો. તેનાં લાવણ્ય અને કળાએ મારા ક્રોધને હરી લીધો ને હું વિવશ બની ગયો. એટલામાં તે હસી પડી ને તરત જ બોલી: અરે ! આખરે તું ચૂપ થઈ ગયો, અને અસત્ય ને બદલે સત્ય બોલવાનો પ્રસંગ આવ્યો ત્યારે તારી વાચાળતા કયાં ગઇ ? તું રાજા છે એવો મને પ્રથમથી જ વહેમ પડયો હતો, કારણ કે તારા અવાજમાં ઉપરિપણાનો પડઘો સંભળાતો હતો. અને એટલા જ માટે મેં જાણી જોઇને તારા હારને હાથમાં લીધો, અને તેની કંમત વિષે ખાતરી કરી. મેં તે વખતે મનમાં વિચાર્યું આ આભૂષણ રાજા સિવાય કોઇનું હોય જ નહિ. એ હાર એક પક્ષી અહીં લઇ આવ્યું એ વાત પણ પેલી મીનની વાતની પેઠે જોડી કહાડેલી જ હતી, એ હું સારી પેઠે સમજું છું. મને ફસાવવાને માટે એક લાલચ તરીકે જ તું એ હાર લાવ્યો હતો. સ્ત્રી જાતિના સ્વભાવથી વાકેફ હોઇ તેં એ વડે મને ફોસલાવવાની ઉમેદ રાખી હતી. ત્યાર પછી, તને ખબર પડે નહિ એવી રીતે, એક બે દિવસ પર, રાજાનો અવાજ સંભળાય એવી જગાએ હું પાલખીમાં બેસીને ગઇ, અને ખરેખર મેં તારો સાદ ઓળખ્યો. માટે હવે ઢાંકપિછોડો કરવો મૂકી દે, કેમકે અન્ધ જન પણ સહેજ સમજી શકે એટલી બધી વાત ઉઘાડી છે. અને મને કહે કે તેં મારા પતિની શી વલે કરી છે ? પત્નીને ભેટવાના પૂર્વરંગ રૂપે તેં પતિનું ખૂન તો કર્યું નથી ?

મેં ઉતાવળમાં જવાબ દીધો: હે અજબ સુન્દરી, તારો પતિ અલોપ

થઇ ગયો તે વિષે હું તારા જેવો જ અજાણ ન હોઉં તો મારા જીવના જ સમ. બલ્કે, તેને શોધી કાઢવા મેં વ્યર્થ પ્રયત્ન કર્યાં છે, અને તે કેમ ગૂમ થઇ ગયો તે હું કળી શકતો નથી. તેણે કહ્યું: તું વાત ઊડાવવાનું કરે છે; તેની નાસભાગનું કારણ તું ભલે ન જાણતો હોય, પણ હું તો જાણું છું. મારી ખાતરી છે, કે મારા ઉપરના તારા પ્રપંચ સાથે તે વાતને ગમે તે પ્રકારે સંબન્ધ હોવો જ જોઇએ. કેમકે જોકે મને સમજણ પડતી નથી તોપણ એ બંને વાત એકી વખતે બનેલી છે.

પીપળ, તે બોલતી હતી ત્યારે તેની બુદ્ધિથી હું ચકિત થઇ ગયો. જોકે તેની અન્ધતાના કારણે તેણે તેના પતિને મારી પેઠે બગીચામાં જોયો નહોતો, તથાપિ તેણે સત્ય લગભગ શોધી કાઢ્યું. હું બોલ્યો: વત્સતરી, હું સમ ખાઇને કહું છું કે તારો પતિ સ્વેચ્છાથી જ અદૃશ્ય થઇ ગયો છે, અને તેની સામે કશોએ પ્રપંચ રચવા રૂપી પાપ મેં કર્યું નથી. ઉલટું તેની ગેરહાજરીથી મારૂં રાજ્ય કથળે છે. તેણે કહ્યું: કોઇ પણ બાબતમાં હવે તારા વચન પર વિશ્વાસ રાખવા જેવું તેં રાખ્યું નથ છતાં આ બાબતમાં તારા વચન પર વિશ્વાસ રાખ્યા વગર તારૂં કહેવું મને કંઇક ખરૂં લાગે છે. પરંતુ જોકે તેં એમને વસ્તુતઃ આઘાપાછા કરી દીધા નહિ હોય, તોપણ તારા કાર્યને લીધે જ એમને ખસી જવું પડયું છે. નિઃસંદેહ એમણે તારો પ્રપંચ કોઇ પણ રીતે જાણી લીધો અને તેથી નાસી ગયા, અને અરે! એટલેથી જ વાત અટકી હોય તો સારૂં. સહજ જિજ્ઞાસાથી મેં તેમને વહેમ પડે તેવું કામ કર્યું તેટલા માટે હું મારી જાતને સખ્ત ઠપકો દઉં છું; હાર પહેરાવવાને નિમિત્તે તેં તારા હાથ મારા ગળાની આસપાસ મૂકયા અને બાયલાની પેઠે મારી અન્ધતાનો લાભ લીધો, તે વખતે એ અહીંઆં નહોતા તોપણ હું અપરાધી છું એમ મને લાગ્યું હતું. અને એ જ્યારે પાછા આવશે ત્યારે આ વાત તેમને કહીશ અને મારા ગુન્હા બદલ તેમની ક્ષમા માગીશ; અગરજો એ ગુન્હો મારી અન્ધતાને લીધે અને તારા નિન્દ્ય વિશ્વાસઘાતને લીધે થએલો છે.

નૃપોદધિએ આ સાંભળ્યું અને મનમાં ઉદ્‌ગાર કાઢયો: અહો! પવિત્ર આત્માવાળી સ્ત્રીઓનું અન્તર્જ્ઞાન અજબ તરેહનું હોય છે; કેમકે તેણે ખરે-ખરૂં સત્ય શોધી કાઢ્યું. અરે! સ્વપ્નમાં મેં એના ઉપર વહેમ આણ્યો હોય તોએ મને ધિક્ છે! અને જપની વાત ભૂલી જઇ તેણે કથા સાંભળ્યા કરી.

૧૦.

હાથી બોલ્યો: પીપળ, કશો પણ ઉત્તર ના દઈ શકાયાથી મેં મૌન ધારી તેના સામે જોયાં જ કીધું. તેણે જે જે કહ્યું તેનાથી હું જ ગુન્હેગાર ઠરતો હતો, છતાં તેને માટે અફસોસની વાત એ હતી કે તેનાં વચનોથી, બળતામાં ઘી હોમાય તેમ, મારો કામાગ્નિ વધારે પ્રદીપ્ત થયો. તેનો ક્રોધ, તેનું દુ:ખ, તેનો પશ્ચાત્તાપ, અને તેનું અદ્‌ભુત બુદ્ધિચાતુર્ય—એ સર્વથી તે પહેલાંના કરતાં મને વધારે મનોહર લાગી; અને કોઈ દીપકનો પ્રકાશ દૂધિયા પથ્થર પર પડી પાછો ભભકભર્યો ઝળહળે, તેમ મારો દુરાચાર તેની પવિત્રતાથી પાછો ઠેલાઇ મને અકારો થઈ પડયો. તે એકાએક જમીન પર બેસી ગઈ, અને બોલી: તું ત્યાં મારી સંમુખ ઊભો રહે, ને સાંભળ. મારા પતિ ક્યાં જતા રહ્યા અને શામાટે જતા રહ્યા એ વાત બાજુએ રહી, પણ હવે તેં શું કરવા ધાર્યું છે? તારા પંજામાં સપડાએલી આ હું અહીં બેઠી, અને વળી છેક નિરાધાર સ્થિતિમાં; તારા મનોરથ પૂરા કરવાને હવે કશી આડખીલ નથી. માટે મને કહે કે તારો શો ઇરાદો છે. તે રાહ જોતી બેઠી; હું એકે શબ્દ બોલ્યો નહિ, માત્ર તેને મોહથી નિહાળતો હતો, અને તેની અન્ધતા રૂપી ઢાલની પાછળ જાણે સંતાતો ફરતો હતો. થોડી વારે તે ફરીથી બોલી: તેં કેમ મુનિવ્રત લીધું છે? મારો ઉપભોગ શી રીતે કરવો તેના વિચારમાં પડયો છે? એવી તસ્દી લેતો મા, કેમકે હું મારી મેળે જ તને કહીશ. તું રાજા છે, કેમ નહિ? તારી પાસે કોઈ પણ નીચ કામ કરવાને નોકરો તૈયાર હશે. તેમને રાતે કોઈ ન જાણે એમ મોકલજે, તેઓ મને ઉપાડી જશે એટલે તારો બેડો પાર. તે ફરીથી હસી પડી અને બોલી: અથવા શું તેં એમ ધાર્યું હતું કે તારા અનુભવમાં આવેલી બીજી સ્ત્રીઓની પેઠે હું પણ રાજા જેવો માણસ મારા પર આસક્ત બન્યો છે એ જાણી ફુલાઈ જઈશ? તો પછી તારી ઉચ્ચ પદવી મારાથી ગુપ્ત રાખવાને તેં શા-માટે પ્રયાસ કર્યો? ખરેખર તારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. તું જાણતો નથી કે ઘણુંખરૂં સ્ત્રીઓ, દીવાની આસપાસ ભમતાં મૂર્ખ પતંગીઆંની પેઠે, રાજાની આસપાસ ભમે છે, અને તેના ભપકાનો ક્ષણમાત્ર ઉપભોગ કરવા બદલ પોતાની આબરૂ રૂપી પાંખો તેમજ પતિની સુકીર્તિ રૂપી પોતાના જીવને હોમવાને તત્પર હોય છે? અથવા શું તેં એક પુરુષ તરીકેનું તારૂં સૌન્દર્ય મને લલચાવશે એમ ધાર્યું હતું? મેં સાંભળ્યું છે કે તારા રાજ્ય-માંનો કોઈ પણ પુરુષ સૌન્દર્યમાં તારી બરાબરી કરી શકે એમ નથી. પણ

હું અન્ધ છું, તેથી તારી પ્રશંસા કરી શકું એમ નથી; તેમજ હું બ્હીકથી નાસી જાઉં એટલો બધો તું વરવો હોત તોપણ હું તારા પ્રત્યે અરુચિ દેખાડત નહિ. અરે, હું સાચું કહું છું કે તા બાહ્ય રૂપ તારા આન્તર સ્વ-રૂપને મળતું આવતું હોય, તો તું નક્કી ઘણો વરવો છે; અને હું દેખતી નથી એ વાતથી મારા જીવનમાં આજે પહેલી જ ર મને આનન્દ થાય છે. અને અત્યન્ત નિરાશાથી તાવ આવ્યો હોય તેવા મનુષ્યની પેઠે તે ફરીથી હસી પડી; આ બધો જ વખત હું તો તેના સંમુખ મૌન ધારી ઊભો જ રહ્યો હતો, તેના ઉપર તેમજ મારા પોતાના ઉપર ખૂબ ગુસ્સે થતો હતો; છતાં તેણે જે જે કહ્યું તેથી તેનાથી વિમુખ થવાને બદલે તેના પ્રતિ અભિમુખ થતો ગયો.

પછી ઓચિન્તી તે બોલી: મહારાજ, મારો કેડો લેવાનું મૂળ કારણ શું? ચાલ, હૈયું ઉઘાડીને વાત કર. મારો પ્રેમ જ તારે જોઇએ, કેમ નહિ? હું બોલી ઊઠ્યો: હા, ખરેખર, તારો પ્રેમ જ; અને તેને માટે હું મારું આખું રાજ્ય ખોવા તૈયાર છું. એટલે તેણે કહ્યું: જો, દરેક રીતે તેં મૂર્ખાઇ જ કરી છે. અરે! પતિનું ખૂન કરી પત્નીનો પ્રેમ પ્રાપ્ત કરવો! તો જે સ્ત્રીની પૂજા કરવા તું તત્પર થયો છે તે કેવી રાક્ષસી હોવી જોઇએ! હું ઝડપથી બોલ્યો: મેં તને નથી કહ્યું કે મેં તારા પતિનું ખૂન નથી કર્યું? વળી, હે ચંડી, દરેક સ્ત્રી પતિને ચહાય છે? તારો પતિ તો તારા કરતાં ઘણો ઘરડો છે, અને વળી તને એકલી જ રાખે છે. તરત જ તેણે કાને હાથ દીધા, અને બોલી: જો મારા પતિ વિરુદ્ધ એક અક્ષર તું બોલ્યો, તો હું આંધળી તો છું અને બહેરી પણ થઇશ. મારા પતિ મને તને સોંપીને જ ચાલ્યા ગયા છે, એવું તેં મને સમજાવવાનો કેમ પ્રયત્ન ના કર્યો? તું મને લેખે છે એવી જ સ્ત્રી હું હોત, તો એથી તને જરૂર લાભ થાત. અથવા પૈસા આપી મારા પતિ પાસેથી મને વેચાતી લેવાનો તેં કેમ પ્રયાસ ના કર્યો? તુ ધનાઢ્ય છે. કદાચ એમ હશે, કે સો ટચના સોનાનો મેરુ તું આપે તોપણ મારા પતિ મને વેચે નહિ, એ વાતથી તું સારી પેઠે વાકેફ હઇશ. ત્યારે જે વસ્તુ તે વેચવા ઇચ્છતા નથી તે તેમની પાસેથી કપટથી પડાવી લેવાનો પ્રયત્ન કરનાર તું ચોર નહિ તો ચોરનો કાકો?

આ સાંભળી તૃષોદધિ મનમાં ધીરેથી બોલ્યો: અહા! શાબાશ છે! ઠીક કહ્યું! હે વજ્રપ્રમાણુ પત્ની, તે તારા સંમુખ મૂકભાવે ને નીચે મ્હોંએ જ ઊભો રહેવાને લાયક છે અને જપ જપવા ભૂલી જઇ તેણે વાર્તા સાંભળ્યા કરી.

૧૧.

હાથી બોલ્યોઃ હે પીપળ, તે જાણતી નહોતી કે આ પ્રમાણે મને મ્હાત કરવામાં તે પોતે જ મ્હાત થતી હતી, કેમકે તેના વર્તનથી તે મારા હૃદય પર વધારે ને વધારે પ્રભુતા પામતી હતી. તે બધો જ વખત તિરસ્કાર રૂપી અગ્નિથી તે જાણે મને બાળીને ભસ્મ કરી દેતી હતી; પરંતુ અજાયબ જેવી વાત છે કે તે જ ભસ્મમાંથી એક જુદા પ્રકારનો પણ વધારે ભીષણ અગ્નિ તે ઊપજાવતી હતીઃ મને ફટ કહેનાર જનનું તન અને મન એટલું બધું અવર્ણ્ય લાવણ્યથી ઊભરાતું હતું. પછી એકાએક, પોતાની અનાથ સ્થિતિના ભાનથી જાણે નિરાશ બની ગઇ હોય તેમ, તે હસવું મૂકી દઇ રોવા મંડી પડી. બેઠાં બેઠાં શરીર આગળ પાછળ હલાવીને તે રોઇ; અત્યન્ત દયાર્દ્ર હૃદયે હું તેના ભણી જોઇ રહ્યો, તેના દુઃખનું કારણ હું છું તે જોઇ હું વિવશ બન્યો, છતાં તેને મારી પોતાની કરવાનો મારો નિશ્ચય વધારે નિષ્ઠુર બન્યો. અરે! પ્રેમની નિષ્ઠુરતા અતિ ભયંકર છે, વજ્રહૃદયનો થઇ તે પોતાના પ્રેમપાત્રના હૃદયને વીંધી નાખે છે; અને પ્રેમી જનનું વર્તન પણ અતિ વિચિત્ર છે, જેને માટે માથું આપવાને આતુર છે તેના પ્રત્યે તે અભાવથી વર્તે છે અને તેને નિર્દયપણે દુઃખી દુઃખી કરી નાંખે છે. કેમકે તેને મારા હાથમાં લઇ શાન્ત કરવા બદલ હું મારૂં રાજ્ય આપી દેત; છતાં તેનો ઠપકો મારા હૃદયે બિલકુલ સાંભળ્યો નહિ, અને તેનો નિશ્ચય તોડાવી તેને મારે સ્વાધીન બનાવવામાં જ તે દૃઢ રહ્યું. અને હું તો ઊભો જ રહ્યો, અને તેના દુઃખનું વાદળ વીખરાઇ જાય ને જે સ્થિતિ ફેરવવાને હું અસમર્થ હતો તે તે પોતે જ ફેરવે તેની રાહ જોવા લાગ્યો. આખરે તેણે માથું ઉંચું કર્યું, અને કહ્યુંઃ હે રાજા, તારે કરવું હોય તે કર. શું તને દયા કે કરૂણા કાંઇએ નહિ આવે? તારે મારો પ્રેમ જોઇએ છે? તો પછી, જે ઉમળકાથી આપવામાં આવે તો જ મીઠો લાગે છે તે બળાત્કારે લેવાથી તને શો લાભ થશે વારૂ? અથવા ચેતનરહિત મૃત શરીરને તું શું કરશે? શું તું શબ પર પ્રેમ કરીશ, અથવા શબ તારા પર પ્રતિપ્રેમ કરશે? પ્રેત સાથેના આવા સમાગમને તું પ્રેમ કહેશે? હું ખરૂં કહું છું, કે આવો પ્રેમ એક દિવસમાં પલટાઇ જશે ને પરિણામે દ્વેષ નીપજશે.

હું બોલી ઊઠ્યોઃ અરે! વત્સતરી, તું મા બોલ, મા બોલ, કે તું મને ચહાઇ શકશે નહિ; અને તું મરવાની વાત મા કર, કેમકે તું મારૂં જીવિત છે અને જાણે તું મારો આત્મા જ છે. અરે, ખરૂં પૂછે તો તારા વિનાનો

હું જ તદ્દન મુએલો છું. અરે! આટલાં બધાં વર્ષો મેં મરણદશામાં જ ગાળ્યાં છે; અને આ દિવાલ પર હું પ્રથમ ચઢ્યો ને નીચે મારા જીવિતસમાન તને ઊભેલી જોઇ, ત્યારથી જ હું જીવન્ત દશામાં આવ્યો છું. અફસોસ! વત્સતરી, તું દયા કે કરુણાની વાત કરે છે, પણ પથ્થર કરતાં કઠણ દીસતા તારા પેલા હૃદયમાં એમાંથી એકેનો લેશ પણ કયાં છે? અથવા તું પોતે અન્ધ છે એટલે બીજા બધા પણ અન્ધ છે એમ તું ધારે છે? અરે, હું ખરેખર અન્ધ હોત અને તને જોઇ શક્તો ન હોત તો કેવું સારૂં! કેમકે આ તો તારાં દર્શન કરવાં એ કાલકૂટ[1] કરતાં પણ વધારે નિષ્ઠુર વિષ છેઃ કાલકૂટ પિવાય એવું હતું, પરંતુ તારૂં નીલ ઉન્માદક લાવણ્ય[2] દૂરથી જ વિઘાતક થાય છે, રણમાં પ્રવાસીને મૃગજળ દેખાડી તેની તૃષ્ણા સતેજ કરી તેને પાન વગર પાછો જ કહાડે છે. અરે! ખરેખર તું માયાની મૂર્તિ છે, લવણ સમુદ્ર કરતાં એ વધારે અકારી છે; કેમકે જીભ ને આંખ બંનેને તું લાવણ્યમય[2] લાગે છે. મરી પડવાની ધમકી આપી મને અહીંથી કહાડી જ મૂકવો હતો, તો પછી શામાટે તેં મને તારી અગાધ ને અકળ આંખોથી લોભાવ્યો. અને તારી ડૂકાવનારી છાતીના ધબકારા રૂપી મોજાના ઊછાળાથી મારી બુદ્ધિને ભ્રષ્ટ કરી મને બેભાન કર્યો? શું મારા વિનાશને જ અર્થે વિધાતાએ તારૂં અનુપમ સૌન્દર્ય ઘડ્યું, અને તારા દેહના પ્રત્યેક વિભ્રમમાં સ્ત્રીત્વને સુયોગ્ય આવી મધુરી મીઠાશ મૂકી? સ્ત્રીજાતિની સુકોમલ ને આકર્ષક મધુરતાના આદર્શરૂપ તારા જેવી સ્ત્રીને માટે મારામાં મદનાનળ તેણે શામાટે પ્રગટાવ્યો? શું ઉપહાસમાં મને તેનાં સાક્ષાત્ દર્શન કરાવી પછી એમ કહેવા માટે, કે "તું એ વાત હવે વીસરી જા, તું અહીંથી જતો રહે, કેમકે એ તો બીજાના ઉપભોગને અર્થે છે"? ના, ના, હું અહીંથી જવાનો નથી, મારૂં કહ્યું માન કે આપણા બેનો વિયોગ કરવાને તું ફોગટ ફાંફાં મારે છે. હું તો આપણા બેની એવી સજડ ગાંઠ બાંધવાને ખુશી છું, કે ઉમામહેશ્વરની પેઠે તું ને હું એક જ થઇ જઇએ, અને મારી અર્ધાંગના રૂપે તું મારી ન્યૂનતાપૂરક હોઇ તારા હૃદયમાં મારી અને મારા હૃદયમાં તારી મૂર્તિ બેસાડે.

તે બોલીઃ ના, એ વાત અશક્ય છે, કેમકે વચમાં મારા પતિ છે. મારા હૃદયમન્દિરમાં બેસાડેલી મૂર્તિ તે છે, તું નથી.

---

૧. મહાદેવ પી ગયા હતા તે વિખ; તેનો રંગ નીલ હતો તે પરથી તેમનું નામ નીલકંઠ પડયું.

૨. લાવણ્ય=(૧) સૌન્દર્ય, (૨) ખારાશ.

આ સાંભળનાર તૃષોદધિ ધીરે રહીને મનમાં બોલ્યોઃ સ્વપ્નમાંએ એના ઉપર વહેમ આણનાર પતિને અનેકવાર ધિક્કાર છે! અને જપ જપવા વિસારે પાડી કથાશેષ સાંભળવાને તે ઉત્કંઠિત થઇ રહ્યો.

૧૨.

હાથી બોલ્યોઃ પીપળ, તેનું કહ્યું સાંભળી મેં ચાસ પાડી. હું બોલી ઉઠયોઃ અરે! તારો પતિ! અરે અફસોસ! હું તેને વીસરી જ ગયો હતો. એટલે ધીમે રહીને તે બોલીઃ પણ હું વીસરી ગઇ નહોતી. મેં ઉંચે સાદે કહ્યું: અફસોસ! અફસોસ! મને નિરાશ કરી પાયમાલ કરનાર એ પતિને ધિક છે, ધિક છે! કાળા મેશ વાદળાની પેઠે મારી પૂજ્ય શશિલેખાની અને મારી આડે તે આવે છે. અરે! તે ના હોત તો તેના શ્વેત કરામૃતરસમાં તરબોળ થઇ હું ચન્દ્રમણિની પેઠે ઝૂકયા કરતો હોત. અરે! દૈવે એને આપણી એની વચ્ચે કયાં નાંખ્યો? તું તેની નજરે ચડી તે પહેલાં આપણો મેળાપ કેમ ના થયો? હા! વિધાતા એક પતિને ઉડાવી દે, જીવન્ત પદાર્થોની યાદીમાંથી એનું નામ છેકી નાંખે, તે હયાતીમાં જ નહોતો એમ તેને શૂન્યમાં ભેળવી દે, વીસરાએલા સ્વપ્નના સ્મરણ કરતાં તેને વધારે આછો કરી દે, તો તેમાં તેનું શું જાય વારૂ? અફસોસ! આ પતિએ અને વિધાતાએ મને છેતર્યો; હું જરાક મોડો પડયો, તેથી આ મારો કુયોગે મળેલો જન્મારો એળે ગયો. પણ આ પતિએ કેવો? બેદરકારીથી રસ્તામાં ફેંકી દીધેલા પુષ્પની પેઠે તને આમ તજીને ચાલ્યો જાય તે પતિ કહેવાય? વળી એ પુષ્પ મને જડયું નથી? તેના ધણીની ગેરહાજરીથી તે નધણીઆતું થયું નથી? અને મેં ઊંચકી લીધું તો હું શામાટે મારા માથામાં તે ન ઘાલું? જેની હયાતીની ખાતરી નથી તે તારો ધણી શી રીતે? અરે! તે નિઃસંદેહ મરી ગયો છે, અને હવે તને મારી કરવામાં વિઘ્નરૂપ પતિનું બહાનું તું કહાડી શકે એમ નથી. તે તત્ક્ષણ બોલી ઉઠી! જો તે ખરેખર દેવલોક પામ્યા હોય તો મારો ધર્મ છે કે મારે તેમની પાછળ સતી થવુ; અને એમના મરણના ચાક્કસ ખબર મને મળે કે તરત જ હું તેમ કરીશ. હું બોલી ઉઠયોઃ ના, ના, સતી થવાનો વિચાર સ્વપ્નમાંએ કર્યો તો તારી વાત તું જાણે; તે શી રીતે જાણ્યું કે એ મરી જ ગયો છે? નિઃસંદેહ તે મરી ગયો નથી, પણ માત્ર કંઇક ભરાઇ ગયો છે; અને શું તું તેની પહેલાં પરલોકવાસી થવાનું ઘોર પાપ માથે વહોરી લેવાનો વિચાર સ્વપ્નમાંએ કરશે ખરી? હું ખરૂં કહું છું કે તેની વાટ જોવી એ જ તારો ધર્મ છે. તેણે કહ્યું: ત્યારે

જો તે મરણ પામ્યા ન હોય, તો હું વિધવા નથી, પણ તેમની પત્ની છું.

આ સાંભળી મારી આંખમાં આંસુ આવ્યાં, અને હું બોલી ઊઠયો: અરેરે! તેને જીવતો ગણું કે મરી ગએલો ગણું, બંને રીતે તે મારી આડે આવે છે, અને હવે મારૂં આવી બન્યું. પણ જો તે બિલકુલ પાછો જ ન આવે તો પછી? વરસનાં વરસ પાણીના રેલાની પેઠે વહી જાય અને તે તો દર્શન દે જ નહિ, તો પછી? તે દર્મિયાન, કમળ જેવું તારૂં રૂપ કરમાઇ જશે, તારા કોમળ મધુર શરીરને કરચલી રૂપી અદેખા કીડા એક પછી એક ધીમે ધીમે આવી ખાઇ જશે, તારા નાજુક કાન તળેનો ભાગ ચીમળાઇ જશે, અને જાણે ઘડપણ ને મરણની પાસે આવતી છાયાના ત્રાસથી તારા કાળા કેશ ધોળા થઇ જશે. તારૂં સૌન્દર્ય કરમાય ને મારા સુખની સરિતા મારા મ્હોં આગળ થઇને વહી જાય, તે બધું શું મારે એક રસ્તે જનારની પેઠે મૂગે મ્હોંએ જોયા જ કરવાનું? તેણે ધીમે સાદે કહ્યું: રાત-દહાડો હું એમની વાટ જોયા કરીશ; એ ગમે ત્યારે આવશે તોપણ હું ઓચિંતો આવ્યો એમ એમને લાગશે નહિ, હું એમની રાહ જોતી જ હઇશ; પિયુ પરદેશ છે તેથી દિલગીરીમાં હઇશ, છતાં ઘેર આવતા રાજાના માનમાં ધ્વજાપતાકાથી શણગારેલા શહેરની પેઠે હું સદા આનન્દમાં રહીશ.

સ્નેહ અને નિરાશાની વચ્ચે અધર લટકતો હું તેની સામે થોડી વાર તાકી રહ્યો; કેમકે તે બોલતી હતી તે વખતે તેનું મ્હોં લાલચોળ થઇ ગયું, તેનો અધર કંપવા લાગ્યો, અને તેની અનિમેષ આંખો મને નહિ પણ દૂર તેના અદૃશ્ય પતિને જોતી હોય તેમ દેખાઇ. હું જાણતો હતો કે તે જે બોલે છે તે જ પળશે. તેથી હું હાથ ઘસવા લાગ્યો ને શોકથી રડયો. હું બોલ્યો; અરે! આ તો અન્યાય કહેવાય; પૂર્વનાં પાપે આ પતિરૂપી ભૂત મને વળગ્યું છે અને મને નચાવે છે. તે અદૃશ્ય છે, છતા હાજરા-હજૂર છે; અગરજો મને લાગે છે કે આકાશમાં ઊડતા હંસના પીછા પરથી એક કાંકરો સમુદ્રની વચ્ચોવચ પડે ને તેનો પત્તો લાગે નહિ, તેમ દિક ને કાળમાં એનો પણ પત્તો નથી. અને હે પીપળ, થયું પણ હું કહું છું તેમજ. તેનો પતિ પાછો આવ્યો જ નહિ, અદૃશ્ય થઇ ગયો, અને મેં કે બીજા કોઇએ એને ફરીથી જોયો નહિ, તેમ એ ક્યાં ગયો તે જાણ્યુંએ નહિ.

આ સાંભળી તૃષોધિ મનમાં બોલ્યો: અહા! આ હાથીને ક્યાં ખબર છે કે અહીં બેઠું બેઠું આ બધું કોણ સાંભળે છે. અને જપ જપવા વીસરી જઇ કથાશેષ સાંભળવાને તે ઉત્કંઠિત બની રહ્યો.

૧૩.

હાથી બોલ્યો: પીપળ, પ્રેમભક્તિ અને અત્યન્ત નિરાશાની વચ્ચે જામેલા જંગની મૂર્તિ સમાન હું તેના સંમુખ ઊભો હતો, એટલામાં તેના ઓઠ ઊઘડયા ને તે બોલી: હે રુરુ રાજા, તારૂં કંઇ વળવાનું નથી. માટે વકીલાત કરી મને ફોસલાવવાનું રહેવા દે, અને ચાલ્યો જા. તું બોલી બોલીને નકામું તારૂં ગળું દુખાડે છે. કોઇ વારંવાર ફેંકીને હવામાં પથરો અધર રાખવાનો પ્રયત્ન આદરે અને તે પથરો જેમ દર વખત અચૂક નીચે ભોંય પર પડે, તેવી તારી દશા છે; કેમકે તારા પ્રયાસને નહિ ગણકારતાં મારૂં હૈયું મારા પતિનું જ રટન કર્યા કરે છે.

મેં કહ્યું: અહા! હવે હું સમજ્યો કે મેં મદન ભગવાનનો અપરાધ કર્યો છે અને વિઘ્નરાજ ગણપતિ ગુસ્સે થયા છે. કેમકે પહેલા દેવની મારા પર મહેર નથી, અને બીજાએ તારા પતિરૂપી વિઘ્નગિરિ આડે આણ્યો છે. દૂર રહ્યે રહ્યે પણ એ ગિરિની તારા પતિના સંસ્મરણરૂપ કારમી છાયા પડે છે, અને હું તેની કાળાશમાં અગોપ થઇ જઇ તારા હૃદયમાં પ્રવેશ કરી શકતો નથી. તારી આંખો દેખતી થાય તો કેવું સારૂં! કેમકે કદાચ તારાં નયન દ્વારા મને પ્રવેશ મળે; પણ હાય! તારા જિગરમાં પ્રવેશ કરવાનું દ્વાર બંધ છે. અથવા તારી પેઠે હું પણ દેખતો ન હોત, તો તુંએ મારા જિગરમાં પેસી શકત નહિ. અરે! તું મારા હૃદયની દેવી બને અને મને તારા હૃદયમાં પગ સરખોએ મૂકવા ન દે, એ તારો ન્યાય કેવો? તેણે કહ્યું: મારા હૈયામાં જગા નથી; હું રંક છું, તેથી મારૂં હૈડું નાનું અને સાંકડું છે, તેમાં એક જ જણ માય તેટલી જ જગા છે; પરંતુ તું તો રાજા છે, એટલે તારૂં હૈયું મોટા મહેલ જેવું વિશાળ છે, અને તેમાં અગણિત મહેમાનોને સારૂ જોઇએ તેટલા ખંડ છે.

આ સાંભળી મારૂં હૃદય ભરાઇ આવ્યું, અને હું બોલ્યો: અરે! વત્સતરી, તારાં વચન ઘણાં તાતાં છે, અને મારા હૃદયમાં બરછીની પેઠે સાલે છે. હવે હું સમજ્યો, કે દરેક જણ પોતાની મેળે જ દંડાય છે, કેમકે તેનાં કર્મ કાળીઆ કુતરાની પેઠે તેનો કેડો મૂકતાં નથી અને તેને છટકવા દેતાં નથી. અરે! તું ખરૂં કહે છે, મેં મારા હૃદયને એક વિલાસભવન બનાવ્યું અને તેમાં સારા નરતા સૌ મહેમાનોને વધામણાં દીધાં; પણ હવે હું સોગન ખાઇને કહું છું, કે શુદ્ધ સરિતાનાં જેવાં તારાં દર્શન થયાં

ત્યારથી તે નિર્મળ બની રહ્યું છે, અને તેમાંથી બધું જ જતું રહી તારૂં પ્રતિબિમ્બ માત્ર રહ્યું છે. પછી તેણે પૂછ્યું: હે રાજા, બજારમાં લોકો વાત કરે છે કે તારી રાણીની કુચાલને લીધે સોનાની લગડીની પેઠે તું સીધાનો વાંકો થઇ ગયો છે, એ વાત ખરી ? મેં આતુરતાથી જવાબ દીધો: હા, તેણે જ મને, તું કહે છે તેમ, વાંકો કરી દીધો અને અનીતિના જંગલમાં દોર્યો. તે તત્ક્ષણ શાંતિથી બોલી: શું ! તને શરમ નથી આવતી ? તું પોતે જ શું કરવા બેઠો છે ? તારા દુઃખની કારણભૂત ઠરાવી તું જ તારી રાણીનો વાંક કહાડે છે, અને મને તારી રાણી જેવી જ બનાવવાનો પ્રયાસ તેં આદર્યો નથી ? તારો ન્યાય તું જ કર. હું તારી વિનંતી સ્વીકારૂં, તો, તારા જ કહેવા પ્રમાણે, તારે મને તરણા જેવી હલકી ગણવી જોઇએ, મારી જાતને, મારા પતિને, અને આખી સ્ત્રીજાતિને કલંક રૂપ ગણવી જોઇએ. પોતાના નાથનો દ્રોહ કરનાર સ્ત્રીને જોતાં ત્રિલોકી કંપી ઉઠે છે. માટે તું અહીંથી સત્વર ચાલ્યો જા, અને મારૂં મ્હોં જ તેં કદી જોયું નથી એમ સમજ.

આ સાંભળતાં તૃષોદધિ હરખભેર મનમાં બોલી ઉઠયો: અહા ! શાબાશ છે, પત્ની, તારી દલીલને. એની પોતાની જ તરવારે જાણે તેં એનું ડોકું ઉડાવ્યું છે. અને જપની વાત બિલકુલ વીસરી જઇ કથાશેષ સાંભળવાને તે ઉત્કંઠિત થઇ રહ્યો.

૧૪.

હાથી બોલ્યો: પીપળ, તેનાં અનુત્તર વચનોથી હું એટલો બધો દબાઇ ગયો કે તેનાં શાંત નયનો તરફ જોતાં હું લગભગ ધ્રજી ઉઠયો, અને મને અર્ધું એમ પણ લાગ્યું કે તે મને જોઈ શકતી હતી. છતાં, જેમ જેમ હું પ્રત્યુત્તર દેવા અશક્ત બનતો ગયો, તેમ તેમ તેના પ્રત્યેનો મારો પ્રેમભાવ વધતો ગયો, અને તેનું કહ્યું માની ત્યાંથી તેને છોડી ચાલ્યા જવાની મારી અનિચ્છા વધારે ને વધારે બળવાન થતી ગઈ. તેનું લાવણ્ય અતિ મોહક હતું જ, તેમાં તેના સદાચારે ઉમેરો કર્યો, તેથી તે પહેલાંના કરતાં સોગણી વધારે આકર્ષક બની રહી. હે પીપળ, પ્રેમનો આ શો ભેદ હશે, અને તે કોણ કળી શકતું હશે ? હું તેને સમજાવવાનો પ્રયત્ન કરતો નહોતો ? અને છતાં, તેણે હા કહી હોત, તો મને ખરેખર અત્યન્ત દુઃખ થાત; તેણે ના કહી તેથી જ હું બહુ ખુશ થયો, અને મારા પર વહાલ લાવવાને હું તેને મનાવી શક્યો નહિ તેમ તેમ મને તેના પર અધિક અધિક વહાલ આવતું

ગયું. નિરાશાને જાણે તુચ્છકારીને હું બોલ્યો: હે અનુપમ સુન્દરી, હું ગમે તેવો હતો તે વાત હવે જવા દે, કેમકે તેં જ મને એક પલકમાં બિલકુલ ફેરવી નાંખ્યો છે. બજારમાં લોક ભલે ગમે તે બોલે, તેથી શું? તારી તુલનામાં આખું જગત મારે મન એક તરણા સમાન છે. તું સમજ કે હવે હું તારા વગર જીવી શકીશ નહિ; હું તને જગતથી દૂર લઇ જઇશ, અને તારા પતિ જેવા હજાર પતિઓ કરતાં પણ હું તારી વિશેષ સેવા કરીશ. તેણે તો તારી ઉપેક્ષા કરી, અને પોતાના મોતીની કિંમત ન સમજી તને એકલી જ મૂકી દીધી. પણ આપણે તો 'જીવ એક ને ખોળીઆં જુદાં' એમ થઇશું; જો, તું અન્ધ છે, પણ હું તને આંખરૂપ થઇશ, અને મારે લીધે તું તારો અન્ધાપો તદન વીસરી જશે. પેલો હાર તારે માટે ઘાસ પર પડેલો મેં જેમ રહેવા દીધો છે તેમ મારૂં આખું રાજ્ય રહેવા દઇ, જગતથી વિમુખ બની હું તને, તું કહેશે તો, દુનિયાથી ઘણે દૂર લઇ જઇશ, અને તેના બદલામાં તારી પાસે તારી જાત સિવાય બીજું કંઇ માગીશ નહિ. અહીં તારી શી વલે થશે તે તું જાણતી નથી? મૃત કે નષ્ટ પતિથી વિખુટી તું અહીં કેમ રહી શકશે? તું દુનિયાના તિરસ્કારને, ઉપહાસને, ને કનડગતને પાત્ર ગણાશે, રે ધિક્કારના બાણોનું લક્ષ્ય બનશે![1] તે વારે, શાન્ત વનની તલાવડીને કે રાજાના મુગટને સુયોગ્ય એક મધુર નીલ કમળ શહેરના રસ્તાના કીચડમાં લોકના પગ તળે છુદાઇ જાય તેવી સ્થિતિ તારી નહિ થાય? પણ, હે કમળ, તું મારી સાથે આવે તો તને વન ને રાજા બંને એકી વખતે મળે. કેમકે હું રાજા છું, અને આ આપણી સમીપે વન આવેલું છે. તે વન દક્ષિણ તરફ સમુદ્રની પેઠે પથરાએલું છે, અને તેની પેલી મેર કોઇએ શિકારી કદી ગયો નથી. તે વનમાં ઘણે દૂર, અગણિત રૂપેરી હંસો ભક્ષણ કરે એવાં દાંડાવાળાં સોનેરી કમળની તલાવડીથી ભરપૂર, અને બગીચા રૂપી લીલમની મધ્યે જડેલા મુક્તાફળ જેવો શોભીતો એક સંગે-મરમરનો મહેલ હું તને કરાવી આપીશ. તે મહેલ જોઇ, અલકાપુરી 'નાંખું ઓવારી' એમ તને થયા વગર રહેશે નહિ. ત્યાં દિવસે હું તને રસ્તો દેખાડું તેમ તું રખડજે; અથવા નિર્મળ હોજમાંથી જળધોધ વડે ઊડતા છાંટાથી ઠંડીગાર થએલી આરસની શિલાઓ પર સૂતી સૂતી, છેક

---

૧. હિન્દુ વિધવાની સ્થિતિ ત્રાસદાયક છે: તેનું દુઃખ એ તેનું પાપ મનાય છે, અને તેનું જીવન ધીમે ધીમે ઘણે કાળે મરણને શરણ થાય છે; એવા જીવન કરતાં આગમાં પડવું કદાચ સુખકર ગણાય.

મલયાચલના ચન્દનની સુગન્ધવાળા પવનની લહેર ખાતી ખાતી સ્વપ્નાવસ્થાનું સુખ માણજે. જળધોધના સંગીતશ્રવણથી તને ઊંઘ આવી જશે, પણ અધરાતે તું જાગશે ત્યારે દૂર વનમાં ભમતાં રાની પશુઓની રાઢ સાંભળી તું મારી સાથે મહેલની અગાશી પર ફરતી ફરતી ધ્રૂજી ઊઠશે; અને આખરે, જમીન પર પડતી પોતાની દીર્ઘ છાયાના શાન્ત નૃત્તની પેઠે ચાંદનીમાં આમ તેમ ધીરે ધીરે હાલતા ને અમી ઝરતા ચન્દ્રકાન્તના ધીરા ધેરા અવાજથી ઊંઘમાં આવીને તું મારા ભુજયુગલમાં ઘેરાઇ પડશે. અને બજારમાં લોક શું કહેશે તેની તને કે મને શી પડી છે? આપણે ચંદ્રમાં વસતા સિદ્ધ-લોકની પેઠે સાથે રહીશું, ત્યારે કોઇ પૂર્વજન્મના સ્વપ્નમાં સાંભળેલા દૂર સાગરના અવાજના સ્મરણશેષ જેવો આ ક્ષુલ્લક ભૂલોકનાં શહેરોના નવરા લોકનો બકવાદ આપણને લાગશે. આ બધો જ સમય હું તારો સેવક થઇશ, તારી આંખરૂપ થઇશ; તારી આસપાસના જગતનાં ચિત્રો મારા કંઠ વડે તારા આગળ હું ચીતરીશ અને તને સઘળું સમજાવીશ; તેથી છેવટે, મારા કંઠની વાણી સાંભળી સાંભળીને તું તારો અંધાપો પણ વીસરી જશે. તારા પતિ વિષેનું તારૂં સ્મરણ હું તદ્દન ભૂસી નાંખીશ, કેમકે તને અહીં એકલી દુઃખી અવસ્થામાં મૂકી ચાલ્યો જનાર તે તારો નામનો જ પતિ છે; અને તેને બદલે હું તારો પતિ થઇશ, તારૂં અર્ધાંગ અને તારો સહાય થઇશ, તને ઠારનાર અને તારો આશક થઇશ, અને તારાં નયન ને તારૂં દ્વિતીય હૃદય થઇશ.

આ સાંભળતાં તૃષોદધિ ચિન્તાથી મનમાં બોલ્યોઃ અરે! આ જુઠો રાજા ઘણો લુચ્ચો છે, અને નિઃસંદેહ ઘણી સ્ત્રીઓ એની મીઠી જીભથી ફસાઇ ગઇ હશે. અને જપ જપવા ભૂલી જઇ કથાશેષ સાંભળવા તે ઉત્સુક બની રહ્યો.

૧૫.

હાથી બોલ્યોઃ પીપળ, એમ બોલી હું એક ડગલું આગળ ગયો, અને મેં ધીરે રહીને તેનો હાથ ઝાલ્યો. એટલે મારો સ્પર્શ થતાંની સાથે જ તે ચમકી, અને બળતી હોળીમાં અચાનક પોતાનો હાથ મૂકનારની પેઠે તે ચીસ પાડી પાછી ધપી. હું તેને નિહાળતો ઊભો રહ્યો; તે ક્ષણવાર નાસી જવાની, હુસકાં ભરવાની, કે જમીન પર પડી જવાની તૈયારીમાં દેખાઇ; કેમકે તેના નાજુક પગ પર તે ડોલતી હતી, અને એકાએક વાતા પવનથી કોઇ ઝાડનાં પાંદડાં હાલી ઊઠે તેમ તેનું આખું શરીર કંપવા લાગ્યું. તેનું ઉન્નત વક્ષઃસ્થળ કરળ બીકનું માર્યું ચોળામાંથી બહાર કૂદી પડવાને મથતું હોય

તેમ ઉગ્ર ક્ષોભના આવેશમાં આવી ગયું. પછી એક ક્ષણમાં એકાએક તેણે રૂપ પલટયું, અને દેવાલયની ભીંત પર કોતરેલી પથ્થરની મૂર્તિની પેઠે તે નિશ્ચેષ્ટ બની ગઇ. તેનાથી શ્વાસ લેવાતો ન હોય, તેમ માત્ર તેની છાતી સમુદ્રની પેઠે ઊંચી નીચી થયા કરતી હતી. પછી થોડી વારે ઘણે ધીમેથી તે બોલી: મારો અન્ધાપો મને બહુ નડે છે, કેમકે મારાથી શત્રુ આવતો દેખાતો નથી તેમજ તે આવી પહોંચે ત્યારે હું નાસી શકતી નથી. હવે મને પૂર્વજન્મના પાપનું ભયંકર પરિણામ બરોબર સમજાય છે, કેમકે હું હવે નિરાધાર છું, અને ઘોર અન્ધકારમાં ચાલી પ્રત્યેક પગલે પોતાના હૃદયમાં તરવારની અણી ભોંકાવાનું જોખમ ખેડનારના જેવી મારી દશા છે. તેમ છતાંય, જે અન્ધતાથી હું તારા પંજામાં સપડાઇ છું, તેજ અન્ધતા તને નિષ્ફળ બનાવવાને સબળ છે; કેમકે એક અભેદ્ય કિલ્લાની પેઠે તે મારૂં રક્ષણ કરે છે અને તું તે કિલ્લાની આસપાસ ફોગટ ફેરા મારે છે. વિધાતાએ અન્ધજનને પણ યોગ્ય શરણ આપ્યું જ છે, બાહ્ય આંખોની ખોટ પરી પાડવાને તેણે તેમને આન્તર આંખો બક્ષી છે; બીજા લોક બાહ્ય જગત જોઇ શકે છે તે આસક્તિને લીધે ન જોઇ શકવાથી, આ આન્તર આંખો સ્મરણ અને ધ્યાન, ધૈર્ય અને લાગણી, એકનિષ્ઠા અને આશા રૂપી આન્તર સૃષ્ટિ તરફ નજર ફેરવે છે. જે દૃશ્ય જગત મને અદૃશ્ય છે તેમાંથી મારા કાને અથડાતાં, મને લલચાવનારાં, અને અગ્નિના વરસાદથી મારા દૃઢ આગ્રહને ઓગાળી દેવા મથતાં તારાં વચન હું સાંભળું છું, ત્યારે હું મારા આત્મામાં અન્તર્દૃષ્ટિ કરૂં છું તો મને દૂર અન્ધકારમાં મારા પતિરૂપી એક તારો દેખાય છે ત્યાંથી આધાર ને આશ્વાસનનું એક કિરણ મારા ભણી આવે છે અને મને નિરાશાના સમુદ્રનાં મોજાંમાં ડૂબતી બચાવે છે. અને હું તને હવે ખરૂં કહું છું કે તારાં સઘળાં મધ જેવાં મીઠાં વચનો નમાલાં છે, અને મારા પતિના સ્મરણ રૂપી ખડકને અઢીંગી હું ઊભી છું તે ખડક પર બાણની પેઠે અથડાઇ ભાગી જઇ તે પાછાં પડે છે; ખાલી તોફાન મચાવી મારા માથા પર હિમના કરાની પેઠે તે પડે છે અને તારી સામે થવાના મારા આગ્રહને મોળો પાડવાને બદલે વધારે તીખો કરે છે. જોકે હું જાણતી નથી કે એ ક્યાં છે અને પાછા આવશે કે નહિ, છતાં એ જ્યારે આવશે ત્યારે જાણશે કે એમની આબરૂને બટ્ટો લાગ્યો નથી; મારા આત્માના મન્દિરમાં તેમણે પ્રગટેલો દીવો હું અખંડ સાચવી રાખીશ, તારા જેવાના મુખથી વાતા ખુશામદ ને લાલચના વા તે દીવાની સ્થિર જ્યોતને કદી હોલવી શકશે નહિ, કે સ્વપ્નામાં એ ક્ષણભર તેને ચંચલ કરી શકશે નહિ. દ્રૌપદી, દમયન્તી, સીતા, હે

સાવિત્રીની પેઠે હું મારા પતિને આ જન્મમાં નહિ તો આવતા જન્મમાં મળીશ, અને તે પણ એવી રીતે કે મારે કે તેમને નીચું મ્હોં ના કરવું પડે. હું સારી પેઠે સમજું છું કે મારા દેહને તું ધારે તે કરી શકે એમ છે, તું પંડે આવીને અથવા બીજાઓને મોકલીને મને બળાત્કારે ઊચકી જઈ શકે એમ છે—અને હું ધારું છું કે એમ જ થશે—છતાં તેથી પણ તારું કાંઇ વળવાનું નથી. કેમકે જે દેહને તું ચૂંથશે તે દેહ, મેં તને કહ્યું તેમ, મૃત દેહ હશે; તેનો આત્મા ક્યાંએ ગયો હશે. મારા પતિએ જાણે મારા દેહ રૂપી થાપણ સાચવી રાખવાને મને સોંપી છે, તેથી તેનો ત્યાગ ન કરવો એ મારો ધર્મ છે, છતાં બ્હીકણ થઇ હું તેને તારાથી સંતાડવાનો પ્રયત્ન કરીશ નહિ. તારે ચોરી જવી હોય તો તે આ રહી. જે વસ્તુ તારો પ્રતિબન્ધ કરી શકે એમ નથી, તે તારી ખુશી હોય તો તું ભલે લઇ જા. પણ તારી આબરૂના તો કાંકરા જ થઇ જશે; તું જેને ચહાશે તે તને ચહાનાર નથી, તું જેને ભેટશે તે તને ભેટનાર નથી, તું નિરન્તર બહારનો બહાર જ રહી હૃદયનો આન્તર ભંડાર કદી પામશે નહિ. એક ચોર રત્નની પેટી ચોરી જાય, તેની કુંચી નહિ મળવાથી તોડી નાંખવાના નિષ્ફળ પ્રયત્નો કરે, ને આખરે પોતાના પાપ સિવાય કશું જ પામે નહિ, તેવી તારી સ્થિતિ થનાર છે. અરે ! તું ભલે સવાદ ચાખી જો, તારી ખાતરી થશે કે અનાથ, પણ સ્મરણરૂપી શસ્ત્રવાળું, સ્ત્રીનું દૈવ્યું રાજાની સર્વ સત્તા કરતાં વધારે સમર્થ છે. અરે ! તારી ખુશી પડે તો સમુદ્રને, વાયુને, અને અન્ધકારને તારી મદદે લેતો આવજે, પણ તને ખબર પડશે કે સ્મરણતૈલથી બળતી રહેલી પેલી નાની અગ્નિની જ્યોત તે બધાંની મદદથી પણ હોલવાશે નહિ.

આ સાંભળી તૃષોદધિ ધીરે રહીને મનમાં બોલ્યો: હા ! ગુણીઅલ પત્ની, હા ! વત્સતરી, આ લુચ્ચા રાજાને તેં પૂરેપૂરો સૂનકાર બનાવી દીધો છે. અને જપની વાત બિલકુલ વીસરી જઇ કથાશેષ સાંભળવાને તે દાઝતે દિલે તત્પર થઇ રહ્યો.

૧૬.

હાથી બોલ્યો: હા ! પીપળ, તે બોલી રહી તે વખતે હું ભ્રમિત થઇ દિવાલ પર ટાંગેલા ચિત્ર પેઠે સ્તબ્ધ ઊભો હતો, અને તેના સિવાયની દરેક વસ્તુનું ભાન ભૂલી જઇ આશ્ચર્ય ને ભક્તિભાવથી ઊભરાતા હૃદયે તેના સામે ટકટક જોઇ રહ્યો હતો. તેની વાગ્ધારા ચાલતી હતી ત્યારે તેનો આત્મા વિશાળ થતો જણાતો હતો; તેના આત્મા રૂપી ફુવારામાંથી ફૂટતા ઊછળતા

અગ્નિના પ્રવાહ પેઠે તેના શબ્દોની ધાર ચાલવા લાગી, અને મારો જીવ અગ્નિના ભડકામાં ચીમળાઈ ગએલી વસ્તુની પેઠે તેની સંમુખ ઊભો ઊભો સંકોચ પામી નાનો થઇ ગયો. તેનાં અદ્દભુત શાન્ત નયનોમાં તેજ મારવા લાગ્યું તે જોઇ હું તો કંપી ઊઠયો, અને ગૌરીસ્વરૂપે તે મારા જેવા રાક્ષસનો વિનાશ કરવાને લગભગ તૈયાર થઇ ગઇ હોય એમ મને જણાયું. મને થયું કે અત્યન્ત હર્ષથી તેને સાષ્ટાંગ પ્રણામ કરી હું તેનું પૂજન કરૂં, પણ મને એટલી તો લાજ આવતી હતી કે હું જરા પણ ચસી શકયો નહિ. જાણે અચેતન હોઉં તેમ, તે જ સ્થિતિમાં હું થોડીવાર ઊભો રહ્યો; પછી ઘણી ચૂપકીથી હું ખસી ગયો, અને દિવાલ ઓળંગી ચોરની પેઠે બ્હીકે મ્હોંએ છાનોમાનો મારા મહેલમાં ચાલ્યો ગયો. ત્યાં પલંગમાં પડી મૂંગે મ્હોંએ સૂઇ રહ્યો, અને વખત વીતતો હતો તેનું મને ભાન રહ્યું નહિ. સૂતાં સૂતાં હું જાણે અન્ધારામાં ટગર ટગર જોઈ રહ્યો, તો હજી પણ મારા સંમુખ ઊભેલી અને મારા તરફ એકી ટશે જોઈ રહેલી વત્સતરીની મૂર્તિ સિવાય બીજું કંઇ નજરે પડયું નહિ. તેની આંખ આગળથી ખસી જવાના મેં ઘણાએ પ્રયત્ન કર્યા, પણ વ્યર્થ.

અને એકાએક મધરાતે હું ચમકી ઊઠયો, અને મેં બૂમ પાડી; વત્સતરી! વત્સતરી! અને અર્થહીન શબ્દો હું બલવા લાગ્યો. તેને માટે અને તેના લાવણ્યને માટે મને અતિતીવ્ર અભિલાષ થઇ આવ્યો, અને તે સાથે તેના પતિનો તિરસ્કાર ને મારી પોતાની જાતનો કંટાળો પણ આવ્યો. હું બોલી ઊઠયો; હહા! આ પતિ ના હોત, તો મને મારા જન્મનું ફળ મળત; પણ તે તો હવે સ્વપ્નની પેઠે ઊડી ગયું છે.

બન્યું એવું કે મારા શબ્દો મારા વિટે સાંભળી લીધા, કેમકે ઘણુંખરૂં તે મારાથી દુર રહેતો નહોતો, અને મારી પાસે રહી તેની એકની એક આંખે ધુવડની પેઠે મને જોયા કરતો હતો; તેના ગોઠિયા જોડે દારૂ પીને લઢવામાં તેણે બીજી આંખ ખોઈ હતી. અને એકાએક તે બોલી ઊઠયો: મહારાજ, નિઃસંદેહ કોઇ પ્રેમપ્રસંગને લીધે તમારો જીવ કચવાય છે; અને તમે જાણો છો કે દુઃખમાં ભાગીઓ થનાર મિત્ર હોય તો અડધ ઉપર દુઃખ ઓછું થઇ જાય છે. વળી કદાચ હું તમને મદદ પણ કરી શકું, કેમકે એવી દરેક બાબતમાં ત્રીજા માણસની અકલ વધારે પહોંચે છે. તેથી દુઃખને લીધે મારાથી ન રહેવાયું માટે મેં એને બધી વાત કહી. અને હું કહી રહ્યો ત્યારે વિટ બોલ્યો: મહારાજ, આ વાત તમે પેટમાં જ રાખી હોત તો તમે ડહાપણનું કામ કર્યું કહેવાત નહિ, એ હું તમને સાબિત કરી

આપીશ. તમે એમ સમજો છો કે આ બાબતમાં આડખીલ રૂપે વિઘ્નકર્તા પતિ છે. મેં કહ્યુંઃ ખરેખર, બેશક એમ જ છે; અને એ વિઘ્ન તદ્દન અનિવાર્ય છે. એટલે વિટ બોલ્યોઃ મહારાજ, તમે છેક ભૂલો છો. આ બાબતમાં પતિ બિલકુલ વિઘ્નકર્તા નથી. કેમકે તે તો જાણે જાણી જોઇને તમારો માર્ગ સરળ કરી તમને સુખી કરવાને વચમાંથી ખસી ગયો છે. પણ ખરૂં વિઘ્ન તો, તે બાઈએ કહ્યું તેમ જ, તેનું સ્મરણ જ છે. જો તે તેને વીસરી જાય, તો તમને નડતર રૂપે તેની પાસે કશું રહેશે નહિ. હું બોલી ઊઠયોઃ હા, ખરેખર, પણ તે તેને વીસરી જાય તો. પછી તે કપટી વિટ બોલ્યોઃ મેં નહોતું કહ્યું કે હું તમને મદદ કરી શકીશ ? આ બાબત મને તો મહેલીસટ જેવી લાગે છે. કેમકે મારે એક મિત્ર છે, અને તે આયુર્વેદપરંગત હોઇ શબને જીવતું કરવા જેટલું કૌશલ ધરાવે છે. હું તેની સલાહ લઇશ; અને ખપ જેટલી જ વાત તેને કરી સ્મરણ ભૂસી નાંખે એવી ઓષધિ તેની પાસેથી લાવીશ; એના જેવા ઓષધિપતિને ઓષધિ વડે સ્મરણનો સંહાર કરવો એના કરતાં બીજું સહેલું કામ શું હોઇ શકે ? જો કોઇ પણ પ્રકારે તેના પતિનું સ્મરણ તે તદ્દન વીસરી જાય અને બીજી બધી રીતે તેવી ને તેવી જ રહે એમ થઇ શકે, તો તમારો બેડો પાર સમજો. પછી પતિની મૂર્તિરહિત તેના હૃદયમાં પેસીને ત્યાં તમારી મૂર્તિ સ્થાપવી એ ઘણું સહેલું કામ છે.

અને તે જ ક્ષણે મેં એક ચીસ પાડી, અને હર્ષના આવેશમાં મારા વિટને ગળે બાઝી પડી બોલી ઊઠયોઃ અરે, શાણામાં શાણા વિટ, તેં કહ્યું તેવું તું કરી બતાવે તો મારા વજન જેટલું સોનું તને ઇનામમાં આપું. મારા વૈદની પેઠે તેં જાણે મને મુએલો જીવતો કર્યો છે. ચાલ, હવે આપણે વગર વિલંબે કામ આદરીએ. વહાણું વાતાં સુધી મને ક્ષોભને લીધે ધીરજ રહી નહિ. મળસ્કે વહેલો ઊઠી વિટ વૈદને ત્યાં જઇ આવ્યો, અને હાથમાં એક નાનો પ્યાલો લાવ્યો. તે બોલ્યોઃ મહારાજ, આ પ્યાલામાં સર્વ સ્મરણનો ઉપાય છે. તેણે મને એ આપતાં કહ્યુંઃ જે આ ઓસડ પીશે તે ઘારણમાં પડશે અને જાગશે ત્યારે તેના જીવનના પૂર્વવૃત્તનું લેશ પણ સ્મરણ તેને રહેશે નહિ. માટે હવે આ ઓસડ પાવું, એટલુંજ બાકી રહ્યું છે. મને તે અહીં આવે તો જ પાઈ શકાય. અને તમે કહો તો હું થોડાં માણસ લઇ જાઉં અને તેને લાવી તમને જાતે જ સોંપું. તમારી સુન્દરી ખુશીથી આવશે નહિ તો કંઇ ફિકર નહિ. જરા બળાત્કારથી કંઇ બગડી જવાનું નથી, કેમકે તે જાગશે ત્યારે બધું જ ભૂલી જશે.

આટલું બોલી તે મારા સામું જાણે કટાક્ષમાં તાકી રહ્યો, અને તેની આંખ જોઇ મને કંપારી આવી, કેમકે તેમાં મને આવો ધ્વનિ લાગ્યો: આપણા બેનો ભાગ. અતિશય તિરસ્કારથી મેં તેના ભણી જોયું અને મનમાં કહ્યું: અરે! આ વિટ મારો ભાગીદાર બને, અને તેના કમળ જેવા અંગને સ્વપ્નમાંએ આના સ્પર્શથી હું ભ્રષ્ટ થવા દઉં? હું તેના ભણી કૂદ્યો, અને તેને ભોંય ભેગો કરી ક્રોધથી બોલ્યો; હે કુતરા, તારી ગુંજાસ શી? એને અડકવાનું પણ તારા જેવાના નસીબમાં કયાંથી હોય, અથવા તારા જેવા રાક્ષસના હાથે તેને કેમ અપવિત્ર થવા દેવાય?

આ સાંભળી તૃષોદધિ ગુસ્સે થઇ મનમાં બોલ્યો: અરે! બીજાને રાક્ષસ કહેનાર તું પોતે કોણ છે? તારા દુષ્ટ વિટના સ્પર્શમાં જે અપવિત્રતા હતી તેનાથી બમણી તારા પોતાના સ્પર્શમાં નહોતી? અને જાપ જપવા તદન ભુલી જઇ કથાનો અંત સાંભળવાને તે ચિન્તાગ્રસ્ત બની રહ્યો.

૧૭.

રાજા બોલ્યો: પીપળ, વિટ ઊઠયો એટલે મેં તેને ગુસ્સામાં કહ્યું: તેને તેડી લાવવાને હું એકલો જ જઇશ અને મારા વગર કોઇની આંગળીનોએ સ્પર્શ એને થશે નહિ. તું તો પાછળ રહેજે અને હું આવું ત્યાં સુધી તારો પ્યાલો લઇને મારી રાહ જોયા કરજે. વિટ બોલ્યો: જેવી મહારાજની મરજી. અને એક ગુલામની પેઠે તેણે મને સલામ કરી, અને હું તૈયારી કરતો હતો તે તેણે શાંતિથી જોયા કીધું. મેં તેનો બિલકુલ વિચાર કર્યો નહિ, અને તેને જે જે નુકસાન કર્યાં હતાં તે બધાં હું તદન વીસરી ગયો. હું તો વીસરી ગયો, પણ તે વીસર્યો નહોતો. હા! રાજાઓ અને પ્રેમી જનોની અન્ધતા કેવી અદ્દભુત છે! તેઓ વેર લેવાની તક શોધતા પોતાના ક્રોધાયમાન શત્રુઓના ખોળામાં કામાતુર દશામાં દેખતી આંખે પોતાનું માથું મૂકે છે.

પછી, હે પીપળ, સાંજે હું ઘોડેસવાર થયો, અને મારા વિશ્વાસુ નોકરોની મંડળી સાથે એક ડોળી લઇને છૂપી રીતે તે બાગમાં ગયો. રસ્તામાં બહુ ધીમે ધીમે મેં ઘોડો ચલાવ્યો, કેમકે બળાત્કાર કરવા હું નાખુશ હતો તેથી તેને પોતાની રાજીખુશીથી શી રીતે લાવવી તેનો વિચાર મારા મનમાં ઘોળાયા કરતો હતો. અચકાતાં અચકાતાં હું વિચારવા લાગ્યો: પણ તે ખુશીથી ના આવે-અને મને ઘણો ભય રહે છે કે તે ખુશીથી નહિ જ આવે -તો પછી શું કરવું? જબરજસ્તી કરવી કે નહિ? વિટનું કહેવું શું ખોટું

હતું ? જરા બળાત્કાર કરવો પડે તોપણ શું થઈ ગયું ? કેમકે તે જાગશે એટલે બધું જ વીસરી જશે. વળી, મારો તે સાદ જ ઓળખે છે, અને તે અન્ધ છે એટલે તેને કોણે પકડી તે તે શું જાણવાની છે. આમ છતાં, તેને બળાત્કારે પકડી જવી એ વિચાર મારે ગળે ઊતર્યો નહિ, તેથી હું કોઇ બીજો રસ્તો શોધવા લાગ્યો, અને મનમાં બોલ્યો: તે પોતાની મેળે મારી સાથે આવે એવું કંઇક જડે તો કેવું સારું !

એટલામાં એકાએક મેં ઘોડો અચકાવ્યો, અને હું બોલી ઊઠયો: હા જડયું ! ખચીત હવે તે આવશે; અને આપણો બેડો પાર.

મેં એકદમ ઘોડો મારી મૂકયો, અને મારી મંડળી સહિત હું બાગ આગળ જલદી પહોંચ્યો; મંડળીને નીચે રાહ જોવાનું કહી હું એકલો દિવાલ પર ચઢયો, અને જોયું તો પ્રથમની પેઠે જ કાન દઇ જાણે મારા સામું જોતી હોય તેમ તેને ઊભેલી દીઠી !

પછી આશ્ચર્યની વાત એ થઈ કે મેં તેને જોઈ તે જ ક્ષણે હું સ્તબ્ધ બની ગયો, અને દિવાલ પર રહ્યો રહ્યો તેના સામે જોઇ રહ્યો તે વખતે મારી ભક્તિના આનન્દમાં એવી શોકની છાયા પ્રસરી ગઇ કે મારી આંખમાં આંસુ આવી ગયાં. મેં વિચાર કર્યો: લાવ થોડી વાર એના સામું બરાબર જોઇ લઉં; કારણ કે દિવાલ પરથી એને જોવાનો આ છેલ્લો જ પ્રસંગ છે. હા પીપળ , મારા સ્વપ્નમાંએ નહોતું કે દિવાલ પરથી કે દુનિયાના બીજા કોઇ પ્રદેશમાંથી એને ઊભેલી જોવાનો આ છેલ્લો જ વારો હતો. મારા આવવાના ધણુસારાથી ચમકીને તે દિવાલ સંમુખ ફરી હતી, તેથી તેને સાળુ તેની ઘુંટીની આસપાસ વેલની પેઠે જાણે સ્નેહથી ફરી વળ્યો હતો અને જાણે તેના પગ ખસે નહિ ને જમીન પર ચોંટેલા જ રહે એવા ઇરાદાથી તેમની આજુબાજુ સજડ વીંટળાઇ ગયો હતો. તે સમયે જમીન રૂપી બાજટમાંથી તેના મનોહર ઊંચાનીચા દેહ રૂપી મૂર્તિ હવામાં પ્રગટ થતી જણાતી હતી, અને સહેજસાજ પવનથી નાળ પર ધીરે ધીરે હાલતા મોટા પૂર્ણવિકસિત સ્ત્રીદેહધારી પુષ્પના જેવી તેની શોભા થઇ રહી હતી. અને અચેતન ઘેરા રંગવાળી તેની શાન્ત નિર્ભય આંખો ઉપર મારી નજર પડી કે મને ફરીથી કંપારી આવી. તે આંખો જાણે મને કહેતી હતી: બાયલા બીજાની તળાવડીમાં ઊગતા મારા જેવા સુન્દર કમળને સ્પર્શ કરવાની અવિવેકભરી હિંમત તારામાં પાછી આવી કે ?

પછી એકદમ મેં બાગમાં ભૂસકો માર્યો, અને ઊતાવળે તેના ભણી જઇને બોલ્યો: વત્સતરી, તારો પતિ પાછો આવ્યો છે, મેં એને શોધી

કહાડયો છે, અને તે અત્યારે મારા મહેલમાં છે. તેને જીવાડવો એ મારા ને તારા હાથની વાત છે. તને તેની પાસે તેડી જવાને હું કેટલાંક માણસ લઇને પોતે અહીં આવ્યો છું; અને તારી રૂબરૂ તેની સાથે સોદો કરી, તે માગશે તે કિંમત આપી, હું તને વેચાતી લઇશ. તું નહોતી કહેતી, કે જે વસ્તુ ખરીદી શકાતી નથી તે ચોરી જવાનો પ્રયત્ન કરનાર હું એક ચોર સમાન છું ? હવે આપણે જોવાનું છે કે તે તને વેચશે કે નહિ; હું તને વચન આપું છું કે હું તને સાંધામાં લઇ લઇશ નહિ; કેમકે તારે સટે હું તેને તેનું જીવન બક્ષવાને તૈયાર છું.

આ સાંભળી તે ચમકી; અને હું બોલી રહ્યો ત્યારે તે ચૂપ જ રહી. મેં જોયું કે તે સહેજ ધ્રૂજતી હતી અને તેનો ચહેરો ફીક્કો પડી ગયો હતો. તરત જ ધીમે રહીને તે બોલી: ખરેખર તેં મને મહા સંકટમાં આણી મૂકી છે; અને હવે મારે શું કરવું એ વિષે હું મોટા ગુંચવાડામાં પડી ગઇ છું. હું આવવાની ના કહું તો શું ? મેં ધીરેથી જવાબ દીધો: તારી ગેર-હાજરીને લીધે તારા પતિને ઘણું સોસવું પડશે. અરે ! પીપળ, આ શબ્દો બોલતાંએ મને એની દયા આવી. પણ મેં નિર્દયતાનું બખતર પહેરી લીધું, અને મનમાં કહ્યું: તેને હમણાં જરાક દુઃખ પડશે, પણ તેની ફિકર નહિ: કેમકે થોડી જ વારમાં હું તેનો હજારગણો બદલો વાળી આપીશ.

થોડી વારે નિસાસો નાખી તે ફરીથી બોલી: અનેક વાર જૂઠું બોલનાર અને દુષ્ટ બુદ્ધિવાળા તારા જેવાના વચન પર વિશ્વાસ કેમ રખાય ? છતાં, હું ના પાડું તો બળાત્કારે પોતાની ઉમેદ સહેલાઇથી બર લાવી શકે એવાની સામે પણ શી રીતે થવાય ? તેમ છતાં, એમનું શું થશે તેના મને બ્હીક રહે છે, અને તું કહે છે તે કદાચ ખરૂંએ હોય. તું મને મારા પતિ પાસે જ લઇ જશે એ વાતના સમ ખાય છે ? મેં વિચાર કર્યો: ખરેખરી જાળમાં ફસાઇ છે; અને એનો પતિ મારા વગર બીજો કયો ? હું બોલ્યો: વત્સતરી, જો હું જૂઠું બોલતો હોઉં, તો મારો અધમ યોનિમાં અવતાર હજો ! હા ! પીપળ, હું ધારૂં છું કે દેવે સાંભળ્યું, અને મારા પોતાના જ શાપને અનુસરી મારા વચન પ્રમાણે મને આ હાથીના દેહમાં બાંધી લીધો.

આ સાંભળી તૃષોદધિ મનમાં બોલ્યો: અરે ! જૂઠા રાજા, મને જ મારી વિરુદ્ધનું શસ્ત્ર બનાવી અને તેના પ્રેમની જ જાળ રચી, તેં આખરે તેના સદાચારને નમાવ્યો. અને જાપ જપવા તદન ભૂલી જઇ કથાનો અંત સાંભળવાને તે અધીરો થઇ રહ્યો.

૧૮.

હાથી બોલ્યો: પીપળ, આખરે નાછૂટકે તે કબૂલ થઇ. તે ધીમેથી બોલી: તમારા ભલાને માટે આ જોખમ વહોરવામાં મારી બુદ્ધિ આડે રસ્તે દોરાતી હોય તો, હે નાથ, મારો અપરાધ ક્ષમા કરજો. પછી મને કહ્યું: હું ધારૂં છું કે મારૂં શરીર એની મેળે ચાલી શકશે નહિ, માટે તારે મને ઉંચકી જવી પડશે. અને પછી એકાએક તેને ચકરી આવી, અને છલંગ મારીને તેને પડતાં પડતાં મેં ઝાલી લીધી ન હોત, તો તે મૂર્છા ખાઇ મારા પગ આગળ પડત. તે ચેતન રહિત સ્ત્રીને મેં ઘણી સંભાળથી મારા હાથમાં ઉંચકી લીધી, અને મોહાન્ધતાને લીધે મારાથી રહેવાયું નહિ તેથી મેં તેને એક ચુંબન કર્યું, પણ અરે! તે તો બરફ જેવી ઠંડીગાર થઇ ગઇ હતી. મેં મારી મંડળીને બૂમ પાડી, અને મારા આનન્દભર્યા માર્ગમાં છેલ્લા અન્તરાયરૂપ પેલી દિવાલ પર તેમની સાહ્યથી તેને ચઢાવી, અને ડોળીમાં સુવાડી તેને જલદી મારે મહેલે લઇ ગયો. તે બધો જ વખત આનન્દ ને ક્ષોભથી ઉછાળા મારતા જીવે મારો ઘોડો મેં તેની પાસે જ ચલાવ્યો; પરંતુ તેનો આત્મા પોતાને ત્યાં થાપણ મૂકનારનો દ્રોહ કરવાની સાફ ના કહેતો હોય તેમ દેહથી છૂટો પડી જાણે પાછળ બગીચામાં જ રહ્યો હોય, તેમ તે શબવત્ પડી રહી. અમે મહેલે પહોંચ્યાં એટલે મેં તેને ફરીથી મારા હાથમાં ઉંચકી અંદર લીધી, અને તે જ દશામાં પલંગપર સુવાડી. મારો વિટ રાહ જોઇ ઊભો હતો તેને મેં કહ્યું: એકદમ પંખા લાવ, બરફ ને ચન્દન લાવ, કપૂર ને બીજા સુગન્ધી પદાર્થો લાવ, ચાલ આપણે તેને જાગ્રત કરીએ. પછી હું તેને વા નાંખતો હતો અને બરફ જેવી ઠંડી સુગન્ધ છાંટતો હતો, તેવામાં તે એકાએક હાલી. અને પોતાની પાસે કોણ બેઠું છે તે જાણવા ફાંફાં મારતી હોય તેમ હાથ લાંબો કરી બેળેબેળ સમજાય એવા મન્દ અવાજે બોલી: પાણી! પાણી!

તે જ ક્ષણે મેં ડોકું ફેરવ્યું, અને પોતાની એક આંખે મારા તરફ તાકી રહેલા મારા વિટને જોયો. તે ધીરેથી બોલ્યો: મહારાજ, આપું? મેં કહ્યું: મને આપ, એને હું પોતે જ આપીશ. મેં એના હાથમાંથી પાણી લીધું અને પેલો પ્યાલો તેમાં રેડી દીધો. પછી તે પાણી મેં તેને મ્હોંએ માંડયું અને તે ચસચસીને પી ગઈ. અરે! ધિક છે મને, મેં પાયું, અને તે પી ગઈ. હા! કર્મનાં ફળનો ભયાનક ભેદ શો અદ્ભુત છે; તેની વજ્રસાંકળે બંધાઇને આપણે ફરીએ છીએ અને ભૂલ ખાઇએ છીએ, કયાં જઇએ છીએ તે દેખતા નથી, શું કરીએ છીએ તે જાણતા નથી, અને દેખતી આંખે

ધાર્યા કરતાં ઉલટું જ પરિણામ નીપજાવીએ છીએ. અરે! તેને માત્ર એક ઉઝરડો થતો અટકાવવાને, તેના માથાનો માત્ર એક વાળ ખરતો બચાવવાને હું એક તો શું પણ અનન્ત દેહોનો ત્યાગ કરવાને તત્પર હતો; પરંતુ ભાવિ-બળે મેં પોતે જ આ જ હાથે તેને તે પાણી પાયું, અને તે પી ગઇ. પેલો વિટ હૃદયવહોણા દેહમાં મૂર્તિમન્ત થઇ મનુષ્યદેહધારી દૈત્યની પેઠે જોયા કરતો હતો.

આ સાંભળતાં તૃષોદધિ મનમાં ધીરેથી બોલ્યો: અરે! તારા જેવા હૃદયવાળા થવું તેના કરતાં હૃદયવહોણા હોવું સારૂં છે. અને જાપની વાત તદ્દન વીસરી જઈ તેણે વાતા સાંભળ્યા કરી.

૧૯.

હાથી બોલ્યો: પીપળ, તે પી ગઇ, અને તત્ક્ષણ પલંગમાં પાછી પડી ગઇ, અને દિવસની શશિલેખા કરતાંએ નિસ્તેજ બની ભીંત પર ચીતરેલા ચિત્ર પેઠે નિશ્ચેષ્ટ બની પડી રહી. હું હરખભેર વિજયવાવટો ઉડાવતો મનમાં બોલ્યો: હવે, ઓસડ ઓસડનું કામ ભલે કરે; તે દર્મિયાન હું તે જાગે ત્યાં સુધી તેને નિહાળ્યા કરીશ. હવે, તેનાં સર્વ સંકટનો અવધિ આવ્યો છે; અને પેલા જૂના પતિને બદલે મને સ્વીકારવામાં હવે તેને બિલકુલ વાંધો નડશે નહિ. પછી મેં વિટને કહ્યું: તું હવે ચાલ્યો જા, મને એની સાથે એકલો રહેવા દે; કાલે હું તને ઇનામ આપીશ. જતાં જતાં તે વિટે મારા કાનમાં કહ્યું: મહારાજ, હવે બેડો પાર. થોડી વારમાં તે બધુંજ વીસરી જશે, અને પતિ થવાનો તમારો વારો આવી પહોંચ્યો છે. એમ કહી તેણે અમંગળ સ્મિત કરી મારા સામે ક્ષણભર જોયા કીધું; તે જોઇ મને દુઃખ થયું, કેમકે તેની આંખ સ્મશાનમાં બેઠેલા ગીધની આંખ જેવી લાગતી હતી. અફસોસ! તે વખતે પણ હું સમજી શકયો નહિ. પછી તે ચાલ્યો ગયો, અને તૃષોદધિની પેઠે સંસારના સાગરમાં અલોપ થઇ ગયો. હા! નાસી જવામાં તેણે ડહાપણનું કામ કર્યું, કારણ કે તે સારી પેઠે સમજતો હતો, કે બીજે દિવસે સવારે મેં એને દીઠો હોત તો એનું મોત જ હતું.

તે ચાલ્યો ગયો પછી તે ખંડમાં હું વત્સતરીની સાથે એકલો જ રહ્યો, અને તેના ઊઠવાની રાહ જોતો હતો. રાત્રિ ધીમે ધીમે વધવા લાગી, કલાક પછી કલાક વહી જવા લાગ્યા, અને હું ઉત્કંઠાથી ક્ષોભભર્યે પગલે આમ તેમ ફરવા લાગ્યો, અને વચ્ચે વચ્ચે તેને જોવાને પલંગ આગળ ઉભો રહેતો હતો. પાંજરામાં પૂરેલા વિકરાળ પશુની પેઠે અશાન્ત થઈ હું આમ તેમ ભમવા લાગ્યો. આશા અને અધીરાઇ, અભિલાષ અને વિજય અને હર્ષ, અને સંદેહ અને શંકાના તરંગો પરસ્પર અથડાતાં મારા આત્મામાં

યુદ્ધ મચી રહ્યું અને હું આમતેમ અકળાવા લાગ્યો; તે તરંગો કામાનિલથી ઊછળી મારી રહ્યા હતા, છતાં ઊંઘમાંથી જાગી તે અનિલ અને તેનું તોફાન એક ક્ષણમાં શમાવનાર પેલી મનોહર શશિલેખાના દર્શને શાન્ત ગંભીર થઇ જવાને તે અતીવ ઉત્સુક હતા. તે દરમિયાન, ખરેખરા શશીનું તેજ ધીમે ધીમે વધવા લાગ્યું, અને પોતાની એક લેખા જેવી પેલી મનોહર નિદ્રિત સુન્દરીનો સમાગમ પુનઃ પ્રાપ્ત કરવાને જાણે ઇચ્છતો હોય તેમ તે મારા ખંડમાં કોઈ જાણે નહિ એમ પેઠો. તેને જોતાં હું મનમાં બોલ્યોઃ ખરેખર, ચન્દ્ર ઠીક કરે છે; પોતાની ઇચ્છા ભલે તૃપ્ત કરે; કેમકે એના જેવા પ્રતિસ્પર્ધીની મને ઈર્ષ્યા થતી નથી. પછી મે બધા દીવા હોલવી નાંખ્યા, બધી જાળીઓ ઉઘાડી નાંખી, અને થોડે દૂર એક પલંગ પર બેસી તેનું સૌન્દર્ય નિહાળવા લાગ્યો. સુધાકરના શીળા રૂપેરી તેજમાં નહાતી તેને સૂતેલી જોઇ મારા મનમાં ભક્તિભાવ ઊભરાઇ આવ્યો. બારીઓએ હારબંધ લટકતા ચન્દ્રમણિની દોરીઓના પડછાયા કાપા રૂપે તેના શરીર પર પડતા હતા, અને પાંજરાના સળીઆ જેવા દેખાઇ તેની ઇચ્છાવિરુદ્ધ તેને કેદમાં પૂરતા હોય એમ લાગતા હતા. આ પ્રમાણે હરખમાં ને હરખમાં હું એને નિહાળતો હતો, ત્યારે નીચેની આરસની જમીન પર ઘડીએ ઘડીએ ધીમેથી ઝરતા કપૂરરસનો અવાજ મધુર હાલરડાની પેઠે મારે કાને આવતો હતો; તેથી મારા આત્માનો શ્રમ ને ક્ષોભ ઊતરી ગયો અને આખરે અજાણતાં હું નિદ્રાવશ થઇ ગયો.

પછી ઓચિન્તો હું જાગી ઊઠ્યો, અને ચમકીને જોયું તો ચાંદની લગભગ જતી રહી હતી. તેના પર પડતા ચન્દ્રના શેષ રહેલા છેલ્લા કિરણ વડે જાણે પ્રકાશિત થએલા અન્ધકારમાં મેં તેને પૂર્વવત નિશ્ચેષ્ટ પડી રહેલી જોઇ. હું જોતો હતો તેવામાં એકાએક પાનની પેઠે હું કંપવા લાગ્યો. અને ઢોલના અવાજની પેઠે, મારૂં હૃદય, જાણે તેને જગાડવા ઇચ્છતું હોય તેમ, ધબકતું મને શાન્તિને લીધે સંભળાવ્યું. એકાએક મારાં રૂવાં ઊભાં થયાં, અને કપાળે પરસેવાના ઝેબઝેબ વળ્યા. હું મનમાં બોલ્યોઃ અરે ! આ તો છેક શાન્ત છે, અને બિલકુલ હાલ્યા વગર તે ને તે જ સ્થિતિમાં પડી રહી છે.

અને ભાન વગર તેના ભણી જોતો, અને સાગરનાં મોજાંની પેઠે મારા કાનમાં અથડાતા મારા હૃદયના ધબકારા સાંભળતો હું ઊભો રહ્યો. પછી જે પલંગ પર તે સૂતી હતી ત્યાં આગળ ઘણે ધીરેથી ચૂપકીથી હું એકદમ ગયો. અને કાન દઇ હું તેના પર વાંકો વળ્યો, અને એકાએક મારો હાથ તેને અડક્યો. હા ! પીપળ, આરસની ભૂમિ કરતાં તે વધારે ઠંડી થઈ ગઈ હતી. નષ્ટ થતી ચન્દ્રિકા રૂપી સ્મિતથી જાણે તેણે મને કહ્યું: મહારાજ, અન્તે મારૂં કહેવું ખરૂં જ પડ્યું; મેં તને નહોતું કહ્યું કે તું મારૂં શરીર ચાખી જશે તો મારો આત્મા તેની સાથે નહિ આવે ?

કાળતરંગ.

भिक्षाशनं तदपि नीरसमेकवारं
शय्या च भूः परिजनो निजदेहमात्रम् ।
वस्त्रं च जीर्णशतरन्ध्रमयी च कन्था
हा हा तथापि विषया न परित्यजन्ति ॥

ભીખ માગીને ખાવાનું-તે પણ લૂખુંસૂકું ને એક જ ટંક, જમીન પર સૂવાનું, નોકરચાકરમાં પોતાનો જ દેહ, જૂની ને કાણાં કાણાંવાળી કન્થા પહેરવાની-આવી સ્થિતિ હોય, તોપણ અરેરે! વિષયવાસના જતી નથી.

ત્યાર પછી, એકાગ્ર ચિત્તે સાંભળતો પેલો વૃદ્ધ બ્રાહ્મણ તૃષોદધિ એકાએક ઊભો થઇ ગયો. ઊભા થતાં તેણે હાથી ભણી નજર કરી, અને અરે ! ચપળાના ચમકારાની પેઠે પેલો હાથી ઓચિન્તો અલોપ થઇ ગયો. અને તેને સ્થાને હાથીને બદલે તેણે જીવન્ત દશામાં સ્તમ્ભ ઊભેલો રુરુ રાજા જોયો. તેણે તેને જોયો કે તરત જ રુરુ રાજા હરખભેર બોલ્યો: હાશ ! હવ મારી કથા સંપૂર્ણ થઇ છે અને શાપનો અન્ત આવ્યો છે, અને હાથીના ભયંકર રૂપમાંથી છૂટી મને મારૂં સ્વાભાવિક મનુષ્યનું રૂપ ફરીથી પ્રાપ્ત થયું છે.

આવું અદ્‌ભુત દૃશ્ય જોઇ આશ્ચર્યચકિત તૃષોદધિ તેના ભણી જોતો હતો, તેવામાં એકાએક તેની આંખો ફાટીને બહાર તરી આવી અને તેને આખે શરીરે રૂવાં ઊભાં થયાં. કારણ કે ત્યાં પેલા વૃક્ષની લગોલગ સાક્ષાત વત્સતરી ઊભી હતી. પેલા રુરુ હાથીએ વર્ણન કર્યું હતું તે જ પ્રમાણે ધ્યાન દઇને ઊભી હોય એમ તેણે માથું જરાક નમાવ્યું હતું અને તેની વિશાળ આંખો પૂર્વવત તૃષોદધિ તરફ તાકી રહી હતી. તે જ ક્ષણે આશ્ચર્ય ને મોહમાં રુરુ રાજાએ બૂમ પાડી: વત્સતરી ! શું ! વત્સતરી ! શું ! તું પણ મારા જીવન ઉપરાંત મને પ્રાપ્ત થઇ છે ?

આ સાંભળતાં પેલા વૃદ્ધ બ્રાહ્મણનું હૈયું હરણની પેઠે ઊછળ્યું. અને તેનો મૂળનો ઉદ્દેશ તેમજ જપ સ્વપ્નની પેઠે તેના મનમાંથી નિઃશેષ લુપ્ત થઇ ગયાં. પાંખો જેવાં પગલે તે તેમના તરફ એકદમ દોડ્યો અને બેભાન અવસ્થામાં અતિશય દુઃખ ને નિરાશાથી મોટે સાદે બોલ્યો: અરે ! એ મારી છે. અરે ! ચોર, એ તારી નથી. અરે ! એ તો મારી છે. તે તેમની પાસે ગયો, તેમની વચ્ચે પડ્યો, વત્સતરી ઉપર ઢળી પડ્યો, તેને બે હાથે વળગી પડ્યો, અને શોક પશ્ચાત્તાપ ને હર્ષનાં આંસુ સારતે સારતે તેણે તેને ચુંબન કર્યાં, અને ચુંબન કરતાં બોલ્યો: હે પ્રાણથી પણ વહાલી, હે વત્સતરી, હે ગુણીયલ પત્ની, મારી ભૂલ થઇ છે, મને ક્ષમા કર.

પછી અચરજની વાત એ થઇ કે તેને ગળે પોતાના સુકોમળ હાથ નાંખી પ્રતિચુંબન કરતી તે સ્ત્રી ખડખડ હસી પડી અને તેનો અટ્ટહાસ તૃષોદધિના મ્હોં આગળ ગર્જી રહ્યો. આશ્ચર્યથી તે પાછો ખસ્યો, અને જુએ છે તો તેના ભુજપાશમાં વત્સતરી નહોતી પણ કોઇક અજાણી જ સ્ત્રી હતી ! ઉપહાસભરી આંખે હસતાં હસતાં તે તેના ભણી જોઇ રહી. તે બોલી: હા ! તૃષોદધિ, હું અન્ધ નથી, પણ હું તો તને બરોબર દેખું છું. કોણ વધારે પ્રેમાળ છે—તું કે તારી પત્ની—એ નક્કી કરવું સહેલું નથી. કેમકે એમ જણાય છે કે પેલું વિસ્મૃતિજનક ઓસડ તેને પાવા કરતાં તને પાવાની વધારે જરૂર હતી; તેથી કરીને, તપશ્ચર્યા આગળ સ્ત્રીઓને કંઇ વિસાતમાં ના લેખવનાર પ્રબળ યોગી તું થઇ શકત. ખરેખાત તને વત્સ-

તરી પર અતિશય વહાલ હતું, કેમકે તું તારા જપ જપવાના તદન ભૂલી જ ગયો અને એક ચુંબનને સટે તારો આખો પુણ્યપર્વત આપી બેઠો. છતાં દિલાસા રૂપે હું તને એટલું કહીશ કે તને હરાવનારી સ્વર્ગની અપ્સરા નથી.

એટલું કહી હસતી હસતી તે અદૃશ્ય થઇ ગઇ. મોહવજ્રથી વીંધાઇ ઊભેલા તૃષોદધિએ નજર ફેરવી જોયું એટલે રુરુ પણ અલોપ થઇ ગયા, અને તેને બદલે ભક્તના વેષે તેની સંમુખ ઇન્દ્રને ઊભેલો જોયો. નિષ્ઠુર આંખે તૃષોદધિ ભણી જોઇ તે ધીમેથી બોલ્યો: હે તૃષોદધિ, ડાહ્યા પુરુષો ડહાપણ મેળવવા યત્ન કરે છે અને નમ્રતા તો પામે જ છે. પણ તારી ભક્તિ જુઠી હતી અને કસોટીએ ચઢી શકી નહિ. હવે, તે સ્ત્રીએ કહ્યું તેમ, તારો પુણ્યગિરિ કેવળ નષ્ટ થઇ ગયો છે અને એક ક્ષણિક દુષ્ટ વાસનાને લીધે દાવાનળમાં સૂકા ઘાસના તરણાની પેઠે બળીને ખાખ થઇ ગયો છે અને હમણાં જ પ્રયોગસિદ્ધ થયું તે પ્રમાણે વિષયનું સ્મરણ તારા મનમાંથી લુપ્ત થયું નહોતું, અને તારા આત્માની ભસ્મમાં અભિમાન અહંભાવ ને સ્ત્રીના મોહના તણખા છુપાઇ રહ્યા હતા, અને તેમનો ભડકો કરવાને સ્મરણરૂપી વાની જરા જરૂર હતી. હવે, પુરાણા ઐહિક પ્રેમને લીધે તેં તારી મોક્ષની ઇચ્છા જતી કરી છે અને જપ જપવાના વ્રતમાં ભંગાણ પાડ્યું છે. વળી, સાચી એકાગ્ર પ્રપત્તિને બદલે સ્વાર્થે વૈર ને ખંડિત અભિમાનથી સ્વર્ગને ઉથલપાથલ કરવાની દુષ્ટ ધારણાઓ રચવાનું પાપ પણ તેં વહોર્યું છે. માટે જા, હું તને શિક્ષા કરૂં છું કે તું આ જ ક્ષણે પુંછડી વિનાના કાગડાના દેહમાં પડીશ. પછી તું વાંદરો થશે, પછી કીડો, અને પછી આખરે માંસાહારી રાક્ષસ, અને શિયાળ, અને ચામડીઓ, અને ચંડાળ, અને એવા એવા પાપી આત્માના દેહ તારે ધારણ કરવા પડશે; અને જન્માન્તરની અનન્ત માળામાં અન્તનો પાર પામ્યા વગર તારે એક જળબિન્દુની પેઠે ભટકવું પડશે. કેમકે તારા આ કૃત્યને લીધે તારા આત્માને એવો પાકો ડાઘ બેઠો છે, કે સમુદ્રમાંથી રંગ ને ખારાશ કહાડી શકાય ખરી, પણ તારા આત્માને તેની નિર્મળ સ્વચ્છતા ફરીને પ્રાપ્ત કરાવાય નાહ અને આવો શાહી જેવો કાળો ડાઘ તારા આત્મતત્ત્વમાંથી ટાળી શકાય નહિ.

પછી પેલો ગુન્હેગાર બ્રાહ્મણ ત્યાંથી વીજળીને વેગે અદૃશ્ય થઇ ગયો.

આ પ્રમાણે ઇન્દુશેખરે કથા સમાપ્ત કરી કે તરત જ હિમસુતાએ પુછ્યું: હે ચન્દ્રમૌલિ, વૃક્ષના વેષમાં રહેલી પેલી કપટી કલાનિધિને હાથી રૂપે ઇન્દ્રે જે વાત કહી તે ખરેખરી બનેલી વાત હતી, કે પેલાને ભમાવવાને તેમણે જોડી કહાડેલી વાત હતી ?

મહેશ્વરે ઉત્તર દીધો: હે હૈમવતી, તે તદન સાચી વાત હતી, વિગતવાર સાચી જ વાત હતી. કેમકે ઇન્દ્ર મને પૂછવાને આવ્યા હતો અને

મેં તેને ભૂતકાળના દર્પણમાં તે આખી વાત યથાવૃત્ત બતાવી હતી. વળી, વાર્તાના પરિણામ પરથી પણ તને જણાયું હોવું જોઇએ, કે એ વાત સાચી જ હતી. કારણ કે જે માણસ પોતાના અંગભૂત ઇતિહાસની કથા સાંભળે છે, તે નીર ને ક્ષીરનો વિવેક કરનાર હંસ જેવો ચપળ હોય છે. તે ખરૂં ખોટું એકદમ તારવી કહાડે છે. કથા કહેનારની જરાક ભૂલચૂકથી જો તેને વહેમ પડ્યો હોત અને સંગીતમાંના કોઇ બેસૂરા અવાજ જેવું તેને લાગ્યું હોત, તો તે આખો પ્રપંચ પરપોટાની પેઠે ફૂટીને પકડાઇ જાત. માણસ સાદા સત્યથી જેવો છેતરાય છે તેવો કપટ કે છળથી છેતરાતો નથી.

પાર્વતીએ કહ્યું: ત્યારે પેલા બિચારા વૃદ્ધ બ્રાહ્મણને માટે મને ઘણો શોક થાય છે. તે ઘણો દયાપાત્ર હતો.

ચન્દ્રમૌલીશ્વર બોલ્યા: ના, હિમસુતા, તારી ભૂલ છે. જે બિલકુલ દયાપાત્ર નથી તેના પર તું વ્યર્થ દયા લાવે છે. કારણ કે તેની પત્ની વત્સતરી પર તેને સાચો પ્રેમ હોત—અને વત્સતરી સાચા પ્રેમને યોગ્ય જ હતી—તો તેને પૂછ્યાગાછ્યા વગર, તેનું કહ્યું સાંભળ્યા વગર, માત્ર પોતાની આંખની ભૂલભરેલી સાખને પ્રમાણભૂત માની, તેને કુલટા ઠરાવી, તે તેને મૂકી કદી નાસી ગયો હોત નહિ. આંખની, કાનની, કે બીજી કોઇ ઇન્દ્રિયની ગમે તેવી પ્રબળ સાક્ષી હોય, તોપણ સાચો સ્નેહ તેને બિલકુલ ગણકારતો નથી; કારણ કે તેને પોતાના પ્રેમપાત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા હોય છે, તેને વહેમનો ગન્ધ પણ હોતો નથી, અને તે બીજા ગમે તે કહે તોપણ પોતાની શ્રદ્ધાને વળગી જ રહે છે. પરંતુ ઇર્ષ્યા એ ખોટા પ્રેમની નિશાની છે, અને ખોટો પ્રેમ એટલે રૂપાન્તરે અભિમાન ને અહંભાવ સમજવો. તે કદી દૃઢ હોતો નથી, પણ તૃષોદધિની પેઠે નિરન્તર અસ્વસ્થ રહે છે. જેમ તેનો પ્રેમ સ્વાર્થ ને અભિમાન પર રચાએલો હતો તેમ તેની મહત્ત્વાકાંક્ષા પણ તેવી જ હતી; તેથી તે બન્ને કસોટીએ ચઢતાં તદ્દન નિષ્ફળ નીવડ્યાં. આ પ્રમાણે તે પોતાની પત્ની પર વિશ્વાસ રાખી શક્યો નહિ તેમ તેને ભૂલી શક્યો નહિ, તેથી તે કેવળ તિરસ્કારને પાત્ર છે, કપટમય ને નિર્બળ અનુકરણ કે ડોળથી જેઓ ઉન્નત વિચારોને હલકા પાડવાનો યત્ન કરે છે તેમને માટે ભાવી જે માઠી દશા નિમાણ કરે છે, તેવી દશા તૃષોદધિની થઇ. કેમકે સાચો સ્નેહ પ્રબળ પવનને પણ માથું નહિ નમાવનાર પેલા સામેના ખડક જેવો છે, અને સાચો વૈરાગ્ય કેવળ પોતાના સ્વભાવને જ લીધે—દંભને લીધે નહિ—ઊંચે આકાશની અગમ્ય શાન્તતામાં ઊડતા પેલા ખગ સમાન છે.

અને હવે, મેં કહ્યું હતું તેમ, આ આપણો કૈલાસ આવ્યો અને કથાનો અન્ત પણ આવ્યો.

સચિત્ર સુન્દરી સુબોધ

માટે સેંકડો ઉત્તમ અભિપ્રાયો વિનામાગ્યે ગ્રાહકો, વાંચકો તથા પત્રમિત્રો તરફથી મળ્યા છે: **સસ્તાસાહિત્યવર્ધક મિત્ર-** મંડળના **મંત્રીજી**, તથા ગુજરાતી, **સાંજવર્તમાન**, ગુજરાતી પંચ, **પ્રજાબન્ધુ**, જૈન, કેળવણી, ગુલશન, બુદ્ધિપ્રકાશ, **સત્ય**, **સમા-** લોચક, **સાહિત્ય**, **મહાકાલ**, **મનોરંજન**, **મોડર્ન રિવ્યુ**, ઇન્ડિયન **ઓપિનિયન** (દક્ષિણ આફ્રિકા), તથા ઇન્ડિયન **સોશિયલ** રિફોર્મર, વગેરે સામાયિક પત્રોના **તંત્રીઓએ** આ **માસિકના** કામ માટે ઉંચો મત દર્શાવ્યો છે.

હિન્દુ, જૈન, **પારસી**, ઇસ્લામી, ખ્રિસ્તી તથા **યાહુદી**, સઘળી કોમ અને ધર્મનાં સ્ત્રીપુરુષોમાં આ પત્ર ફેલાવો પામ્યું છે. સાક્ષર વિદ્વાનો તથા શ્રીમાન વ્યાપારીઓ તેમજ સામાન્ય લોક વર્ગમાં તે એક સરખો ઉદાર આવકાર પામ્યું છે; એટલુંજ નહિ પણ આપણાં દેશી રાજ્યોમાં રાજમાતા સાહેબો; રાજકુ- મારીઓ અને રાણી સાહેબોની પ્રીતિ પણ મેળવવાને તે ભાગ્યશાળી થયું છે.

સુન્દરી સુબોધના ગ્રાહકોને અનેક લાભ.

(૧) મ્હોટાં રૉયલ (બત્રીસ અથવા સો) પાનાંનું ઉપયોગી વાંચનથી ભરપુર મ્હોટું માસિક. (૨) સુન્દર ચિત્રોવાળા અંકો. (૩) રસીલું પુસ્તક ભેટ. (૪) ઘણાં ચિત્રો—છબીઓ વાળો ઉત્તમ ખાસ અંક. (૫) સંખ્યાબંધ સ્ત્રીઉપયોગી પુસ્તકો ગ્રાહકોને ઓછી કિંમતે મળે છે. આ ઉપરાંત **ઇનામી હરીફાઇઓ** વગેરે ઘણી તરેહના બીજા લાભ પણ થાય છે.

સ્ત્રી ઉપયોગી ઉત્તમ પુસ્તકો.

સુરસિક....ઉત્કર્ષક....મનોરંજક....સુબોધક:

આ પુસ્તકો દરેક સ્ત્રી પુરુષે ખાસ કરીને વાંચવા લાયક છે.

—:૦:—

યોગિની (અથવા સરસ્વતીના જીવન સુવાસ.) લેખક: **રામમોહનરાય જસવંતરાય,** તંત્રી–સુન્દરી સુબોધ, પરમ પુણ્યશાળી સાધ્વીઓની રસભરી, મધુરી સાંસારિક નવલકથા. (પાકું સોનેરી દસ્કતવાળું પૂઠું.) મૂલ્ય રૂ. ૧—૪—૦.

બાલા—(યોગિનીમાં ચર્ચાયલા સામાજીક પ્રશ્નોની કુલગૂંથણીનું રસીલું અનુસન્ધાનઃ એક રીતે કહીએ તો-યોગિનીનો બીજો ભાગ.) લેખક: **રામમોહનરાય જસવંતરાય,** તંત્રી–સુન્દરી સુબોધ. ઘણુંજ મનોહર, વાંચવા યોગ્ય પુસ્તક. (પાકું સોનેરી દસ્કતવાળું પૂંઠું.) મૂલ્ય: રૂ. ૧—૪—૦.

કમલિની–(મિસિસ સત્યનાધન, એમ. એ. એઓએ ઈંગ્રેજીમાં લખેલી "કમળા" નામની સાંસારિક નવલકથાનું ભાષાન્તર.) ભાષાન્તર કર્ત્તા: **સ્વર્ગસ્થ સૌ. ઊર્મિલા બ્હેન.** આ સંસ્કારી લેખક ભગિનીએ કરેલું સુન્દર ભાષાન્તર જાણે ત્હેમણે નવી નવલ કથાજ લખી હોય એવું રસીલું થયું છે. હિન્દુ સંસારની આ વાર્તા બહુ આકર્ષક છે. મૂલ્ય: રૂ. ૧—૦—૦.

વાર્તાલહરી—(સંપૂર્ણ મધુરી વાર્તાઓનો મનોરંજક સંગ્રહ.) સંપાદક: **બ્હેનો સૌ. "પ્રમીલા" તથા સૌ. અરવિન્દા.** દરેક વાર્તા ન્હાનકડી નવલકથા છે. સ્ત્રી પુરુષોનાં હૃદયની લાગણીઓ અને વૃત્તિઓનું ત્હેમાં અદ્‌ભુત ચિત્ર આલેખાયલું છે. મૂલ્ય: રૂ. ૧—૦—૦.

રસીલી વાર્તાઓ—(સંપૂર્ણ રસભરી વાર્તાઓનો સુબોધક સંગ્રહ) લેખક: **રામમોહનરાય જસવંતરાય, તંત્રી—સુન્દરી સુબોધ** દરેક વાર્તામાં આપણા સાંસારિક જીવનના સુરસ પ્રસંગો ચિત્રાયલા છે. અને ત્હેમાંના દરેકનું પરિણામ કોઈ પણ રીતે સુનીતિ અથવા સદ્‌બોધ આપ્યા વિના રહેતું નથી. "આવાં પુસ્તકો આપણા કુટુંબીજનોના વાંચન માટે જેમ વધારે પસંદ કરવામાં આવે, તેમ અવશ્ય આપણને વધારે સારૂં ફળજ મળવાનું, એ નક્કી છે." મૂલ્ય: રૂ. ૦—૮—૦.

બીજાં ઉત્તમ પુસ્તકો:—

મૃદુલા (ઉત્કર્ષક નવલકથા).	મૂલ્ય: રૂ. ૦—૮—૦
ગીતમાળા—ભાગ ૧ લો.	,, ,, ૦—૬—૦
ગીતમાળા—ભાગ ૨ જો.	,, ,, ૦—૬—૦
અઘોર કામિની દેવી. (સાધ્વી ચરિત્ર.)	,, ,, ૦—૧—૬

દરેક પુસ્તકનું ટપાલ ખર્ચ જૂદું.

સુન્દરી સુબોધ મન્દિર—અમદાવાદ.